પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૩૧-૧૨-૨૦૨૫, બુધવાર
વર્ષઃ ૧૪, અંક : ૨૫૧

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

દુનિયાનો સૌથી સુંદર સબંધ એ જ છે, જ્યાં એક નાની મુસ્કાન અને નાની માફીથી જીંદગી પહેલા જેવી થઈ જાય છે.

**અમદાવાદની સિવિલે ગત વર્ષમાં ૫૦૦ કિડની ટ્રાન્સપ્લાન્ટ કરીને ડંકો વગાડ્યો**

(વાંચો છેલ્લા પાને)

# પોરબંદર-દ્વારકા સહિત દરિયાકાંઠા વિસ્તારમાં ઠંડી વચ્ચે 'માવઠાં'ની મોકાણ!

## વહેલી સવારથી પોરબંદરના સુદામાચોક, એરપોર્ટ, કમળાબાગ, છાયા વિસ્તારમાં તેમજ દ્વારકા, કલ્યાણપુર અને આસપાસના ગામોમાં માવઠું વરસ્યું


તસવીરઃ અશોક થાનકી, પોરબંદર

**અબતક, રાજકોટ**

પોરબંદરમાં ભરશિયાળે વહેલી સવારથી હવામાનમાં પલટો આવ્યો હતો. સવારથી માવઠાં વરસ્યા હતા. પોરબંદરના સુદામાચોક, એરપોર્ટ, કમળાબાગ, છાયા સહિતના વિસ્તારોમાં માવઠું થયું હતું. વહેલી સવારથી જ વાદળછાયું વાતાવરણ છવાયેલું હતું. દ્વારકા, કલ્યાણપુર અને આસપાસના ગામોમાં પણ ઝરમર વરસાદ નોંધાયો છે.માવઠાના કારણે ખેડૂતોની ચિંતા વધી હતી. તે સિવાય બનાસકાંઠાના વાતાવરણમાં પલટો આવ્યો હતો. અમીરગઢ, દાંતા, અંબાજીમાં વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. પાલનપુર, વડગામમાં પણ વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. બનાસકાંઠામાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે.

ગુજરાતમાં વર્ષના અંતે ફરી

(અનુ. આઠમા પાને)

## માવઠાને કારણે શિયાળુ પાક ઘઉં, જીરું અને રાયડાને નુકસાન પહોંચવાની ભીતિઃ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને તળે સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં બે દિવસ કમોસમી વરસાદની આગાહી

### શુક્રવારથી કાતિલ ઠંડીનો રાઉન્ડ શરૂ થશે

શુક્રવારથી રાજ્યમાં ઠંડીનો નવો રાઉન્ડ શરૂ થશે. કોલ્ડ વેવ આવવાની અને તીવ્ર ઠંડી પડવાની પણ શક્યતા છે. ક્લાઈમેટ ચેન્જ અને વાતાવરણમાં થતા ફેરફારોને કારણે આ વર્ષે ઠંડીમાં ઘટાડો અને માવઠાંના વરસાદમાં વધારો જોવા મળી રહ્યો છે. ખેડૂતોને આ વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને જરૂરી તકેદારી રાખવા સૂચના આપવામાં આવી છે.કચ્છના તમામ વિસ્તારોમાં માવઠાની છે. સૌરાષ્ટ્રમાં મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટ, જૂનાગઢ, પોરબંદર, દ્વારકા અને જામનગરના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભાવનગર, અમરેલી અને ગીર સોમનાથમાં સામાન્ય ઝાપટાં પડી શકે છે. જ્યારે ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં માવઠું થઈ શકે છે. દક્ષિણ ગુજરાતમાં વાદળછાયું વાતાવરણ રહેશે અને અમુક જગ્યાએ સામાન્ય ઝાપટાં પડી શકે છે.

# સ્વિગી-ઝોમેટો જેવા ઈ-કોર્મસના લોકો આજે ડિલિવરી નહિ કરે!

## નવા વર્ષની પૂર્વ સંધ્યાના ચમક-ધમક વચ્ચે આજે ઝોમેટો, સ્વિગી, બ્લિંકિટ, ઝેપ્ટો, ફ્લિપકાર્ટ, બિગબાસ્કેટ અને એમેઝોન જેવા મુખ્ય પ્લેટફોર્મ સાથે સંકળાયેલા ગિગ વર્કર્સની દેશવ્યાપી હડતાળ


**અબતક, નવી દિલ્હી**

દેશ અને દુનિયા ૨૦૨૬ ને આવકારવામાં વ્યસ્ત છે, ત્યારે ઓનલાઈન ડિલિવરી પાર્ટનર્સ તેમની ઘટતી કમાણી, અસુરક્ષિત ૧૦-મિનિટ ડિલિવરી મોડેલ, સામાજિક સુરક્ષાનો અભાવ અને અલ્ગોરિધમના દબાણ સામે અવાજ ઉઠાવી રહ્યા છે.

નવા વર્ષની પૂર્વ સંધ્યાના ચમક-ધમક અને ગ્લેમર વચ્ચે આજે ઝોમેટો, સ્વિગી, બ્લિંકિટ, ઝેપ્ટો, ફ્લિપકાર્ટ, બિગબાસ્કેટ અને એમેઝોન જેવા મુખ્ય પ્લેટફોર્મ સાથે સંકળાયેલા ગિગ વર્કર્સે દેશવ્યાપી હડતાળની જાહેરાત કરી છે. આ હડતાળ નવા વર્ષની પૂર્વ સંધ્યાની ઉજવણીમાં ખલેલ પાડી શકે છે, કારણ કે ફૂડ, ગ્રોસરી અને અન્ય ઓનલાઈન ડિલિવરીની માંગ સામાન્ય કરતા ઘણી વધારે છે.

યુનિયનના નિવેદનમાં જણાવાયું છે કે ડિલિવરી કામદારો પ્લેટફોર્મની કરોડરજ્જુ તરીકે સેવા આપે છે, ખાસ કરીને સપ્તાહના અંતે, પીક અવર્સ અને તહેવારો દરમિયાન છતાં તેઓ કામના વધુ કલાકો, અસુરક્ષિત ડિલિવરીની સમયમર્યાદા અને સતત ઘટતી કમાણી જેવા પડકારોનો સામનો કરે છે. ગિગ કામદારો કહે છે કે જ્યાં સુધી કામ કરવાની પરિસ્થિતિઓ, વેતન અને સામાજિક સુરક્ષા સંબંધિત તેમની માંગણીઓ પર ગંભીરતાથી વિચાર કરવામાં નહીં આવે ત્યાં સુધી તેમનો વિરોધ ચાલુ રહેશે.

સ્વિગી દેશની મોટી ડિલિવરી કંપની છે. તેની વાર્ષિક કમાણી આશરે ૧૫,૨૨૭ કરોડ રૂપિયા છે. એટલે કે દરરોજ સરેરાશ ૪૧.૭ કરોડ રૂપિયાનું વેચાણ થાય છે.





### ગિગ વર્કર્સની મુખ્ય માંગણીઓ

૧. લઘુત્તમ વેતન જેટલી ઓછામાં ઓછી ગેરંટીકૃત આવક
૨. કેબ ડ્રાઈવરો માટે પ્રતિ કિલોમીટર ૨૦ રૂપિયાની લઘુત્તમ ચુકવણી સહિત સ્પષ્ટ અને પારદર્શક વેતન વ્યવસ્થા
૩. દિવસના આઠ કલાક કે તેથી વધુ કામ કરવા બદલ ઓવરટાઈમ પગાર
૪. અકસ્માત, બીમારી અને ઈમરજન્સી માટે વીમો અને સામાજિક સુરક્ષા
૫. ''૧૦-મિનિટ ડિલિવરી'' મોડેલને નાબૂદ કરવું, કારણ કે તે ઉતાવળ અને અસુરક્ષિત ડ્રાઈવિંગને પ્રોત્સાહન આપે છે
૬. કામદારોએ સલામત કાર્યકારી વાતાવરણની માંગ કરી છે. તેઓ કહે છે કે શિયાળામાં ગાઢ ધુમ્મસને કારણે મોડી રાત્રે વાહન ચલાવવું જોખમી છે, તેથી ધુમ્મસવાળા હવામાનમાં રાત્રે ૧૧ વાગ્યા પછી ડિલિવરી બંધ કરવી જોઈએ.

# ૧૫ ઓગસ્ટથી શરૂ કરાયેલી પીએમ વિકસિત ભારત રોજગાર યોજનાનો ૨૦ લાખથી વધુ કર્મચારીઓને લાભ મળ્યો

## યોજના હેઠળ આગામી બે વર્ષમાં ૩.૫ કરોડથી વધુ નોકરીઓ ઉભી કરવાનો લક્ષ્યઃ અત્યાર સુધીમાં ૧.૬૩ લાખથી વધુ નોકરી દાતાઓએ પણ લીધો યોજનાનો લાભ



**અબતક, નવી દિલ્હી**

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રાલયે જાહેર કર્યું છે કે પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજનાની શરૂઆત ૧૫ ઓગસ્ટથી થઈ છે અને તેનાથી અત્યાર સુધીમાં ૨૦ લાખથી વધુ નવા કર્મચારીઓને લાભ મળ્યો છે. આ યોજના દેશમાં રોજગારી વધારવા, કુશળતા વધારવા અને સામાજિક સુરક્ષા મજબૂત કરવા માટે શરૂ કરવામાં આવી છે, જેમાં વિશેષ ધ્યાન ઉત્પાદન ક્ષેત્ર પર છે.

મંત્રાલયના વર્ષાંત અવલોકન ૨૦૨૫ અનુસાર, આ યોજનાનો લાભ લીધેલા ૨૦,૭૦,૧૩૫ પ્રથમ વખત નોકરી કરતા કર્મચારીઓ છે. આ ઉપરાંત, ૧,૬૩,૯૯૪ નોકરીદાતાઓને પણ લાભ મળ્યો છે, જ્યારે પ્રધાનમંત્રી

(અનુ. આઠમા પાને)

### કર્મચારીઓ અને નોકરીદાતાઓને કેવી રીતે મળે છે લાભ?

આ યોજના હેઠળ, પ્રથમ વખત નોકરી કરતા કર્મચારીઓને એક મહિનાનું વેતન (મહત્તમ ૧૫,૦૦૦ રૂપિયા) મળે છે. આ તેમને નવી નોકરીમાં પગ મળતા તરત જ આર્થિક મદદ આપે છે, જેથી તેઓ આત્મવિશ્વાસથી કામ કરી શકે. બીજી તરફ, નોકરીદાતાઓને વધારાના રોજગાર આપવા માટે બે વર્ષ સુધી પ્રોત્સાહન મળે છે. યોજનાના નિયમો અનુસાર, જો કોઈ કંપની નવા કર્મચારીઓને ભરતી કરે, તો તેને આર્થિક સહાય મળે છે. ઉત્પાદન ક્ષેત્રના નોકરીદાતાઓને વધારાના બે વર્ષ માટે આ લાભ મળે છે, જેથી તેઓ વધુ રોકાણ કરીને કારખાનાઓ વધારી શકે. ઉદાહરણ તરીકે, જો કોઈ યુવાન પહેલી વખત ફેક્ટરીમાં કામ કરવા જાય, તો તેને તરત જ ૧૫,૦૦૦ રૂપિયા મળે છે. અને તેના માલિકને પણ સરકાર તરફથી પૈસા મળે છે, જેથી તે વધુ લોકોને નોકરી આપી શકે. આ રીતે, યોજના બંને પક્ષોને ફાયદો કરે છે અને દેશની અર્થવ્યવસ્થા મજબૂત બને છે.

### ગીગ અને પ્લેટફોર્મ વર્કર્સ માટે નવી તૈયારીઓ

મંત્રાલય વર્ષાંત અવલોકનમાં જણાવ્યું છે કે, ગીગ ઈકોનોમી અને પ્લેટફોર્મ વર્કર્સ (જેમ કે ઓલા, ઉબર ડ્રાઈવર્સ, ફૂડ ડિલિવરી બોય્ઝ) માટે સામાજિક સુરક્ષાનું ફ્રેમવર્ક તૈયાર કરવામાં આવી રહ્યું છે. આ કામગારોને પણ પેન્શન, આરોગ્ય વીમો અને અન્ય લાભો મળે તે માટે કામ ચાલી રહ્યું છે. અત્યાર સુધીમાં ૧૨ મોટા એગ્રિગેટર્સ (પ્લેટફોર્મ કંપનીઓ)ને યોજનામાં સામેલ કરવામાં આવ્યા છે. આથી, આ કામગારોને પણ ભવિષ્યમાં વધુ સુરક્ષા મળશે.

# ખોટનો વેપલો કરતી ઈ-કોમર્સ કંપનીઓના આઈપીઓ રોકવા એફએમસીજીની સેબીને આજીજી

## આઈપીઓથી મોટા રોકાણકારો નફો કમાઈ જાય અને નુકસાનનો બોજ નાના રોકાણકારો પર પડતો હોવાની રાવ

**અબતક, નવી દિલ્હી**

ભારતના વિતરણકારો અને કિરાણા વેપારીઓનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા એઆઈસીપીડીએફએ બજાર નિયામક એબીને ભલામણ કરી છે કે, નુકસાનીમાં ચાલતી ઝડપી વેપાર (ક્વિક-કોમર્સ) અને ઈ-કોમર્સ કંપનીઓના ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ પર તાત્કાલિક અસ્થાયી રોક મૂકવામાં આવે. આ વિનંતી કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયામાં ચાલી રહેલી તપાસ પૂરી થયા પછી જ આઈપીઓને મંજૂરી આપવાની છે.

એઆઈસીપીડીએફ, જે ૪.૫ લાખથી વધુ વિતરણકારો અને ૧.૩ કરોડથી વધુ કિરાણા અને રિટેલની દુકાનોનું પ્રતિનિધિત્વ કરે છે, તેમણે કહ્યું કે આ કંપનીઓમાં મોટું નુકસાન ચાલુ છે, કેશ ફ્લો નેગેટિવ છે અને તેમના વ્યવસાયની વાસ્તવિક કમાણી સાબિત થઈ નથી. આ કંપનીઓ વિદેશી રોકાણકારોના પૈસા પર ચાલે છે, જેનો ઉપયોગ ગ્રાહકોને ડિસ્કાઉન્ટ, સબસિડી અને મોટા વેરહાઉસ (ડાર્ક સ્ટોર) બનાવવા માટે થાય છે.

સંસ્થાએ કહ્યું કે, ઝોમેટો અને સ્વીગી જેવી કંપનીઓએ વર્ષોના

(અનુ. આઠમા પાને)

# થ્રિ વ્હિલરવાળા ઈલેક્ટ્રિકલ વ્હીકલ ઉપર સબસીડી બંધ કરાઈ

### ઈલેક્ટ્રિક બસ અને ટ્રકમાં હજુ પ્રારંભિક તબક્કો

પીએમ ઈ-ડ્રાઈવ યોજના હેઠળ ઈલેક્ટ્રિક બસ અને ટ્રકના ક્ષેત્રમાં હજુ કોઈ માંગ જોવા નથી મળી. આ વાહનો હાલમાં પરીક્ષણ (ટેસ્ટિંગ)ના તબક્કામાં છે. સરકારના ગણતરી મુજબ, આ યોજનામાં ૧૪,૦૦૦ ઈલેક્ટ્રિક બસ અને ૫,૬૪૩ ટ્રક માટે સહાયની વ્યવસ્થા કરી છે. જો કે, આ ક્ષેત્રમાં વધુ પ્રગતિ માટે સમય જરૂરી છે.

### ચાર્જીંગ સ્ટેશનો ઉભા કરવા જરૂરી

ઓટો ઉદ્યોગના વડાઓએ કહ્યું કે, વીજળીથી ચાલતા વાહનોના વિસ્તાર માટે ચાર્જીંગની સુવિધા (ઈન્ફ્રાસ્ટ્રક્ચર) પર વધુ ધ્યાન આપવું પડશે. આ માટે સર્વિસ પ્રોવાઈડર્સ (સેવા આપનારી કંપનીઓ)ને આગળ આવવું પડશે. જો ચાર્જીંગ સ્ટેશનો વધુ વધે તો જ આ વાહનોનો ઉપયોગ વધશે.

## યોજનાના લક્ષ્ય પ્રમાણે ૨.૯ લાખ વાહનોનું પૂર્ણ થયુંઃ ઈ ઓટો રીક્ષાનો ઉપયોગ હાલ ૩૨% એ પહોંચ્યો

**અબતક, નવી દિલ્હી**

કેન્દ્ર સરકારે પીએમ ઈ-ડ્રાઈવ યોજના હેઠળ ઈલેક્ટ્રિક ઓટો-રિક્ષા પરની સબસિડીને અંત લાવવાનો નિર્ણય લીધો છે. આ યોજનાના લક્ષ્ય પ્રમાણે ૨.૯ લાખ વાહનોનું પૂર્ણ થયું છે. ઓટો રીક્ષા જેવા વીજળી વાહનોનો ઉપયોગ હાલ ૩૨% છે, જે કેન્દ્રના લક્ષ્ય સાથે મેળ ખાઈ રહ્યો છે. હવે આ ક્ષેત્રે પ્રોત્સાહન આપવાનું રાજ્યો પર ઉતારી દેવામાં આવ્યું છે. એક અધિકારીએ કહ્યું, ''આપણું ધ્યેય ૨૦-૩૦% સુધી પહોંચવાનું હતું, જે પૂરું થયું છે. ઉદ્યોગને પણ આમાં કોઈ આક્ષેપ નથી.'' બે પગલાં વાહનો (સ્કૂટર-બાઈક) માટે હાલ પેનેટ્રેશન ૭.૫% છે. અહીં સબસિડી આગામી નાણાકીય વર્ષમાં પણ ચાલુ રહી શકે છે. નવા વર્ષની શરૂઆતમાં આ અંગે અંતિમ નિર્ણય લેવાશે. ટુ વ્હીલર વાહનો માટે લક્ષ્ય ૨૫ લાખ યુનિટનું હતું,

(અનુ. આઠમા પાને)

# લ્યો કરો વાત...ભારત-પાકિસ્તાન યુદ્ધ અટકાવ્યાનો ટ્રમ્પ પછી ચીને પણ દાવો ઠોક્યો

## ઉત્તરી મ્યાનમાર, ઈરાની પરમાણુ મુદ્દો, પાકિસ્તાન-ભારત વચ્ચેનો તણાવ, પેલેસ્ટાઈન અને ઈઝરાયલના મુદ્દાઓ અને કંબોડિયા- થાઈલેન્ડ વચ્ચેના સંઘર્ષમાં મધ્યસ્થી કરાવી હોવાનો ચીનના વિદેશ પ્રધાનનો બાંગો

**અબતક, નવી દિલ્હી**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પછી, ચીને હવે ભારત-પાકિસ્તાન સંઘર્ષ અંગે મોટો દાવો કર્યો છે. ચીન કહે છે કે તેણે ભારત-પાકિસ્તાન યુદ્ધમાં મધ્યસ્થી કરી હતી. ચીનના વિદેશ પ્રધાન વાંગ યીએ મંગળવારે દાવો કર્યો હતો કે ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવ આ વર્ષે ચીને ''મધ્યસ્થી'' કરેલા મુખ્ય સંવેદનશીલ મુદ્દાઓમાંનો એક હતો.



બેઈજિંગમાં આયોજિત આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ અને ચીનના વિદેશી સંબંધો પરના એક પરિસંવાદમાં વાંગે કહ્યું, ''આ વર્ષે, સ્થાનિક યુદ્ધો અને સરહદ પારના સંઘર્ષો બીજા વિશ્વયુદ્ધના અંત પછી કોઈપણ સમય કરતાં વધુ વખત ફાટી નીકળ્યા. ભૂ-રાજકીય ઉથલપાથલ સતત ફેલાઈ રહી છે.'' તેમણે ઉમેર્યું, ''સ્થાયી શાંતિ સ્થાપિત કરવા માટે, અમે ઉદ્દેશ્ય અને તર્કસંગત અભિગમ અપનાવ્યો છે અને લક્ષણો અને મૂળ કારણો બંનેને સંબોધવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.''

ચીનના વિદેશ પ્રધાને કહ્યું, ''મડામારીના મુદ્દાઓને ઉકેલવા

(અનુ. આઠમા પાને)

### એક 'આઈડિયા' દુનિયા બદલ દે...

# આજે વોડાફોન-આઈડિયાને રૂ.૮૩ હજાર કરોડનું ટેક્સ રિલીફ અપાશે?

## કેબિનેટ બેઠકમાં આજે કંપનીને રાહત આપતો મહત્વનો નિર્ણય લેવાય તેવી શકયતા

**અબતક, નવી દિલ્હી**

ભારતની ત્રીજી સૌથી મોટી ટેલિકોમ કંપની વોડાફોન આઈડિયા માટે આજે એક મહત્વનો દિવસ છે. કેન્દ્રીય કેબિનેટ આજે, બુધવારે, કંપનીના એડજ્યુસ્ટેડ ગ્રોસ રેવન્યુ દેવાઓ પર રાહતનો મુદ્દો ચર્ચા કરવાની છે. આ પગલું નુકસાની ભોગતા કંપની માટે એક જીવનરેખા તરીકે જોવામાં આવી રહ્યું છે, જેનું કુલ દેવું ૨ લાખ કરોડ રૂપિયાથી વધુ છે.

સૂત્રો અનુસાર, વોડાફોન આઈડિયાના એજીઆર દેવાઓ આશરે ૮૩,૦૦૦ કરોડ રૂપિયા છે, અને કંપનીએ ટેલિકોમ વિભાગને પુનઃજીવન યોજના તરીકે રાહતની માંગ કરી હતી.

(અનુ. આઠમા પાને)

હમકો મન કી શક્તિ દેના, મન વિજય કરે

# એક ઊંડો શ્વાસ+એક મક્કમ નિર્ણય=મનની સૌથી મોટી જીત


## મનની તાકાત એ દરેક ‘‘ના’’ કહેવાની હિંમતમાં છુપાયેલી છેઃ મજબૂત મન એટલે એવું નહીં કે દુઃખ ન આવે, પણ દુઃખ આવે ત્યારે પણ અડીખમ ઊભું રહી શકેઃ મનની મજબૂતી એ શારીરિક તાકાત કરતાં પણ વધુ મહત્વની છેઃ આધ્યાત્મિક દૃષ્ટિએ મનને પાર કરીને ચેતના સુધી પહોંચવું એ ધ્યાનનો ઉદ્દેશ છે

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦


જીવનમાં સૌથી મોટી લડાઈ મનની અંદર જ થાય છે. જે વ્યક્તિ પોતાના વિચારો અને લાગણીઓ પર નિયંત્રણ રાખી શકે છે, એ જ વ્યક્તિ મુશ્કેલ સમયમાં પણ ટકી રહે છે. આજે વિશ્વમાં અમેરિકા જેવા ઘણા દેશોમાં મેક યોર માઈન્ડ દિવસ ઉજવાય રહ્યો છે, ત્યારે સોશિયલ મીડિયાના માધ્યમથી મોટાભાગના દેશમાં આ દિવસ ઉજવાય રહ્યો છે.સકારાત્મક આત્મ-વાતચીત એ મનની સૌથી મોટી દવા છે. હું નહીં કરી શકુંને બદલે હું હજુ સુધી નથી શીખ્યો કે હું આ કરી શકું છું એવું




બોલવાની આદત બનાવો. તમારું મન તમને જે કહે છે, તેના પર જ વિશ્વાસ કરો છે.

તમારા જીવનનો અંદાજ લગાવો અને તમારે ક્યાંથી શરૂઆત કરવી જોઈએ? સત્ય એ છે કે આ પ્રશ્નનો જવાબ ફક્ત તમે જ જાણો છો. વર્ષનો આ છેલ્લો દિવસ તમારા અત્યાર સુધીના જીવન વિશે વિચારવા માટે થોડો સમય કાઢવાનો, તમે તેનાથી કેટલા સંતુષ્ટ છો, તમે શું બદલાવ લાવશો, અને સૌથી અગત્યનું, તે ફેરફારો થાય તે માટે તમારે કયા નિર્ણયો લેવા પડશે અને તેમને વળગી રહેવું પડશે તે માટે યોગ્ય છે. જીવનમાં દરેક મોટું પગલું ઘણા નાના નિર્ણયોની શ્રેણીથી બનેલું હોય છે, અને તમારે તમારા લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે તેમાંથી દરેક લેવા પડશે.

અસ્વીકારને સ્વીકારવાની ક્ષમતા મનને અજેય બનાવે છે. દરેક વ્યક્તિને ના સાંભળવી પડે છે, નિષ્ફળતા આવે છે. જે લોકો ના-ને આજની ના માને છે નહીં કે હંમેશાની ‘‘ના‘‘ તેઓ માનસિક રીતે વધુ મજબૂત બને છે.રોજ થોડી અસહજતા સહન કરવાની પ્રેક્ટિસ કરો જેમકે ઠંડા પાણીથી નાહવું, વહેલા ઉઠવું, ના કહેવાનું શીખવું, ભૂખ સહન કરવી આ બધી નાની-નાની અસહજતાઓ જ મનની સહનશક્તિ વધારે છે.ધ્યાન અને શ્વાસની કસરત મનનું જિમ છે. દરરોજ ૧૦-૧૫ મિનિટ પણ શાંત બેસીને શ્વાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાથી મનની અસ્થિરતા ઘટે છે અને એકાગ્રતા ખૂબ વધે છે. તમે જે વાંચો છો અને જુઓ છો તે તમારું મન બનાવે છે. સોશિયલ મીડિયાની નકારાત્મકતા, ઝેરી સમાચાર, નીચા સ્તરનું મનોરંજન છોડી દો. સારા પુસ્તકો, પ્રેરણાદાયી વાતો અને જ્ઞાનવર્ધક સામગ્રીથી મનને ભરો. એક સમયે એક જ વસ્તુ પર ધ્યાન આપવાનું શીખો કારણકે મલ્ટીટાસ્કિંગ મનને નબળું બનાવે છે. એક કામ પૂરું કર્યા પછી જ બીજું શરૂ કરવાની ટેવ જ મનની શક્તિ અને આત્મવિશ્વાસ બંને વધારે છે. શરીરને મજબૂત કરો, મન આપ મેળે મજબૂત બનશે. શરીર અને મન એક બીજાના પૂરક છે. નિયમિત નિષ્ફળતા લેવાની હિંમત રાખો જેટલી વખત તમે



નિષ્ફળ થશો અને ફરી ઉભા થશો, એટલું તમારું મન મજબૂત થશે. આજથી જ નાનું પગલું ઉપાડો કારણકે મજબૂત મન એક દિવસમાં નથી બનતું, પણ દરરોજ થોડું થોડું બનાવવાથી બને છે. આપણું જાણીતું વાક્ય છે કે, ‘‘મન હોય તો માળવે જવાય.‘‘ આ કહેવત જ સ્પષ્ટ કરે છે કે ગમે તેટલું બળવાન શરીર હોય, પણ જો મન હારી જાય તો સફળતા મળવી મુશ્કેલ છે. મનની મજબૂતી શારીરિક તાકાત કરતા વધુ મહત્વની છે.વિપરીત પરિસ્થિતિમાં ટકી રહેવાની ક્ષમતા શારીરિક તાકાત તમને વજન ઉપાડવામાં કે દોડવામાં મદદ કરી શકે છે, પરંતુ જ્યારે જીવનમાં મુશ્કેલીઓ, નિષ્ફળતા કે માનસિક તણાવ આવે છે, ત્યારે માત્ર મનની મજબૂતી જ કામ લાગે છે. મક્કમ મન ધરાવતી વ્યક્તિ હાર માન્યા વગર ફરીથી ઊભી થઈ શકે છે.

શરીરનું સંચાલન મન દ્વારા થાય છે. આપણું શરીર એ એક મશીન જેવું છે અને મન તેનો ડ્રાઈવર છે. જો ડ્રાઈવર જ નબળો હોય, તો મશીન ગમે તેટલું શક્તિશાળી હોય તો પણ તે સાચી દિશામાં જઈ શકતું નથી. વૈજ્ઞાનિક રીતે પણ સાબિત થયું છે કે મન મજબૂત હોય તો તે બીમાર શરીરને પણ સાજું કરવાની શક્તિ ધરાવે છે, જેને આપણે વિલપાવર કહીએ છીએ. જીવનના મહત્વના નિર્ણયો લેવા માટે બાવડાના બળની નહીં, પણ મનની સ્થિરતાની જરૂર હોય છે. મનથી મજબૂત વ્યક્તિ દબાણ હેઠળ પણ શાંત રહીને યોગ્ય નિર્ણય લઈ શકે છે, જ્યારે નબળા મનવાળી વ્યક્તિ ગભરાટમાં ભૂલો કરી બેસે છે. મનની મજબૂતી કેળવવાના ઉપાયોમાં નકારાત્મકતાથી દૂર રહો અને હંમેશા હકારાત્મક વિચારો ધરાવતા લોકોના સંપર્કમાં રહો. મનને શાંત અને કેન્દ્રિત રાખવા માટે રોજ ૧૦-૧૫ મિનિટ ધ્યાન કરો.જે પરિસ્થિતિ તમારા હાથમાં નથી, તેનો સ્વીકાર કરતા શીખો. નાના લક્ષ્યો પૂરા કરવાથી આત્મવિશ્વાસ વધે છે, જે મનને મજબૂત બનાવે છે. શારીરિક તાકાત તમને ભીડ માંથી અલગ પાડી શકે છે, પણ મનની મજબૂતી તમને વિજેતા બનાવી શકે છે. ઈતિહાસ ગવાહ છે કે દુનિયામાં જેટલા પણ મહાન પરિવર્તનો આવ્યા છે, તે સ્નાયુઓના જોરે નહીં પણ મક્કમ મનોબળ ધરાવતા વ્યક્તિઓના વિચાર દ્વારા આવ્યા છે. આજના ઝડપી અને તણાવભર્યા જીવનમાં મનની મજબૂતી એ લગભગ ‘‘સુપરપાવર‘‘ જેવું છે. જે વ્યક્તિનું મન મજબૂત હોય છે, તે હાર નથી માનતો, નાની-મોટી મુશ્કેલીઓમાં ટકી રહે છે અને જીવનના દરેક તબક્કે આગળ વધી શકે છે. પરંતુ સવાલ એ છે કે આ મનને મજબૂત બનાવવા નાની-નાની અસહજતાઓને સ્વીકારવાની આદત બનાવો,

મન ત્યારે જ મજબૂત બને જ્યારે આપણે અસહજતા, નિષ્ફળતા, ટીકા, રિજેક્શન જેવી લાગણીઓને આવવા દો, રહેવા દો એમ કહીને સહન કરવાનું શીખીએ. મન ત્યારે મજબૂત થાય છે, જ્યારે આપણે વિચારોને નિયંત્રણમાં લઈએ, નહીં કે વિચારો આપણને નિયંત્રિત કરે. મનના રહસ્યો માનવ મનના અજ્ઞાત ભાગો, જેમ કે અચેતન અને અવચેતન મન, તેમજ ચેતનાની ઉત્પત્તિ વિશેના વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક સિદ્ધાંતો છે. આ રહસ્યો ફ્રોઈડ જેવા મનોવિજ્ઞાનીઓથી લઈને આધુનિક ન્યુરોસાયન્સ સુધી વિસ્તરે છે. ફ્રોઈડના મતે મન ત્રણ સ્તરોમાં વહેંચાયેલું છે, જેમાં ચેતન મન (જેમાંથી આપણે સભાન છીએ), પૂર્વચેતન (યાદ કરી શકાય તેવું) અને અચેતન મન (ગહન ભય, ઈચ્છાઓ). અવચેતન મન યાદો, આદતો અને વિશ્વાસોને સંગ્રહિત કરે છે, જે અજ્ઞાત રીતે વર્તનને પ્રભાવિત કરે છે. આ ભાગો આપણા નિર્ણયોને નિયંત્રિત કરે છે, જેમ કે ભૂતકાળના આઘાતો હાલના ડર તરીકે પ્રગટ થાય છે.

### આધ્યાત્મિક દૃષ્ટિએ ‘‘મન’’ વિચારોનો સ્ત્રોત ગણાય

મનના પાંચ મુખ્ય રહસ્યોમાં ચેતના, સ્વૈચ્છિક નિયંત્રણ, એકીકૃત અનુભવ અને સ્મૃતિનો સમાવેશ થાય છે. ન્યુરોસાયન્સમાં ચેતના મગજની ચોક્કસ કોષ વ્યવસ્થાથી ઉત્પન્ન થાય છે, પરંતુ તે કેવી રીતે થાય છે તે અજ્ઞાત છે. ડોપામાઈન જેવા ન્યુરોકેમિકલ્સ નિર્ણયોને પ્રભાવિત કરે છે, જે મગજના કામના રહસ્યને ખોલે છે. ન્યુરોસાયન્સ મગજ-શરીરના જોડાણથી ચેતનાને સમજાવે છે, જેમાં હૃદય-મગજના સંબંધો મહત્વના છે. આધ્યાત્મિક દૃષ્ટિએ મનને વિચારોના સ્ત્રોત તરીકે જુએ છે, જ્યાં તેને કાબૂમાં લઈ જીવન બદલી શકાય. આ રહસ્યો હજુ અકબંધ છે, જે માનવ વર્તનની જટિલતા દર્શાવે છે.

# જીવનમાં સફળતા, શાંતિ અને આધ્યાત્મિક ઉન્નતિ માટે સત્ત્વ, રજસ અને તમસ ગુણોનું સંતુલન અતિ મહત્વ

**ચિંતનની પાંખે**



**વિઠ્ઠલભાઈ વઘાસિયા**
Vdvaghasia@gmail.com.

ભારતીય તત્વજ્ઞાનમાં, ખાસ કરીને સાંખ્ય અને ભગવદ્ ગીતા જેવા ગ્રંથોમાં, સમગ્ર જગતને ત્રણ મૂળભૂત ગુણો વિશે સમજાવવામાં આવ્યું છેઃ સત્ત્વ (સતો ગુણ), રજસ (રજો ગુણ) અને તમસ (તમો ગુણ). આ ત્રણેય ગુણો કુદરતી, માનસિક અને આધ્યાત્મિક સ્તરે દરેક મનુષ્યમાં રહેલા છે. દરેકની અંદર આ ત્રણેય ગુણો છે, પરંતુ કયા ગુણનો પ્રભાવ વધુ છે તેના આધાર પર મનુષ્યનું વર્તન, વિચારધારા અને જીવનદૃષ્ટિ નક્કી થાય છે. આ ગુણો અગ્નિની ત્રણ અવસ્થાઓની જેમ છે - પ્રકાશ, શક્તિ અને અંધકાર. એમાંથી કોઈ એકને દૂર કરી શકાય તેમ નથી, પરંતુ એને જાણીને સંતુલિત કરવું એ જ જીવનનું મૂલ્ય છે.

**૧. સત્ત્વ ગુણ (સતો ગુણ):** સત્ત્વ ગુણ શાંતિ, શુદ્ધિ અને પ્રકાશનું સ્વરૂપ છે. સત્ત્વ ગુણનું મુખ્ય લક્ષણ શાંતિ, સ્પષ્ટતા, પવિત્રતા, જ્ઞાન અને સંતુલન છે. સત્ત્વ ગુણ વ્યક્તિને સાચા માર્ગે, સત્ય તરફ અને માનવતાવાદી વિચારધારા તરફ દોરી જાય છે. આ ગુણ ધરાવતી વ્યક્તિના વિચાર સ્વચ્છ, ભાષા મૃદુ, અને વર્તન શિસ્તબદ્ધ હોય છે. સત્ત્વ ગુણ ધરાવતી વ્યક્તિ સકારાત્મક વિચારે છે. અજ્ઞાન કરતાં જ્ઞાનને પ્રાથમિકતા આપે છે. હાનિકારક અથવા હઠીલા નિર્ણયો લેતી નથી. આવી વ્યક્તિ સૌમ્ય, મૃદુ અને સમાધાન પ્રિય હોય છે. અન્યના સુખ માટે જીવતી હોય છે.

**સત્ત્વ ગુણના લક્ષણોઃ** સત્ત્વ ગુણ ધરાવતી વ્યક્તિ પૂજા, જપ-તપ, યોગ-ધ્યાનમાં રસ ધરાવે છે. સેવા, દયા, ક્ષમાના ગુણ ધરાવે છે. દૂધ, ફળ, તાજાં શાકભાજી, અનાજ જેવો તેમનો સાત્વિક આહાર હોય છે.

**સત્ત્વગુણ જીવનમાં કેવો પ્રભાવ પાડે છે?**

સત્ત્વ ગુણ વધે ત્યારે મનુષ્ય આત્મજ્ઞાન તરફ આગળ વધે છે. જીવનમાં સંતોષ, સ્થિરતા આવે છે. ઓરા મંડળ તેજ બને છે. વસ્તુઓનું યથાર્થ જ્ઞાન થવા લાગે છે. સ્વ-કલ્યાણની સાથે સાથે જગતકલ્યાણ કરવા પ્રેરાય છે.

**૨. રજસ ગુણ (રજો ગુણ):** ચંચળતા, ઈચ્છા અને પ્રવૃત્તિનું સ્વરૂપ છે. રજસ ગુણ ગતિ અને ઈચ્છાનું પ્રતિનિધિ છે. આ ગુણ વ્યક્તિને કાર્યશીલ બનાવે છે, પરંતુ સાથે સાથે અતિ ઈચ્છાઓ, લાલસા, મહત્વાકાંક્ષા અને અશાંતિ પણ પેદા કરે છે. રજોગુણી વ્યક્તિ હંમેશા કાંઈક હાંસલ કરવા, નામ મેળવવા, મોખરાનું સ્થાન મેળવવા માટે પ્રયત્ન કરતી રહે છે. રજસ ગુણ ધરાવતી વ્યક્તિ સખત મહેનત કરે છે, પણ ઘણીવાર અશાંત જોવા મળે છે. પ્રતિષ્ઠા અને પ્રશંસાની ઈચ્છા વધુ હોય છે. સફળતા-અસફળતા એને માનસિક રીતે વધુ અસર કરે છે. ક્રોધ અને ઉત્સાહ વચ્ચે સતત ફેરફાર રહ્યા કરે છે.

**રજસ ગુણના લક્ષણોઃ** રજસ ગુણ ધરાવતી મોટે ભાગે વ્યક્તિ વેપાર અને સ્પર્ધામાં જોવા મળે છે. રાજકારણ તેમને ગમતી વાત છે. સત્તાની લાલસા રહ્યા કરે છે. દેખાવ અને નામ માટે કાર્ય. રજો ગુણી લોકોના આહારમમાં તીખાં, તેલવાળાં, મસાલેદાર અને ગરમ તેજાના યુક્ત વ્યંજનો વધુ હોય છે.

**રજસ માણસને શું આપે છે?** રજસ માણસને પ્રગતિ તરફ પ્રેરિત કરે છે, નવા કાર્યો કરવા ઉત્સાહિત કરે છે. પરંતુ જો રજસ ગુણનો અતિરેક થાય તો મનુષ્ય તણાવ, ચિંતાઓ, હિંસા, અહંકાર અને અશાંતિમાં ફસાઈ જાય છે. એટલે રજસ જરૂરી છે, તેમ છતાં નિયંત્રિત રહેવું જરૂરી છે.

**૩. તમસ ગુણ (તમો ગુણ):** તમો ગુણ એ અજ્ઞાન, આળસ અને અંધકારનું સ્વરૂપ છે. તમસ ગુણનું મૂળ સ્વરૂપ અંધકાર, આળસ, મોહ, ભય, અને સ્થિરતા છે. આ ગુણ શરીરને આરામ આપે છે, પરંતુ તે વધુ વધે ત્યારે મનુષ્યમાં નિષ્ક્રિયતા, અજ્ઞાન, તર્કહિનતા અને નૈતિક મૂલ્યોની અવગણના જોવા મળે છે. તમસ ગુણ ધરાવતી વ્યક્તિ નિર્ણય લેવામાં ધીમી હોય છે. જવાબદારીથી દૂર ભાગે છે.વિચારોમાં ગૂંચવાયેલી રહે છે. તેમનામાં આળસ અને ઉદાસીનતા વધારે હોય છે. નકારાત્મકતા અને અંધવિશ્વાસ તરફ વળે છે.

**તમસના ઉદાહરણોઃ** તમસ ગુણ ધરાવનાર વ્યક્તિ દારૂ, તમાકુ, ડ્રગ્સ જેવાં વ્યસનની ટેવ ધરાવે છે. આવી વ્યક્તિમાં અતિ નિંદ્રા હોય છે અને આળસુ હોય છે. અંધવિશ્વાસ ધરાવનાર હોય છે. નબળા સંસ્કાર ધરાવે છે. તામસિક લોકોના આહારની વાત કરીએ તો તે વાસી અને પચવામાં ભારે ખોરાક ખાય છે.

**તમસનું પરિણામ શું થાય છે?** તમસ વધવાથી જીવનમાં નૈતિક મૂલ્યનો હ્રાસ થાય છે, સતત કંટાળો અનુભવે છે. તેમનામાં અનુશાસનનો અભાવ જોવાં મળે છે, અર્થહીનતા વધે છે. પરંતુ તમસને સંપૂર્ણ રીતે દૂર કરવો શક્ય નથી, કેમ કે શરીરને આરામ અને નિંદ્રા પણ તમસના કારણે જ મળે છે. એટલે તમસનું પ્રમાણ નિયંત્રિત અને સ્વસ્થ માત્રામાં જરૂરી છે.

**ત્રણેય ગુણો વચ્ચેનું સંતુલનઃ** જીવનમાં સફળતા, શાંતિ અને આધ્યાત્મિક ઉન્નતિ માટે આ ગુણોનું સંતુલન જ અત્યંત મહત્વનું છે. વ્યક્તિએ રજસનો ઉપયોગ કર્મ માટે, સત્ત્વનો ઉપયોગ જ્ઞાન અને દિશા માટે તેમજ તમસનો ઉપયોગ શારીરિક આરામ માટે કરવો જોઈએ.

**આ ગુણોમાં વધારો કે ઘટાડો કેવી રીતે કરી શકાય ?**

**સત્ત્વ ગુણ વધારવોઃ** ધ્યાન, યોગ, સાત્વિક આહાર, સદ્ગ્રંથ વાચન અને સારા સંગ દ્વારા સત્વ ગુણ વધારી શકાય.

**રજસ ગુણ વધારવોઃ** લક્ષ્યાંક નક્કી કરવો અને સિદ્ધ કરવા માટે પ્રયત્ન કરવો, કાર્યક્ષમતામાં વધારો કરવાથી રજસ ગુણમાં વધારો કરી શકાય છે.

**રજસ ઘટાડવોઃ** જરૂરી આરામ, મનને શાંત રાખવાથી અને ઈર્ષ્યા, ક્રોધ ઘટાડવાથી રજસ ગુણમાં ઘટાડો કરી શકાય છે.

**તમસ વધારવોઃ** રાત્રે નિંદ્રા, શરીરને આરામ આપવાથી તમસ ગુણમાં વધારો કરી શકાય છે.

**તમસ ઘટાડવોઃ** સવારનો સૂર્યપ્રકાશ લેવાથી, જરૂરી વ્યાયામ કરવાથી અને સકારાત્મક કાર્ય કરવાથી તમસ ગુણમાં ઘટાડો કરી શકાય છે.

**નિષ્કર્ષઃ** સત્ત્વ, રજસ અને તમસ - એ ત્રણેય ગુણો જગત અને મનુષ્ય સ્વભાવના આધારસ્તંભો છે. કોઈપણ ગુણ સારો કે ખરાબ નથી; તેનું અસંતુલન જ સમસ્યા છે. જીવનમાં સત્ત્વનું પ્રમાણ વધુ, રજસનું નિયંત્રણપૂર્વક અને તમસનું જરૂરી માત્રામાં રહેવુ જ સર્વોત્તમ છે. જો માણસ સત્ત્વને પોતાનું માર્ગદર્શક બનાવે, રજસને કાર્ય માટે વાપરે અને તમસને આરામ માટે નિયંત્રિત રાખે, તો તેનું જીવન સુંદર, સંતુલિત અને આધ્યાત્મિક રીતે સમૃદ્ધ બની શકે છે

## બગસરામાં આડેધડ પાર્કિંગ અને ફેરીયાના સામ્રાજ્યથી પ્રજા પરેશાન



**અબતક, સમીર વિરાણી, બગસરા**

બગસરામાં દિન પ્રતિદિન દબાણ અને ટ્રાફિકની સમસ્યા એક માથાનો દુખાવો સમાન થઈ ગયું છે. અનેક વાર બગસરા ઈન્સ્પેક્શન હોય કે લોક દરબાર જેમાં આગેવાનો દ્વારા દબાણ અને ટ્રાફિક સમસ્યાની હલ કરવા માટે રજૂઆત કરેલ છતાં આ બાબતે કાંઈ પણ થતું નથી. બગસરાના સ્ટેશન રોડ ટ્રાવેલ્સ રોડ બગસરા માર્કેટિંગ યાર્ડ પાસે તથા તાલુકા શાળા પાછળ સુજલ હોસ્પિટલ પાસે ફોરવીલ ચાલકો પાર્કિંગ કરી ચાલ્યા જતા હોય ત્યારે રોડ ઉપર વાહનોના થપા લાગી જાય છે. દબાણની સમસ્યા વધી જતા લોકોમાં બગસરાની આસપાસ પસાર થવામાં મોટી સમસ્યાનો સામનો કરવો પડે છે આ બાબતે જો આગળ કાર્યવાહી કરવાની આવે તો અમરેલી જિલ્લાના કાયદા મંત્રીને પણ સંસ્થા દ્વારા લેખિત જાણ કરવામાં આવશે ત્યારબાદ ના છૂટકે ગાંધી ચીધિયામાર્ગે જવું પડશે તેવું સંસ્થા તથા લોકોમાં ગણગણાટ જોવા મળ્યો છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૩૧-૧૨-૨૦૨૫ બુધવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (અજબ રાતની ગજબ વાત)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રજવાડી શંખ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૬:૦૦ લોયાધામઃ મુક્તમુનિ મહોત્સવ (લાઈવ) day-11 - session -02
૦૬:૦૦ થી ૦૮:૦૦ ગુજરાતી નાટક (કાર્બન કોપી)
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૩૦ શ્રી હનુમાન ચાલીસા યુવા કથા (લાઈવ)
૧૧:૩૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૧-૦૧-૨૦૨૬ ગુરુવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

### તા. ૧-૧ -૨૦૨૬ ગુરૂવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિઃ** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** પોષ શુદ તેરશ ઈ.સ.૨૦૨૬નો પ્રારંભ
**નક્ષત્ર** રોહિણી
**યોગ** શુભ **કરણઃ** કૌલવ
**સુર્યોદય** ૭.૨૬ **સુર્યાસ્તઃ** ૬.૧૪
**ચંદ્ર રાશી** વૃષભ
**રાશિ અક્ષર** બ.વ.ઉ
**દિશાશૂળ** દક્ષિણ દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧.૩૦ થી ૩
**દિવસનાચોઘડીયા** શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ
**રાત્રીનાચોઘડીયા** અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૮ થી ૧.૧૦

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૨૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૬ | ૪ | | | | ૧ | ૫ | |
| | ૧ | | | | ૫ | | ૩ | |
| ૨ | | | ૯ | | | | ૪ | |
| ૪ | | | | | ૭ | | ૧ | |
| ૩ | | | ૫ | | ૯ | | ૮ | ૨ |
| | | | ૧ | ૩ | | | ૬ | ૭ |
| ૧ | ૨ | | | | ૮ | | | |
| | ૫ | | | | | ૬ | | |
| ૬ | ૪ | | ૨ | | | | ૯ | ૫ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૨૪ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૯ | ૨ | ૪ | ૬ | ૩ | ૧ | ૫ | ૭ |
| ૭ | ૫ | ૪ | ૯ | ૧ | ૮ | ૨ | ૩ | ૬ |
| ૧ | ૬ | ૩ | ૭ | ૨ | ૫ | ૯ | ૮ | ૪ |
| ૪ | ૩ | ૭ | ૬ | ૮ | ૨ | ૫ | ૯ | ૧ |
| ૬ | ૧ | ૯ | ૫ | ૩ | ૭ | ૮ | ૪ | ૨ |
| ૨ | ૮ | ૫ | ૧ | ૯ | ૪ | ૬ | ૭ | ૩ |
| ૩ | ૭ | ૧ | ૮ | ૫ | ૬ | ૪ | ૨ | ૯ |
| ૫ | ૪ | ૬ | ૨ | ૭ | ૯ | ૩ | ૧ | ૮ |
| ૯ | ૨ | ૮ | ૩ | ૪ | ૧ | ૭ | ૬ | ૫ |

## આવતીકાલનું રાશિફળ

### તા.૧.૧.૨૦૨૬, ગુરુવાર, સંવંત ૨૦૮૨, પોષ સુદ તેરસ, રોહિણી નક્ષત્ર, શુભ યોગ, કૌલવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ વૃષભ (બ,વ,ઉ) હેશે

**મેષ** (અ,લ,ઈ) : આર્થિક બાબતોમાં સારું રહે, બેન્ક બેલેન્સ વધારી શકો, નાણાકીય લેવડ દેવડમાં લાભ થાય પરંતુ યોગ્ય રીતે હિસાબ રાખવો જરૂરી બનશે.

**વૃષભ** (બ,વ,ઉ) : સવારથી તમારા મનમાં અનેક નવા કાર્યની સૂચિ આવી શકે છે અને તમે તમારા પ્રયત્નથી તમામ કાર્ય સારી રીતે પૂર્ણ કરી શકો, પ્રગતિકારક દિવસ રહે.

**મિથુન** (ક,છ,ઘ) : ગોચર ગ્રહો મુજબ જોઈએ તો બારમે ચંદ્રમા મનને થોડું દ્વિધામાં રાખે છે વળી ખર્ચ પર અંકુશ રાખવો હિતાવહ છે, આવક જાવકનો હિસાબ રાખવો જરૂરી બને.

**કર્ક** (ડ,હ) : થોડા સમયથી તમને કેટલીક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હશો પરંતુ હવે ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, દિવસ લાભદાયક રહે.

**સિંહ** (મ,ટ) : જે મિત્રો વ્યવસાય બાબતે પરેશાન થાય છે તેમને રસ્તો મળતો જોવા મળે, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે સારો અવસર આવી શકે છે, દિવસ લાભદાયક રહે.

**કન્યા** (પ,ઠ,ણ) : આજના દિવસે તમારે મન પાસેથી ઘણું કામ લેવાનું રહેશે, પોઝિટિવ વિચારોથી ખુબ લાભ મળે, આગળ વધવાની તક મળે.

**તુલા** (ર,ત) : પ્રણયમાર્ગે ચાલનારા માટે સારા સમાચાર આવી શકે, વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે છે, દિવસ ખુશનુમા વીતે.

**વૃશ્ચિક** (ન,ય) : નવા અભ્યાસ કે જ્ઞાનને લગતી બાબતોમાં સારું રહે, ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રો માટે સારી તક આવે, પ્રગતિ થાય.

**ધન** (ધ,ભ,ફ,ઢ) : અંગત વ્યક્તિ સાથે મતભેદ થઈ શકે છે વળી હિતશત્રુઓથી સાવધ રહેવું, વધુ વિશ્વાસે ના ચાલવા સલાહ છે.

**મકર** (ખ,જ) : વિદ્યાર્થીવર્ગ ને ઉચ્ચ અભ્યાસમાં સફળતા અપાવતો શુભ દિન, યાદશક્તિ અને એકાગ્રતા વધારવા માટે ધ્યાન કરવું જરૂરી બનશે.

**કુંભ** (ગ,સ,શ) : આજના દિવસે તમારા રસના વિષયોમાં આગળ વધી શકો વળી નવી વસ્તુની ખરીદી થાય, દિવસ આનંદમાં પસાર થાય.

**મીન** (દ,ચ,ઝ,થ) : આજના દિવસે તમે બનાવેલા સબંધો તમને કામ લાગશે, ભાઈ ભાંડુ સુખ સારું રહે, અંગત મિત્રોની મદદ મળી રહે, શુભ દિન.

## વહેલી સવારે ખુલ્લામાં ચાલી સૂર્યની ઉર્જા લેશો તો વર્ષ ૨૦૨૬ તમારૂં જ છે!!!

નવું વર્ષ ૨૦૨૬ શરુ થઈ રહ્યું છે જે સૂર્યનું વર્ષ રહેશે ચાઈનીસ વર્ષ મુજબ ફાયર હોર્સનું આ વર્ષ નવા સંકલ્પથી શરુ કરવાનું વર્ષ છે જેમાં ૧લી જાન્યુઆરી ૨૦૨૬ એ ૧:૧:૧ પોર્ટલ ખોલી આપે છે ત્યારે નવા સંકલ્પ લેતા પહેલા ૧:૧:૧ પોર્ટલની ઉર્જા સમજવી જરૂરી છે જેથી આપણે યોગ્ય દિશામાં કામ કરી શકીએ. ૨૦૨૬ નો ટોટલ પણ ૧ થાય છે માટે ૧:૧:૧ પોર્ટલ ખુલે છે ત્યારે બ્લેન્ક પેપર પર ઓરેન્જ સ્કેચપેનથી ૨૮ વખત એનર્જી વર્ડ્સ TO-GETHER-DIVINE-FIRE HORSE-PHOENIX લખવા અને ત્યારબાદ એ જ પેપર પણ નવા વર્ષ માટેની તમારી ઈચ્છાઓ અને સંકલ્પ લખવા જોઈએ. આ વર્ષમાં તમે ગુમાવેલા પદ અને પ્રતિસ્થા પરત મળી શકે એમ છે એ માટે આપણે ફિનિક્સ પક્ષીને યાદ કરી એની ઉર્જા પણ લેવાની છે માટે એનર્જી વર્ડ્સમાં તેનો ઉપયોગ પણ કરવામાં આવ્યો છે અને દરરોજ આ પેપરમાં લખેલા એનર્જી વર્ડ્સ તમારી ઈચ્છાઓ અને સંકલ્પો રાત્રે સુતા પહેલા તમારે વાંચી લેવા એવું કરવાથી આ ઉર્જા તમને વર્ષ ૨૦૨૬માં પ્રગતિ માં મદદ કરશે અને તમારા પદ પ્રતિષ્ઠા અને ઈચ્છિત વસ્તુઓ સામે થી આવતા જોવા મળશે ત્યારબાદ દ્રઢ સંકલ્પ સાથે મહેનતમાં લાગી જાઓ સફળતા તમારી જ છે!!! વર્ષ ૨૦૨૬ તમને બધું આપવા તૈયાર છે બસ તમારે સૂર્યની ઉર્જા લેવા તૈયાર રહેવું પડશે.



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

### હાર-જીત તો ચાલ્યા કરે, અસલી વિજેતા એ જે મેદાનમાં ઉતર્યા કરે

# ચોટીલા આરોહણ અવરોહણ સ્પર્ધામાં દોડવીરોએ જુસ્સાભેર દોડ લગાવી

## ૩૬૭ ખેલાડીઓએ સ્પર્ધામાં ભાગ લઈ પ્રતિભા અને સાહસ દેખાડ્યું:સાહિલ પંચાળાએ માત્ર ૭.૦૪ મિનિટમાં નવો રેકોર્ડ બનાવી પ્રથમ ક્રમ હાંસલ કર્યો








**અબતક, રણજીતસિંહ ધાધલ, ચોટીલા**

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા ખાતે રાજ્ય સરકાર દ્વારા આયોજિત ૬ઠ્ઠી રાજ્યકક્ષાની ચોટીલા આરોહણ-અવરોહણ સ્પર્ધા ખૂબ જ ઉત્સાહભર્યા વાતાવરણમાં સંપન્ન થઈ હતી. ચોટીલા તળેટી ખાતેથી મહાનુભાવો દ્વારા ફ્લેગ ઓફ આપીને સ્પર્ધાનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું, જેમાં ગુજરાતભરના યુવા ખેલાડીઓએ પોતાની પ્રતિભા અને સાહસનું અદભૂત પ્રદર્શન કર્યું હતું.આ સ્પર્ધામાં ૧૪ થી ૧૮ વર્ષની વયના કુલ ૩૩૭ જુનિયર સ્પર્ધકો (૨૩૩ યુવકો અને ૧૦૪ યુવતીઓ) એ ભાગ લીધો હતો. સ્પર્ધામાં વર્ષો જૂના રેકોર્ડ તૂટ્યા હતા. સાહિલ પંચાળાએ માત્ર ૭.૦૪ મિનિટમાં નવો રેકોર્ડ બનાવી પ્રથમ ક્રમ હાંસલ કર્યો હતો. ગળસર મેહુલ (૭.૦૯ મિનિટ) બીજા ક્રમે અને અજય રાવત (૭.૨૮ મિનિટ) ત્રીજા ક્રમે રહ્યા હતા. અસ્મિતા કટેશીયાએ ૮.૨૩ મિનિટના રેકોર્ડ સમય સાથે પ્રથમ સ્થાન મેળવ્યું હતું. જ્યારે રસીલા જાંબુકિયા (૯.૪૦ મિનિટ) બીજા અને શ્રેયા ભવનીયા (૯.૪૫ મિનિટ) ત્રીજા સ્થાને વિજેતા બન્યા હતા.વિજેતા થયેલા ૧ થી ૨૫ નંબરના ખેલાડીઓને કુલ રૂ. ૩.૩૯ લાખના રોકડ ઈનામો, ટ્રોફી અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ ત્રણ વિજેતાઓને અનુક્રમે રૂ. ૨૫,૦૦૦, ૨૦,૦૦૦ અને ૧૫,૦૦૦ ના પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, નિયત સમય મર્યાદામાં સ્પર્ધા પૂર્ણ કરનાર તમામ ખેલાડીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

### ગિરનાર સ્પર્ધાનો માર્ગ મોકળો

આ સ્પર્ધાના વિજેતા ખેલાડીઓ માટે મહત્વના સમાચાર એ છે કે તેઓ હવે આગામી ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધામાં સીધો ભાગ લઈ શકશે,આ આયોજનથી સ્થાનિક સ્તરે રમતગમત પ્રત્યે જાગૃતિ વધી છે અને યુવાનોમાં સાહસવૃત્તિને નવું બળ મળ્યું છે.

# ચોટીલા નેશનલ હાઈ વે પરની મોમાઈ હોટલ, જય દ્વારકાધીશ હોટલ અને તુલસી હોટલ પર ડિમોલિશન

## ૭ એકર જમીન ખુલ્લી કરી રૂ.૧૯,૭૪ કરોડની સરકારી જમીન ખુલ્લી કરાવતા નાયબ કલેકટર એચ.ટી.મકવાણાએ





**અબતક, રણજીતસિંહ ધાંધલ, ચોટીલા**

ચોટીલા તાલુકાના મોટી મોલડી ,નાની મોલડી અને ચાણપા,ગામે નેશનલ હાઈ વે ૪૭ પર આવેલ મોમાઈ હોટલ ,જય દ્વારકાધીશ હોટલ અને તુલસી હોટલ પર ચોટીલા નાયબ કલેકટર દ્વારા એચ.ટી.મકવાણા બુલડોઝર ફેરવી ૭ એકર જમીન ખુલ્લી કરી રૂ.૧૯,૭૪,૫૭,૦૦૦ કિંમતની સરકારી જમીન ખુલ્લી કરવામાં આવી છે. વધુ વિગત મુજબ નાયબ કલેક્ટર ચોટીલા એચ.ટી. મકવાણા તથા મામલતદાર ચોટીલાની સંયુકત ટીમ દ્વારા ચોટીલા તાલુકાના મોટી મોલડી ગામના સર્વે નંબર.૩૫૩ ઠાકર મંદિર(દિવેલિયુ)ની જમીન પર મોમાઈ હોટલ જેનુ ક્ષેત્રફળ એકર ૦૨(બે) કોઈપણ જાતની પરવાનગી વગર હોટલ બનાવી વાણિજ્ય ઉપયોગ કરવામાં આવે છે.જે પૈકી એકર ૧ ગુ.જમીન પર પાકું બાંધકામ તથા હાઈ વે ને અડીને મોમાઈ હોટલ ચા, નાસ્તા વિગેરે નું સેટ અપ ઊભું કરવામાં આવેલ.

જેના માલિક જેન્તીભાઈ બાબુભાઈ બાવળિયા (રહે.રાજકોટ)વાળા વ્યકિતઓએ હોટલ બનાવી અનઅધિકૃત રીતે દબાણ કરી વાણિજ્ય હેતુ માટે મોમાઈ હોટલ, ચા,પંચર તથા પાન મસાલા તથા કરિયાણા વિગેરે..ની દુકાનો,હોટલમાં કામ કરતા સ્ટાફ ને રહેવા માટેની મકાનો તથા ટોયલેટ બ્લોકસ વિગેરે..તેમજ હોટલ સંચાલકને સદર જગ્યા ખાલી કરવા માટે દબાણ હટાવવા માટે સમય આપવામાં આવેલ તેમ છતાં પણ તેઓ દ્વારા જાતે દબાણ દૂર કરવામાં ન આવતા, નાયબ કલેકટર ચોટીલા એચ.ટી.મકવાણા અને મામલતદાર ચોટીલાની સંયુકત ટીમ દ્વારા નીચે મુજબનું ગેરકાયદેસર પાકા બાંધકામ વાળા દબાણો દૂર કરવામાં આવ્યુ.૭,૨૦ કરોડની કિંમતની સરકારી જમીન ખુલ્લી કરવામાં આવી છે.

ચોટીલાના તાલુકો ચાણપા ગામે રહેતા હામાભાઈ સાદુલભાઈ રબારી દ્વારા સર્વે ન.૧૯ની એકર ૨ સરકારી પડતર જમીન પર કબજો કરી જય દ્વારકાધીશ ચા પાણીની હોટલ બનાવી અનઅધિકૃત રીતે દબાણ કરી વાણિજય હેતુ માટે જય દ્વારકાધીશ હોટલ નું બાંધકામ કરી ઉભી કરેલ હતું.જે નાયબ કલેકટર ચોટીલા એચ.ટી.મકવાણા તથા મામલતદાર ચોટીલાની સંયુકત ટીમ દ્વારા નીચે મુજબનું ગેરકાયદે પતરાના શેડ વાળી હોટલનું દબાણ દૂર કરાવી આશરે ૦૪,૦૪,૭૦ કરોડની કિંમતની સરકારી ખુલ્લી કરવામાં આવી હતી. તુલસી હોટલ કે મોજે.નાની મોલડીના સર્વે ન.૧૨૨ની એકર ૩ જમીન પર કબજો કરી પ્રવીણભાઈ છનાભાઈ સભાયા (રહે.રાજકોટ) છેલા ઘણા સમયથી હોટલ બનાવી અનઅધિકૃત રીતે દબાણ કરી વાણિજ્ય હેતુ માટે તુલસી હોટલ, ચા,પંચર તથા પાન મસાલા ની દુકાનો,હોટલ સ્ટાફ કવાર્ટર વિગેરે.ગેરકાયદે રીતે પાકુ બાંધકામ કરી ઉભી કરેલ હતું.

નાયબ કલેકટર ચોટીલા એચ.ટી.મકવાણા તથા મામલતદાર ચોટીલાની સંયુકત ટીમ દ્વારા નીચે મુજબનું ગેરકાયદેસર પાકા બાંધકામ સરકારી જમીનમાંથી દુર કરાવી આશરે ૮,૪૯ કરોડની જમીન ખુલ્લી કરવામાં આવેલ.ઉકત તમામ ગેરકાયદેસર બાંધકામનુ કુલ ક્ષેત્રફળ એકર ૭ જમીન થાય છે.જેનું હાલની બજાર કિંમત રૂ.૧૯,૭૪,૫૭,૦૦૦ કિંમતની સરકારી જમીન ખુલ્લી કરવામાં આવી છે. આ ગેરકાયદે પાકા બાંધકામ ઘણા સમયથી કરેલ છે તે અંગેની તપાસ કરી, વાર્ષિક બિનખેતીના જંત્રીના ૧% ના દરે વસૂલાત કરવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

### આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ ૨૦૨૫ ઉજવણી અંતર્ગત

# બગસરા નાગરિક શરાફી મંડળીનું ઐતિહાસિક ગૌરવ :ચેરમેન રશ્વિનભાઈ ડોડિઆનું રાજ્યસ્તરીય સન્માન





## સહકારથી સમૃદ્ધિ તરફનું શ્રેષ્ઠ ઉદાહરણ: બગસરા નાગરિક શરાફી મંડળી બની ગુજરાતમાં નંબર વન

**અબતક,સમીર વિરાણી, બગસરા**

સમગ્ર દેશભરમાં ઉજવાઈ રહેલા આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ ૨૦૨૫ અંતર્ગત સહકારી ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર સંસ્થાઓને વિશેષ માન્યતા આપવામાં આવી રહી છે. આ અંતર્ગત ઉતર ગુજરાત વિભાગના મહેસાણા જિલ્લાના લીચ મુકામે ઉમીયા કો-ઓપરેટીવ કેડીટ સોસાયટી લી.ના સ્થાપનાના ૩૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ત્રિ-શતાબ્દી મોતી ઉત્સવનું ભવ્ય અને ઐતિહાસિક આયોજન કરવામાં આવ્યું હતું.આ ભવ્ય સમારોહ દરમિયાન બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીના સ્થાપક ચેરમેન રશ્વિનભાઈ ડોડિઆને વર્ષ ૨૦૨૫માં સમગ્ર ગુજરાત રાજ્યમાં પ્રથમ ક્રમાંકની મંડળી તરીકે પસંદ થવા બદલ અદકેરું અને ગૌરવમય સન્માન આપવામાં આવ્યું હતું. તેમની દિશાદર્શક નેતૃત્વ ક્ષમતા, પારદર્શક વ્યવસ્થાપન, સભાસદ કેન્દ્રિત કાર્યશૈલી અને સહકારી મૂલ્યો પ્રત્યેની નિષ્ઠાના પરિણામે મંડળીએ આ સિદ્ધિ પ્રાપ્ત કરી હોવાનું વક્તાઓએ જણાવ્યું હતું.

આ કાર્યક્રમ મહેસાણાના સાંસદ હરિભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. કાર્યક્રમમાં સહકાર ભારતીના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તેમજ કુભકો, ન્યુ દિલ્હી ડિરેક્ટર કાંતિભાઈ પટેલે સહકારી ક્ષેત્રની ભૂમિકા અને ભવિષ્ય અંગે માર્ગદર્શન આપ્યું હતું. મહેસાણા જિલ્લા સહકારી સંઘના ચેરમેન રાજેન્દ્રભાઈ પટેલે બગસરા નાગરિક શરાફી મંડળીની કામગીરીને અન્ય સંસ્થાઓ માટે આદર્શ ગણાવી હતી.આ અવસરે મહેસાણાના ધારાસભ્ય મુકેશભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય સુખાજીભાઈ રાઠોડ, સંયુક્ત રજીસ્ટ્રાર ગાંધીનગર જે.જે. શાહ, ઉમીયા ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટીના ચેરમેન પી.કે. પટેલ સહિત રાજકીય, સહકારી તથા સામાજિક ક્ષેત્રના અનેક અગ્રણી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં પાંચ હજારથી વધુ સહકારી ક્ષેત્રના સભાસદો, ડિરેક્ટરો અને પ્રતિનિધિઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

સમારોહ દરમિયાન સહકારથી સમૃદ્ધિ તરફના સૂત્રને મજબૂત બનાવતા સહકારી આંદોલનને વધુ ગતિ આપવા સૌએ સંકલ્પ લીધો હતો. બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીની સતત પ્રગતિ, આર્થિક મજબૂતી અને વિશ્વસનીયતાને વિશેષ વખાણ મળ્યા હતા.

આ સન્માનથી બગસરા શહેર તેમજ સમગ્ર અમરેલી જિલ્લાનું નામ રાજ્યભરમાં ગૌરવપૂર્વક ઉજાગર થયું છે અને સહકારી ક્ષેત્રે નવી પ્રેરણા મળી છે.


### જાહેર નોટીસ

નં.મજસ/કે.નં.૯૦૭/૨૦૨૫ — ૨૬/૧૨/૨૦૨૫
શ્રી રાજાભાઈ મેરામણભાઈ ગળચર,
રહે, કુકસવાડા મુ-કુકસવાડા .........અરજદાર

વિરૂધ્ધ

શ્રી જન્મમરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, કુકસવાડા .........સામાવાળા

**વિષય :- જન્મ-મરણ નોંધણી (સુધારા) અધિનિયમ-૨૦૨૩ની કલમ -૧૧(૩) (મુળ કાયદાની કલમ-૧૩(૩) અન્વયે જન્મ/મરણ નોંધ કરાવવા માટે હુકમ મેળવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ - મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે. અરજદારશ્રી ના પિતા મેરામણભાઈ દીતાભાઈ ગળચરનું મરણ તા.૧૩/૦૨/૧૯૯૯ મુ. કુકસવાડા તા.માળીયા હાટીના જિ.જુનાગઢ મુકામે થયેલ હોવાનું જણાવી રજુઆત કરેલ છે કે, તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે સદર અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમોને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફતે મુદત તા.૦૨/૦૧/૨૦૨૬ના રોજ ૧૨:૦૦ કલાકે બપોરે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, માળીયા હાટીના ખાતે બીનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર કરશો તો આગળની કાર્યવાહી હાથ ઘરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
માળીયા હાટીના


# ગણેશ ગોંડલનાં જન્મદિવસે રોજગાર મેળાનું આયોજન

## ઈન્ડસ્ટ્રીયલ કંપનીઓ હાજર રહેશ૧૫૦૦ થી વધુ અરજદારોનું રજીસ્ટ્રેશન

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલનાં ધારાસભ્ય ગીતાબા જયરાજસિંહ જાડેજાનાં પુત્ર અને યુવા અગ્રણી ગણેશભાઈ ઉર્ફે જ્યોતિરાદિત્યસિંહ જાડેજાનાં ૨૭માં જન્મદિવસને અનુલક્ષીને રોજગાર મેળાનું આયોજન કરાયું છે.જેને લઈને ઈન્ડસ્ટ્રીયલ કંપનીઓ સાથે કરાર થઈ રહ્યા છે.

સામાન્ય રીતે જન્મદિવસ નિમિત્તે અનેક ભભકા કે દેખાડા કરાતા હોય છે.

પરંતુ ગણેશભાઈ દ્વારા પોતાના જન્મદિવસને કંઈક જુદી રીતે જ ઉજવવાનાં સંકલ્પ સાથે બે રોજગાર યુવાનો ને રોજીરોટી મળી રહે તે હેતુથી રોજગાર મેળાનું આયોજન કરાયુ છે.

રોજગાર મેળાનાં આયોજન અંગે ગણેશભાઈએ જણાવ્યું કે ગોંડલ વિસ્તારનાં પંદરસોથી વધુ નોકરી વાંછુક યુવાનોની અરજીઓ આવી છે. જેમા અભણથી લઈ ગ્રેજ્યુએટ તથા પીએચડી સુધીનાં અરજદારો સામેલ છે.

સંગ્રામસિંહ હાઈસ્કૂલનાં મેદાનમાં તા.૧ જાન્યુઆરીનાં સવારે દશ કલાકે યોજાનાર રોજગાર મેળામાં ગોંડલ આસપાસની પચાસથી વધુ કંપનીઓ હાજર રહી કોમ્પ્યુટર, ઈલેક્ટ્રિકલથી લઈ ચોકીદાર સુધીનાં લાયકાત મુજબનાં ઉમેદવારોનાં ઈન્ટરવ્યું લઈ એપોઈમેન્ટ અપાશે.



કોઈ અરજદાર રોજગાર મેળામાં પરેશાન ના થાય તે માટે ટીમ ગણેશ વ્યવસ્થા જાળવશે.

શ્રમ રોજગાર વિભાગ રાજકોટ દ્વારા રોજગાર મેળામાં ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.

ગોંડલ માં પ્રથમવાર રોજગાર મેળાનું આયોજન થઈ રહ્યું હોય ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે.


ઓનલાઈનની જાહેર નિવિદા
વિધુત માર્ગ અને મકાન પેટા વિભાગ રાજકોટ
: : જાહેર નિવિદા નં.૧૮/૨૦૨૫-૨૬ : :
(ફક્ત વિધુત ઈજારદારો માટે)

નાયબ કાર્યપાલક ઈજનેર શ્રી વિધુત (માઅનેમ) પેટા વિભાગ, રાજકુમાર કોલેજ સામે, ડો. યાજ્ઞિક રોડ રાજકોટ-૩૬૦૦૦૧ ફોનનં. ૦૨૮૧-૨૪૮૦૬૮૦ કચેરીએથી વિજળીકરણને લગત જુદા-જુદા કામો કે જેની અંદાજીત કિંમત રૂ/.૦.૩૦ લાખ થી ૯.૯૯ લાખ સુધીની છે. તેના માટે ઓનલાઈન પ્રસિધ્ધીથી ટેન્ડરો માંગવામાં આવે છે. ટેન્ડરો વેબ સાઈટ ઉપર તા.૦૧-૦૧-૨૦૨૬ બાદથી ઓનલાઈન જોવા મળશે. ટેન્ડરની વધારાની વિગતો ટેન્ડર ડોક્યુમેન્ટની વેબસાઈટ https://mb.Nprocure.com ઉપરથી મેળવી શકાશે. તેમજ વિગતવાર નોટીસ આ કચેરી નાં નોટીસ બોર્ડ ઉપરથી જોઈ શકાશે. આવેલા ટેન્ડરો પૈકી એક કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો આપ્યા સિવાય રદ કરવાનો અધિકાર સક્ષમ અધિકારીશ્રીને અબાધિત રહેશે.

માહિતી -રાજ- ૧૫૩૩ -૨૦૨૫-૨૦૨૬ — ના.કા.ઈ. વિધુત પેટા વિભાગ રાજકોટ.



HINDUJA HOUSING FINANCE

કોર્પોરેટ ઓફિસ : નં. ૧૬૭-૧૬૯, બીજો માળ, અન્ના સલાઈ સૈંદાપેટ, ચેન્નાઈ-૬૦૦૦૧૫
બ્રાન્ચ ઓફિસ : ત્રીજો માળ, ઈફ્ફકો ભવન, મારૂતિ કોમ્પલેક્ષ પાછળ,
પીન્ટુ ગાર્મેન્ટ પાછળ, શિવરંજની ચાર રસ્તા પાસે સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
સૌરભકુમાર નાપીત મો. ૮૭૯૦૦૨૯૩૮૪, વિકાસ સાવરીયા મો. ૭૯૮૪૯૮૨૯૦૪, હીતેષકુમાર પટેલ મો.૭૦૪૮૩૩૬૬૦૧
સુશીલ ચૌધરી મો. ૮૧૧૮૮૧૮૧૬૦, નિતીન સમુદ્રે મો. ૮૧૨૮૩૧૦૬૭૮, ત્રિશુલ પટેલ મો. ૯૬૬૪૬૯૨૯૨૩,
શિવમ મિશ્રા મો. ૯૦૩૩૦૧૫૨૭૭ ઇ-મેલ: auction@hindujahousingfinance.com

**સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી જાહેર સૂચના ઈ-હરાજીથી વેચાણ નોટીસ**

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની સાથે વંચાણે લેતા સિક્યુરિટી ઈન્ટેરેસ્ટ એક્ટ ૨૦૦૨ના રૂલ ૮(૬)ની જોગવાઈ હેઠળની ઈ-ઓકશન સેલ નોટીસ આવી જાહેર જનતાને અને ખાસ નીચે જણાવેલા દેવાદાર(રો) અને જામીનદાર(રો)ને નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનાર હિન્દુજા હાઉસીંગ ફાયનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારીએ નીચે જણાવેલ દેવાદાર(રો) પાસેથી લેણી રકમની વસુલાત માટે સાંકેતિક કબજો લીધેલી નીચે જણાવેલી સ્થાવર મિલકતનોનું વેચાણ કરવા માટે ઈચ્છુક બિડર્સ પાસેથી સીલબંધ કવરમાં નીચે જણાવેલી **સાંકેતિક કબ્જાવાળી** મિલકતો માટે - જ્યાં છે ત્યાં છે ધોરણે, જેમ છે જે છે ના ધોરણે અને જે છે ત્યાં છે ના ધોરણે ઓફરો મંગાવે છે. જેની વિગતો મુજબ છે :

| નં. | ઉધારકર્તાઓ/સહ-ઉધારકર્તાઓ/જામીનદારોના નામ | લોન ખાતા નં. | ડીમાન્ડ નોટીસ તારીખ અને રકમ | પજેશનની તારીખ અને પ્રકાર | મિલકતના નિરીક્ષણની તારીખ, સમય અને ઈએમડી તારીખ | રીઝર્વ કિંમત | અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી-રકમ ૧૦% પ્રમાણે) |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ઉધારકર્તા :(૧) શ્રીમતી સોનીબેન ખિયાણી સહ-ઉધારકર્તા: (૨) શ્રી એઝાજ ખિયાણી | GJ/RJK/JMNR/A000000088 | તા. ૧૭/૦૭/૨૦૨૫ રૂા. ૨૪,૬૫,૬૭૯/- | ૧૫/૧૦/૨૦૨૫ સાંકેતિક કબજો | ૧૭/૦૧/૨૦૨૬ સમય ૧૧.૦૦ થી ૨.૦૦ | રૂા. ૪૯,૦૩,૨૦૦/- | રૂા. ૪,૯૦,૩૨૦/- |

**સ્થાવર મિલકતનું વર્ણન/સિક્યોર્ડ એસેટ્સ :** ગુજરાત રાજ્યના **રાજકોટના પેટા જિલ્લા અને રેજી જિલ્લામાં** સિટી સર્વે વોર્ડ નં.૧૭ માં, સિટી સર્વે નં.૮૮ ના જંકશન પ્લોટ શેરી નં.૮/૧૧ ના આશરે ૧૨૫-૪૨ ચોરસ મીટર વિસ્તાર ધરાવતી જમીન પર બાંધવામાં આવેલ રહેણાંક ટેનામેન્ટ તરીકેની મિલકતના પીસ અને પાર્સલ, જે નીચે મુજબ સીમા ધરાવે છે; પૂર્વ: જંકશન પ્લોટ શેરી ૮ રોડ, પશ્ચિમ: મોરબી હાઉસ રોડ, ઉત્તર: અન્ય મિલકત, દક્ષિણ: જંકશન પ્લોટ શેરી ૧૧ રોડ

શરતો અને નિયમો :૧.બંધ કવરમાં બીડ/ઓફર મોકલવાની છેલ્લી તારીખ નિશ્ચિત ટેન્ડર ફોર્મસ સાથે ઈએમ્ડી અને કેવાયસી સાથે **તા. ૦૨-૦૨-૨૦૨૬ ના રોજ ૫.૦૦ વાગ્યા પહેલા** ઉપર જણાવેલા સરનામે મોકલવાના રહેશે અથવા આ વેબ સાઈટ ઉપર અપલોડ કરી શકાય: **https://sarfaesi.auctiontiger.net** અધુરા ટેન્ડર કે વિતી મુદતે મળેલા ટેન્ડર અમાન્ય ગણાશે અને તેથી તે રદ કરવામાં આવશે ઈએમડી પર કોઈ વ્યાજ આપવામાં નહીં આવે.૨. મિલકત માટે બીડ/ઓફર ખોલવાની તારીખ (હરાજીની તારીખ): **૦૩-૦૨-૨૦૨૬ ના https://sarfaesi.auctiontiger.net** ઉપર **બપોરે ૩.૦૦ થી ૫.૦૦ કલાકે** ટેન્ડર ખોલવામાં આવશે.૩. ઉપર જણાવેલી મિલક્ત પર રહેલી કોઈ પણ પ્રકારની જવાબદારીઓ માટે હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ જવાબદાર રહેશે નહીં મિલકતનું વેચાણ જયાં છે ત્યાં છે ધોરણે, જેમ છે જે છે ના ધોરણે અને જે છે ત્યાં છે ના ધોરણે કરવામાં આવશે.૪ . ડીમાન્ડ ડ્રાફ્ટ હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડની તરફેણમાં નાવવાનો રહેશે.૫. ઓકશન/બીડીંગ માત્ર ' ઓન લાઈન ઈલેક્ટ્રોનિક બીડીંગ દ્વારા જ **https://sarfaesi.auctiontiger.net** ઉપર થશે.બીડરોને વેબસાઈટની મુલાકાત લઈ વિગતવારનિયમો અને શરતો જાણી લીધા બાદ જ ઓકશન પ્રક્રિયામાં ભાગ લેવાની સલાહ છે.૬. રસ ધરાવનાર બીડરોએ તેમના નામ સર્વિસ પ્રોવાઈડર મે.સી વન પ્રા.લિ.ના પોર્ટલ ઉપર મળનારી લીંક **www.auctiontiger.in** ઉપર નોંધાવી તેમના યુઝર આઈડી, પાસવર્ડ વિના મુલ્યે મેળવી લેવા, સંભવિત બીડરો ઈ-ઓકશન માટેની ઓન લાઈન તાલીમ પણ સર્વિસ પ્રોવાઈડર મે. ઈ-પ્રોક્યોરમેન્ટ ટેકનોલોજીસ પ્રા. લિ. (ઓકશન ટાઈગર) ની વેબસાઈટ **https://sarfaesi.auctiontiger.net** ઉપરથી મેળવી શકશે.૭. વધુ જાણકારી માટે હિન્દુજા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી શ્રી સૌરભકુમાર નાપિત સંપર્ક નં.૮૭૯૦૦૨૯૩૮૪ શ્રી હિતેશકુમાર પટેલ સંપર્ક નં.: ૭૦૪૮૩૩૬૬૦૧ શ્રી નીતિન સમુન્દ્રે સંપર્ક નં.: ૮૧૨૮૩૧૦૬૭૮, ત્રિશુલ પટેલ મો.૯૬૬૪૬૯૨૯૨૩ અથવા સર્વિસ પ્રોવાઈડર મે.ઈ-પ્રોક્યોરમેન્ટ ટેકનોલોજીસ પ્રા.લિ.(ઓકશન ટાઈગર) હેડ ઓફિસ :બી-૭૦૫, વોલ સ્ટ્રીટ-II, ઓરીએન્ટ ક્લબ સામે, ગુજરાત કોલેજ પાસે, એલિસ બ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬ ગુજરાત (ઈન્ડિયા) (સપર્ક નં. ૯૨૬૫૫૬૨૮૧૯ / ૯૨૬૫૫૬૨૮૨૧) નો સંપર્ક કરી શકે છે. સપોર્ટ **support@auctiontiger.net,**, શ્રી રામ શર્મા મોબ. ૮૦૦૦૦૨૩૨૯૭. ઇમેઇલ કરો: **ramprasad@auctiontiger.net** હજુ સુધી હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ ના અધિકૃત અધિકારીને સુરક્ષિત મિલકતોના વેચાણ અટકાવવાનો કે ફેરફાર કરવા અંગેનો કોઈ કોર્ટનો આદેશ મળ્યો નથી.૮. વધુ માહિતી તથા નિયમો અને શરતો અને વેચાણ માટેના નિયમો અને શરતો માટે ની માહિતી વેબસાઈટ **https://sarfaesi.auctiontiger.net** ઉપરથી મેળવી શકશે.૯. ઓક્સન માં બોલી વધારાની રકમ રૂ.૧૦૦૦૦/- રહેશે.

**સ્થળ : રાજકોટ**
**તારીખ : ૩૧/૧૨/૨૦૨૫**

**નોંધ : વિવાદની સ્થિતીમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે.**

**અધિકૃત અધિકારી,**
**હિન્દુજા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**

## તંત્રી લેખ

# રાજકોટ રાંક: નેતાઓ કાર્યરત બની ગયા!

એક સમયે જયાં સૌરાષ્ટ્રની વિધાનસભા બેસતી હતી. ગુજરાતને ત્રણ - ત્રણ મુખ્યમંત્રી, રાજયપાલની ભેટ આપનારૂ સૌરાષ્ટ્રનું પાટનગર ગણાતું રાજકોટ શહેર હાલ રાજકીય રિતે રાંક બની ગયું છે. શહેરીજનોના હૈયામાં ભાજપનું કમળ ચિત રાય ચૂકયું છે.

ભાજપ માટે રાજકોટ એક રાજકીય પ્રયોગ શાળા ગણાય છે. પરંતુ હવે સ્થિતિ નાજુક બની છે. ભાજપમાં એક સમયે જે શહેરનો સુરજ મધ્યાહને તપતો હતો તે આજે રાજકીય ક્ષેત્રે રાજકોટ અનાથ બની ગયું છે. પાંચ લાખથી વધુ કાર્યકરોના ઉપરાણા લેવાવાળુ કોઈ રહ્યું નથી. પોતાની જાતને મોટા નેતા માનીને ફરનારાઓના જુથવાદના કારણે ઝબ્બા ટુંકા થઈ ગયા છે. નેતાઓ હવે કાર્યકર બની ગયા છે.

અર્ધો ડઝન જુથના કારણે માંત્ર ગાંધીનગર જ નહી છેક દિલ્હી સુધી રાજકોટનું નામું નખાય ગયું છે. ચાર ધારાસભ્યો, બે સાંસદ, ૬૮ કોર્પોરેટરો જે માત્ર ભાજપના છે છતાં રાજકોટને કોઈ મુશ્કેલી ઉભી થાય તો સરકાર કે સંગઠનમાં વટથી કહી શકે અને જેનો વજન પડે તેવું કોઈ રહ્યું નથી. તમામ નેતાઓને પોતાનું મોટું થવું છે. રાજકોટને મોટપ મળે તેવું કામ કરવું નથી. હાઈકમાન્ડ વિરોધ પક્ષ માટે કામ આસાન કરી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. જો કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી મહેનત કરે તો ૧૦૦ ટકા સફળતા મળી શકે તેમ છે.

પોતાને સિંહ માનનારા નેતાઓ હવે મ્યાંઉ કરવાની સ્થિતિમાં પણ રહ્યા નથી. લાફા મારીને ગાલને લાલ રાખવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી. સાચી મજા તો હવે કોર્પોરેશનની ચૂંટણીમાં ટિકીટ ફાળવણી વેળાએ આવશે. હાલ શહેર ભાજપના તમામ મોટા માથાઓ કાર્યકર બની ગયાં છે.

# જૂનાગઢના સરદારબાગ વિસ્તારમાં રૂ.૧.૨૭ કરોડની જમીન પરના દબાણનો સફાયો

### અગાઉ નોટીસ આપી છતા પણ દબાણ ન હટાવાતા ૧૬ આસામીના ગેરકાયદે દબાણો પર બુલડોઝર ફળી વળ્યું

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

આજે વહીવટી તંત્ર દ્વારા બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે. શહેરના સરદારબાગ વિસ્તારમાં લાંબા સમયથી સરકારી જમીન પર ખડકાયેલા ગેરકાયદે દબાણો પર વહીવટી તંત્ર દ્વારા મેગા ડિમોલિશન કામગીરી હાથ ધરવામાં આવેલી હતી અને બજાર કિંમત પ્રમાણે આશરે રૂ. ૧.૨૭ કરોડ જેટલી જમીન દબાણ મુક્ત કરવામાં આવી હતી. તંત્રની આ કડક કાર્યવાહીથી ગેરકાયદે દબાણ કરનારા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

આ મેગા ડિમોલિશન કામગીરીમાં કરોડો રૂપિયાની સરકારી જમીન પર ખડકી દેવાયેલા ગેરકાયદે દબાણો દૂર કરી સરકારી જમીન ખુલ્લી કરાઈ હતી.

આ અંગે જૂનાગઢના સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ દશરથસિંહ જાદવ એ જણાવ્યું હતું કે, જુનાગઢ શહેરના સરદારબાગ પાસે સરકારી જમીન પર કાચા પાકા મકાનો બનાવી, ગેરકાયદેસર રીતે વસવાટ કરતા ૧૬ અસામીઓને વહીવટી તંત્ર દ્વારા કાયદેસર રીતે ૬ મહિના અગાઉ જ નોટિસ ફટકારવામાં આવી હતી. છતાં પણ ગેરકાયદેસર દબાણ દૂર ના કરાતા અને નોટિસની અવધિ પણ પૂર્ણ થતા આજે સવારથી જ જુનાગઢ સીટી મામલતદાર, મહાનગરપાલિકા, પીજીવીસીએલ અને પોલીસની સંયુક્ત ટીમ દ્વારા આ વિસ્તારમાં શાંતિપૂર્ણ રીતે ડિમોલિશન કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી.

આ કામગીરી દરમિયાન આશરે ૧૬ જેટલા કાચા અને પાકા મકાનોને તોડી પાડવામાં આવ્યા હતા, તથા અંદાજે ૬૩૦ ચોરસ મીટર જમીન દબાણ મુક્ત કરાઈ હતી. આ જમીનની બજાર કિંમત આશરે રૂ. ૧.૨૭ કરોડ જેટલી થાય છે.

# ખંભાળીયામાં ભાજપ દ્વારા અટલ સ્મૃતિ સંમેલન: આગેવાનોની ઉપસ્થિતિ

**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળીયા**

તાજેતરમાં ખંભાળીયામાં દ્વારકા જિલ્લા ભાજપ દ્વારા અટલ સ્મૃતિ સંમેલન યોજાયું હતુ. જેમાં ભારતના વડાપ્રધાન તરીકે ત્રણ ત્રણ વખત રહી ચૂકેલા સ્વ. અટલ બિહારી બાજપાઈની સ્મૃતિના ચિત્રો ફશેટાઓ તેમના સંસ્મરણો દર્શાવતું સુંદર પ્રદર્ન યોજાયું હતુ. આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી, પૂર્વ મંત્રી મુળુભાઈ બેરા, રાજુભાઈ સરસીયા, પાલાભાઈ કરમુર, ભીખુભા જેઠવા, રસીકભાઈ નકુમ, ભરતભાઈ વિ. જોડાયા હતા.

# જામખંભાળીયા: જામરાવલ નજીક પાઈપલાઈનમાં ભંગાણ થતાં ખેતરો પાણી પાણી

**અબતક, વિનાયક ભટ્ટ, જામખંભાળીયા**

દ્વારકા જીલ્લાના જામરાવલ ગામે રોઝી આઈ નજીકના વિસ્તારમાં નર્મદાની મેઈન પાઈપ લાઈનમાં ભંગાણ પડતા ફુવારા સાથે લાખો લીટર પાણી નીકળતા નજીકના ખેતરો પાણી પાણી થઈ ગયા હતા. તથા પાકને પણ નુકશાન થયું હતું.

# ધોરાજી: યુથ હોસ્ટેલ્સ એસો.ની ૪૬મી વર્ષગાંઠ નિમિતે બોરદેવી ખાતે ‘જંગલ સફાઈ’ અભિયાન

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

યુથ હોસ્ટેલ્સ એશો. ઓફ ઈન્ડિયા ધોરાજી શાખા તેની સ્થાપના ના ૪૫ વર્ષ પુરા કરી ૪૬ મી વર્ષ ગાંઠ ઉજવિ રહ્યું છે. આ નીમીતે અને સાથે સાથે *યુથ હોસ્ટેલ્સ ધોરાજી* શાખા દ્વારા ૧૯૯૨ થી ૨૦૨૫ એમ કોરોના કાળ ના ૨ વર્ષ બાદ કરતા સતત ગિરનાર પરિક્રમા પૂર્ણ થયે‘‘નેચર સ્ટડી /જંગલ સફાઈ‘‘ ‘‘નુ આયોજન કરે છે‘‘




આ બન્ને ના સમન્વય રુપે બોરદેવી મુકામે એક દિવસીય ટ્રેકિંગ /પર્યાવરણ સ્વચ્છતા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.


આ કાર્યક્રમમાં ઉપલેટા. જુનાગઢ. જેતપુર. રાજકોટ સહીત ધોરાજીના સભ્યોએ પરીવાર સાથે બહોળિ સંખ્યામાં ઉપસ્થિત રહી સ્થાપના દિવસની ઉજવણી કરી...

આ પ્રસંગે ધોરાજીના સાહિત્યકજીવ એવા સવજીભાઈ પટોડીયા એ વિશેષ ઉપસ્થિત રહી ઝાલા તથા વિનુભાઈ ઉકાણી નુ ‘‘સરદાર પટેલ૧૫૦‘‘‘‘ નિમીત્તે *મહા માનવ સરદાર* *પુસ્તક અર્પિત કરી શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.

તેમજ યુથ હોસ્ટેલ્સ ધોરાજી ની પ્રવૃત્તિઓ ની સરાહના કરી.

# વેરાવળ: પત્રકાર અને લોહાણા મહાજનના પ્રમુખ દીપક કક્કડનો જન્મ દિવસ

સોમનાથ સુત્રાપાડા વેરાવળ તેમજ ગીર સોમનાથ, જુનાગઢ જીલ્લાના વર્ષાથી જાણીતા એવા પત્રકાર દીપકભાઈ કક્કડનો આજે જન્મદિવસ છે.



તેમણે ૬૦ વર્ષ પૂર્ણ કરીને ૬૧માં વર્ષમાં મંગલ પ્રવેશ કરેલ છે. સ્વ. વ્રજલાલભાઈ કક્કડ અને માતા સ્વ.દમયંતિબેનના આશિર્વાદથી ચાર દસકાનું વર્તમાન પત્રોની દુનિયામાં અસોમ ખેડાણ કરી પ્રગતિના ઘેઘુર વડલા જેવું પ્રેરક સામ્રાજય વિસ્તાર્યું છે. તેમજ લોકપ્રશ્નો તેમની કલમથી વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધ કરી અગ્રેસર રહેલ છે. સોશ્યલ મીડીયામાં પણ સમાચારો લાઈવ બતાવી રહ્યા છે. સાથે દીપકભાઈએ માત્ર કલમથી સમાચારો લખવાનું ન રાખી સ્વયં સેવા રમત-ગમત મનોરંજન અને ધર્મમય કાર્યક્મોમાં જોડાઈ પોતાનું યોગદાન આપેલ છે.સેવાકીય, સામાજીક, સાંસ્ક તિક,ક્ષેત્રમાં પણ મોટું પ્રદાનછે અને અન્ય ક્ષેત્રમા કાર્યક્મોમાં શ્રીજલ્યાણ ગ્રુપના પ્રમુખ તરીકે તેમજ ડી.કે.ગ્રુપ ગીર સોમનાથ ઉભરતા નવોદીત ગાયક કલાકાર ભાઈઓ બહેનોને પ્લેટફોમ પુરૂ પાડ્યું છે દિપકભાઈની આ સેવાકીય તેમજ સમાજલક્ષી પ્રવૃતિને ધ્યાને લઈ લોહાણા મહાજન વેરાવળ દ્વારા તેમની લોહાણા સમાજના પ્રમુખ તરીકે પણ વરણી કરવામાં આવેલ છે.ગતિશીલ, હોશીલા અને જોશીલા અને પત્રકારત્વના ઘેઘુર વડલા એવા દીપકભાઈ કક્કડનો આજે જન્મ દિવસે અભિનંદનનો વરસાદ થઈ રહ્યો છે.

# ગોંડલના ચોરડી - પાટીદળમાં હેવી વીજલાઈન મુદ્દે ખેડુતો મેદાને

### બન્ને ગામોમાંથી પસાર થતી વીજ લાઈન અન્ય જગ્યાએ ખસેડી યોગ્ય કાર્યવાહી કરવા ગ્રામજનોની માંગણી

**અબતક, હરેશ ગણોદીયા, ગોંડલ**

ગોંડલ ચોરડી ગ્રામ પંચાયત કમિટી તેમજ પાટીદળ ગ્રામ પંચાયત કમિટી દ્વારા કાલાવડ - ધેલાસોમનાથ હેવી વિજલાઈનનો વિજ પ્રવાહ બન્ને ગામમાંથી પસાર થવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી હોય આડે ધડ કામગીરીને પગલે ખેડુતોમાં અને ગ્રામજનોમા રોષ જોવા મળ્યો હતો જેમને કારણે ચોરડી અને પાટીદળ ગ્રામ પંચાયતની એક ખાસ મિટિંગ યોજાઈ હતી જેમાં ખેડૂતો અને ગ્રામ પંચાયતને કોઈ પણ પ્રકારની જાણ કર્યા વગર આડેધડ પોલ ઉભા કરવાની કામગીરીનો વિરોધ કર્યો હતો




સરકારમાં તેમજ જેટકો પાસે બન્ને ગ્રામપંચાયત દ્વારા માંગ કરવામાં આવી છે કે તાત્કાલિક અસરથી કામગીરી રોકી અન્ય વિકલ્પ પસંદ કરવો અન્યથા ગ્રામજનો અને ખેડૂતોને સાથે રાખી ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી

### ખેડૂતનો અનોખો પશુપ્રેમ

# મેંદરડા: ૨૫ વર્ષ સેવા આપનાર બળદને હિન્દુ વિધિથી આપી અંતિમ વિદાય

### વિકલાંગો અને આંગણવાડીના બાળકોને ભોજન કરાવ્યું

**અબતક, રાહુલ માંકડીયા, મેંદરડા**

ખેડૂતના ઘરનો સભ્ય માનીને ૨૫ વર્ષથી સાચવેલા બળદનું તાજેતરમાં અવસાન થતાં મેંદરડાના ખેડૂત બટુકભાઈ સમજુભાઈ રાણોલિયા તથા જેન્તીભાઈ સમજુભાઈ શાણીલીયાએ હિન્દુ વિધિવિધાન સાથે તેની ખેતરમાં જ સમાધિ આપી હતી. આ બળદ છેલ્લા ૪ વર્ષથી એકલો હતો અને મકવાડીયા રોગથી પીડાતો હતો, જેની સેવા-શુશ્રૂષા ખેડૂત પરિવાર દ્વારા કરવામાં આવતી હતી.

બળદના અવસાન બાદ પરિવારના સભ્યો તેમજ પ્રભુભાઈ, કાંતિભાઈ, કાનજીભાઈ, યુવરાજભાઈ સહિત અન્યની ઉપસ્થિતિમાં હિન્દુ રીતિ અનુસાર અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. ત્યારપછી બળદના આત્માની શાંતિ માટે ૧૧ ગૌશાળાઓ (ગૌરણી), ૨૫ વિકલાંગ વ્યક્તિઓ તથા આંગણવાડીના બાળકોને ભોજન કરાવવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ખેડૂતોએ જણાવ્યું કે, ‘‘બળદ ખેડૂતનું ઘરનો સભ્ય જ છે. આજના યુગમાં દેખા-દેખી અને કાયદાના ડરથી ઘણા બળદો જ્યાં-ત્યાં રખડતા થઈ જાય છે, પરંતુ અમે અમારા બળદને પરિવારના સભ્ય તરીકે જ સાચવ્યો અને અંતિમ સમયે પણ તેની સેવા કરી હતી.

### આપતી વ્યવસ્થાપન સંદર્ભે

# જામખંભાળીયા: સંસ્કાર એજયુકેશન ટ્રસ્ટની શાળા-કોલેજમાં યોજાઈ મોકડ્રીલ

**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળીયા**

ખંભાળીયાની સંસ્કાર એજયુ. ટ્રસ્ટ સંચાલીત અઢારથી વીસ જેટલી શાળા, કોલેજો તથા શૈક્ષણીક સંસ્થાઓનાં છાત્રો અને શિક્ષકો સાથે મળીને કુદરતી આપતીના સંદર્ભમાં સામુહિક મોકડ્રીલનું સફળ આયોજન કર્યું હતુ.



સંસ્થાના મેનેજમેન્ટના સીધા માર્ગદર્શનમાં શાળા,કોલેજોનાં આચાર્યો ઉપાચાર્યો, શિક્ષકો, તથા સેન્ટ્રલ ઓફીસના સ્ટાફ દ્વારા ખૂબજ યોગ્ય રીતે ફરજ બજાવીને શાળા કોલેજોનાં છાત્રોને આ સંદર્ભમાં યોગ્ય રીતે માર્ગદર્શન આપીને ત્રણ માળના બિલ્ડીંગોમાંથી સલામત રીતે પંદર ફૂટ દૂર સુરક્ષીત સ્થળે ખસેડવાની સામુહિક સફળ હીતથી મોકડ્રીલ કરી હતી.

# ધ્રાંગધ્રાના કોંઢ સહિત સાત ગામોના ખેડુતો વીજપોલ વળતર મુદે મેદાને

### ખેતીની જમીનમાં વીજપોલ અને લાઈન ઉભી કરવા બદલ ખેડુતોને યોગ્ય વળતર ન મળતા આંદોલનની ચીમકી આપી

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા તાલુકાના કોંઢ ગામ સહિત આસપાસના સાત ગામોના ખેડૂતોમાં વીજ પોલ અને વીજ લાઈનો માટે પૂરતું વળતર ન મળતા ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. લાંબા સમયથી ચાલતા આ મુદ્દે વીજ કંપની અને ખેડૂતો વચ્ચે વિવાદ યથાવત છે, જેને લઈને ખેડૂતો હવે એકજૂટ થઈ અવાજ ઉઠાવી રહ્યા છે આ સંદર્ભે કોંઢ ગામ ખાતે ખેડૂતોની બેઠક યોજાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં અસરગ્રસ્ત



ખેડૂતો હાજર રહ્યા હતા. બેઠક દરમિયાન ખેડૂતો દ્વારા જણાવવામાં આવ્યું હતું કે તેમની ખેતીની જમીનમાં વીજ પોલ અને લાઈનો ઊભી કરવામાં આવી છે, જેના કારણે ખેતી કાર્યમાં અડચણો સર્જાઈ રહી છે,

ખેડૂતોએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે જો તાત્કાલિક અસરથી યોગ્ય વળતર ચૂકવવામાં નહીં આવે તો તેઓ ઉગ્ર આંદોલનનો માર્ગ અપનાવવા મજબૂર બનશે

આ મુદ્દે વહેલી તકે યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો તાલુકા સ્તરે આંદોલનનું સ્વરૂપ વધુ ઉગ્ર બનવાની શકયતા પણ ખેડૂતોએ વ્યક્ત કરી છે, જેને લઈ તંત્ર દ્વારા સમયસર ધ્યાન આપવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# સુરેન્દ્રનગર: સરા ગામે સરકારી ગૌચર જમીન પરનું ગેરકાયદેસર દબાણ દૂર કરવા માંગ

### ગ્રામજનો અને પશુપાલકોની મામલતદાર અને તાલુકા પંચાયત કચેરીએ આવેદન સાથે રજૂઆત

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સરકારી ગૌચર તેમજ ખાનગી જમીનો પર ગેરકાયદેસર દબાણો વધી રહ્યા છે ત્યારે મુળી તાલુકાના સરા ગામની સીમમાં આવેલ ગૌચર જમીન પર માથાભારે શખ્સો દ્વારા કરેલ ગેરકાયદેસર દબાણો અંગે ગ્રામજનો અને આગેવાનોએ મુળી તાલુકા પંચાયત તેમજ મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર પાઠવ્યું હતું. આ અંગે આવેદનપત્રમાં




જણાવ્યા મુજબ મુળી તાલુકાના સરા ગામની સીમમાં આવેલ ગૌચર જમીન પર ગામના જ અમુક માથાભારે શખ્સો દ્વારા ગેરકાયદેસર દબાણ કરી વાવેતર કરવામાં આવી રહ્યું છે અને કોઈ પશુપાલક કે માલધારી પોતાના માલઢોર લઈ ત્યાં ચરાવવા જાય તો ધમકીઓ આપતા હોવાનો આક્ષેપ કર્યો છે. તેમજ છેલ્લા ૪૦ વર્ષ થી ગૌચરની જમીનમાં ગેરકાયદેસર દબાણ ઉપરાંત વાડી, બોર તેમજ વીજ કનેકશન પણ લીધું છે. આથી તાત્કાલિક ગૌચરની જમીન પરનું ગેરકાયદેસર દબાણ દૂર કરવામાં આવે ગૌચરની જમીન ખુલ્લી કરવાની માંગ સાથે ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી.

# બજાણા પોલીસ સ્ટેશન શરૂ થવાથી સુરક્ષા વ્યવસ્થા વધુ સુદ્દઢ બનશે: પોલીસ વડા પ્રેમસુખ ડેલુ

### માલવણ હાઈવે રોડ પર નવા બજાણા પોલીસ સ્ટેશન અને નવી પોલીસ લાઈનનું ખાતમુહૂર્ત

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

સુરેન્દ્રનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા દિશામાં મહત્વપૂર્ણ પગલાં રૂપે માલવણ હાઈવે રોડ ઉપર નવા બજાણા પોલીસ સ્ટેશન તથા નવી પોલીસ લાઈનના નિર્માણ કાર્યનું ખાત મુહૂર્ત સંપન્ન થયું હતુ આ પ્રસંગે સુરેન્દ્રનગર જિલ્લાના પોલીસ વડા પ્રેમસુખ ડેલુ ના કરકમળે વિધિવત રીતે ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતુ કાર્યક્રમ દરમિયાન ધ્રાંગધ્રા ડિવિઝન ના ડીવાયએસપી જે ડી પુરોહિત પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ, સ્થાનિક આગેવાનો તેમજ ગ્રામજનોની નોંધપાત્ર ઉપસ્થિતિ જોવા



મળી હતી. નવા પોલીસ સ્ટેશન અને પોલીસ લાઈનના નિર્માણથી વિસ્તારની કાયદો-વ્યવસ્થા વધુ સઘન બનશે તેમજ ગુનાહિત પ્રવૃત્તિઓ પર અસરકારક નિયંત્રણ લાવવામાં મદદ મળશે તેવું જણાવવામાં આવ્યું.

જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ પોતાના સંબોધનમાં જણાવ્યું હતુ કે, પોલીસ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું મજબૂતીકરણ સમયની જરૂરિયાત છે. નવા બજાણા પોલીસ સ્ટેશન શરૂ થવાથી આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પોલીસ સેવા ઝડપી અને અસરકારક બનશે, કાર્યક્રમ અંતે ઉપસ્થિત મહેમાનો તથા ગ્રામજનોએ આ મહત્વપૂર્ણ વિકાસ કાર્ય માટે જિલ્લા પોલીસ તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો.

### સામાજીક વનીકરણ રેન્જ અને સિવીલ હોસ્પિટલ આયોજીત

# ધોરાજી: ઝાંઝમેર ગામના મેડીકલ કેમ્પનો બહોળી સંખ્યાના દર્દીઓએ લીધો લાભ




**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

સામાજિક વનીકરણ રેન્જ ધોરાજી તથા સિવિલ હોસ્પિટલ ધોરાજીના સહયોગ થી ઝાંઝમેર ગામે મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રેન્જ ફોરેસ્ટ ઓફિસર નિહારિકાબેન પંડ્યા,સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ વસેટિયગામના સરપંચ કિરણબેન બગડા ગ્રામજનો વન વિભાગના સ્ટાફ હાજર રહેલ હતો.આ કેમ્પમાં જનરલ ચેક અપ બી પી ડાયાબિટીસ ચામડીના રોગો દાંતને લગત તકલીફ આંખ ચેક અપ વગેરે જેવા રોગોનું નિદાન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો

# જેતપુરમાં લગ્નની લાલચ આપી ૨૫ વર્ષીય યુવતી પર એક વર્ષ સુધી દુષ્કર્મ

## હવસ સંતોષી લીધા બાદ હવસખોરે લગ્ન કરવાનો ઈન્કાર કરી દીધો: જેતપુર સીટી પોલીસે ગુનો નોંધી નરાધમની ધરપકડ કરી

### હવસખોર પિતાનો મિત્ર હોય પરિચય થયો'તો: વાતચીત થતાં પ્રેમજાળમાં ફસાવી અવાર નવાર દેહ ચૂંથ્યો

### પ્રેમમાં ઘેલી બનેલી યુવતીએ પ્રેમી માટે ઘર પણ તરછોડી દીધું: નરાધમે અલગ સ્થળે રૂમ રાખી દીધો'તો

**અબતક, રાજકોટ**

જેતપુરમાં લગ્નની લાલચ આપી ૨૫ વર્ષીય યુવતી પર નરાધમે એક વર્ષ સુધી દુષ્કર્મ ગુજાર્યો હતો. બાદમાં હવસ સંતોષી લઈ લગ્નનો ઈન્કાર કરી દેતા પીડિતાએ જેતપુર સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. બનાવમાં પોલીસે દુષ્કર્મની કલમો હેઠળ ગુનો નોંધી નરાધમની ધરપકડ કરી હતી.

દુષ્કર્મના ગુના અંગે પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર જેતપુર શહેરમાં રહેતી ૨૫ વર્ષીય યુવતીએ જેતપુર સીટી પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં સુધીર મીઠુભાઈ ભટ્ટી(ઉવ ૩૦ રહે. ફૂલવાડી, જેતપુર) નામના હવસખોરનું નામ આપતાં જણાવ્યું હતું કે, તેણીના પિતા અને આરોપી વચ્ચે મિત્રતા હતી. જેથી આરોપીઓનો પીડિતાના ઘરે આવરો-જાવરો હોય પીડિતા અને આરોપી વચ્ચે પરિચય થયો હતો. બાદમાં બંને વચ્ચે વાતચીત શરૂ થતાં બંને વચ્ચે મિત્રતા બંધાઈ હતી. જે બાદ હવસખોરે યુવતીને લગ્નની લાલચ આપી હતી. મારે તારી સાથે જ લગ્ન કરવા છે કહી નરાધમે એકાદ વર્ષ પૂર્વે યુવતી સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો.

ત્યારબાદ લગ્નની લાલચે અનેકવાર યુવતી પર દુષ્કર્મ ગુજારી પોતાની હવસ સંતોષી હતી. દરમિયાન યુવતીના ઘરે તેના અને આરોપીના સંબંધ અંગે જાણ થઈ જતાં યુવતીએ નરાધમ માટે પોતાનું ઘર ત્યજી દીધું હતું. બાદમાં હવસખોરે યુવતીને જેતપુરમાં જ એક રૂમ રાખી દીધો હતો. જ્યા યુવતી એકલી રહેતી હતી અને નરાધમ અવાર નવાર ત્યાં ધસી જઈ દુષ્કર્મ ગુજારી લેતો હતો. દરમિયાન યુવતીએ લગ્ન કરવાનું કહેતા હવસખોરે લગ્ન કરવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દેતા યુવતીના પગ તળેથી જમીન ખસી ગઈ હતી.

જેના માટે ઘર અને પરિવારને તરછોડી દીધા તે શખ્સે જ તરછોડી દેતા યુવતીને આંચકો લાગ્યો હતો. બાદમાં તેણીએ હિંમત દાખવી જેતપુર સીટી પોલીસ મથકમાં ફરિયાદ આપતાં પોલીસે છેતરપિંડીથી દુષ્કર્મ આચરી લેવાની કલમો હેઠળ ગુનો નોંધી એએસઆઈ ભાવેશભાઈ ચાવડા સહીતની ટીમે નરાધમ સુધીર મીઠુભાઈ ભટ્ટીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ધોરાજીના ભૂતવડ ગામે મકાનમાં તસ્કર ત્રાટક્યાં: રૂ.૯૬ હજારની મતાની ચોરી

### લૌકિક ક્રિયાએ ગયેલા પરિવારની ગેરહાજરીમાં ઘરનું તાળું તોડી ઘરેણાં-રોકડ ઉઠાવી લેવાઈ: તસ્કરની શોધખોળ

**અબતક, રાજકોટ**

ધોરાજીના ભૂતવડ ગામે બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યાં હતા. મકાનને તાળું મારી લૌકિક ક્રિયાએ ગયેલા પરિજનોની ગેરહાજરીમાં તસ્કરોએ ત્રાટકી સોના-ચાંદીના દાગીના, રોકડ મળી રૂ. ૯૬ હજારની મતાની ચોરીને અંજામ આપ્યો હતો. જે મામલે ધોરાજી તાલુકા પોલીસે ગુનો નોંધી તસ્કરની શોધખોળ આદરી હતી.

બનાવ અંગે ધોરાજીના ભૂતવડ ગામે નવાપરા વિસ્તારમાં રહેતા ૩૩ વર્ષીય યુવાન પ્રકાશભાઈ ભુપતભાઈ બારૈયાએ ધોરાજી તાલુકા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું મારી પત્ની પુનમબેન તથા બાળકો સાથે રહું છું અને વેગડી ગામે આવેલ જીઆઈડીસી ખાતે વિશ્વાસ વેલ્ડિંગ કારખાનામાં વેલ્ડિંગનું કામ કરું છું. મારે સંતાનમાં બે દિકરીઓ તથા એક દિકરો છે. જેમાં સૌથી મોટી દિકરી ટ્વિંકલ (ઉ.વ.૦૯), બાદ (માનસી ઉ.વ.૦૭) અને સૌથી નાનો દિકરો આયુષ (ઉ.વ.૦૪) છે.

યુવકે જણાવ્યું હતું કે, ગઈ તા.૦૮/૦૯/૨૦૨૫ ના રોજ મારા સસરા અરજણભાઈ ગોવિંદભાઈ સોલંકીનું અવસાન પામેલ હોય અને અવસાન બાદ તેમની પાંચમવિધી કરવાની હોય જે તા. ૨૫/૧૨/૨૦૨૫ ના રોજ ઉપલેટા તાલુકાના તલગણા ગામે રાખેલ હોય જેથી હું તથા મારી પત્ની પુનમબેન અને બાળકો ગઈ તા.૨૪/૧૨/૨૦૨૫ ના બપોર પછી આશરે ત્રણેક વાગ્યે ઘરે તાળા મારી તલગંણા જવા મોટરસાઈકલ લઈને નીકળેલ હતા. બાદ સાંજના આશરે પાંચ વાગ્યે તલંગણા ગામે સસરાને ત્યાં પહોંચેલ હતા અને ત્યાં જ રોકાયેલ હતા. બાદ તા.૨૬/૧૨/૨૦૨૫ ના રોજ સવારે આશરે આઠેક વાગ્યાના સમયે અમે તલંગણા હતા. ત્યારે અમારા પાડોશી મુકેશભાઈ બાબુભાઈ બારૈયાનો મારા પર ફોન આવેલ કે, તમારા ઘરનું તાળું તુટેલ છે. જેથી હું તથા મારી પત્ની અને બાળકો તલંગણાથી અમારા ઘરે જવા નીકળેલ હતા અને આશરે દસેક વાગ્યે ઘરે પહોંચેલ હતા.

યુવકે જણાવ્યું હતું કે, ઘરે પહોંચીને જોતા અમારા મકાનના મુખ્ય દરવાજાનું તાળું તુટેલ હતું. મકાનની અંદરના ડાબી બાજુના રૂમનું પણ તાળું તુટેલ હતું. બાદ રૂમમાં જોતા કબાટ ખુલ્લો હતો અને તિજોરી તુટેલ હતી. જે તિજોરીમાં રાખેલ સોનાનું ડોકીયું જે આશરે દોઢેક તોલાનું જેની કિંમત રૂ.૪૦ હજાર, સોનાની પટ્ટી ચડાવેલા પાટલા જેનો વજન આશરે એક તોલું જેની કિંમત રૂ.૬૪૫૧, સોનાના ઓમકાર પેંડલ નંગ-૦૨ જેની આશરે કિંમત રૂ. ૨૫૦૦, ચાંદીનું મંગલસુત્ર જેની કિ.રૂ.૧૯૦૨, છોકરાને બંને હાથમાં પહેરવાની ચાંદીની પોંચી જેની કિંમત રૂ.૩૦૦૦, છોકરીઓને પગમાં પહેરવાની ચાંદીની ઝાંઝરીઓની જોડી-૦૨ જેની કિ.રૂ.૧૦૦૦, પત્નીના પગમાં પહેરવાના ચાંદીના સાકળા જોડી-૦૧ જેની કિંમત રૂ.૪૭૩૦, પત્નીનું એક ગ્રામ સોનું વાપરી બનાવેલ મંગલસુત્ર જેની કિંમત રૂ.૧૫૦૦, છોકરીઓના કાનમાં પહેરવાના સોનાના દાણા નંગ-૦૪ જેની કિ.રૂ.૨૦૦૦, તબાળકોએ એક પર્સમાં બચતના રૂપિયા ભેગા કરેલ હોય તે પર્સ જેમાં આશરે ૨૦૦૦જેટલી રકમ હતી તે અને રૂ.૩૦ હજારની રોકડ મળી આવી ન હતી. બાદ બાજુના રૂમમાં તપાસ કરતા મંદિરની બાજુમાં રાખેલ કટાર જેની કિંમત રૂ.૧૦૦, મોબાઈલનું સી પીનનું ચાર્જર જેની કિંમત રૂ. ૧૦૦૦ મળી કુલ રૂ.૯૬, ૧૮૩ ની માલમત્તાની ચોરી થઈ ગયાની જાણ થતાં યુવકે ધોરાજી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. બનાવને પગલે પોલીસે તસ્કરની શોધખોળ આદરી હતી.

# બાબરામાં પેસેન્જર ભરવા અને નિવેદન આપવા બાબતે બે જૂથ બાખડયાં

### બન્ને જૂથના ત્રણને ઈજા થતાં, મારામારી અને લૂંટની કલમ હેઠળ બંને પક્ષે ગુનો નોંધાયો

**અબતક**
**અપ્પુ જોશી, બાબરા**

બાબરામાં પેસેન્જર ભરવા જેવી બાબતે બે જૂથો વચ્ચે અથડામણ સર્જાતા નાસભાગ મચી જવા પામી હતી. આ મામલે બાબરા પોલીસ સ્ટેશનમાં સામસામી ફરિયાદો નોંધાઈ છે, જેમાં લૂંટ, મારપીટ અને એટ્રોસીટી જેવી ગંભીર કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. બનાવમાં બંને જુથના મળી ૩ને ઈજા થતા સારવારમાં ખસેડયા છે.બનાવની વધુ વિગતમાં ચિતલ ખાતે રહેતો આદીલખાન મહમદખાન પઠાણની ગાડી લઈને વિશાલભાઈ ઈકો ગાડીમાં પેસેન્જર દરમિયાન બાબરા પાસે બહાદુરભાઈ આહીરે પેસેન્જર ભરવા બાબતે વિશાલભાઈ સાથે માથાકૂટ કરી હતી. આ ભરી અમરેલીથી રાજકોટ ગયા હતા. આ બાબતની જાણ થતાઃ થતા આદીલખાન અને અન્ય ૧૫,૦૦૦) અને સાહેદના ખિસ્સામાંથી ને બાબરા બસ સ્ટેશન પાસે સમજાવવા માટે પહોંચ્યા હતા. ત્યાં ઉશ્કેરાયેલા બહાદુરભાઈ આહીર, વિનુભાઈ મારુ અને મનિષભાઈએ વિશાલનો કોલર પકડી ગાળો ભાંડી ઢીકાપાટુનો માર માર્યો હતો. આરોપીઓએ આદીલખાનના ગળામાંથી ૧૦ ગ્રામનો સોનાનો ચેઈન (કિં. રૂ. ૫૦,૦૦૦), ૩ ગ્રામની સોનાની વીંટી રૂ. ૩૨૦૦ની રોકડની લૂંટ ચલાવી નાસી છૂટયા હતા. સામે પક્ષે, વિનોદભાઈ માલાભાઈ મારુ (રહે. બાબરા) એ પણ વળતી ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યું છે કે તેઓ બસ સ્ટેશન પાસે ઉભા હતા ત્યારે આદિલ પઠાણ, જીવાભાઈ ઘાંચી અને અન્ય બે અજાણ્યા શખ્સો ત્યાં ધસી આવ્યા હતા. આરોપીઓ વિનોદભાઈને માર્યો હતો. એટલું જ નહીં, જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી, લાકડાના ધોકા અને પાઈપ વડે બેરહેમીથી માર વિનોદભાઈના ખિસ્સામાંથી રૂ. ૧૯,૫૦૦ વિનોદભાઈ મારૂ, અદીલખાન પઠાણ, નાખવાની ધમકી આપી હતી. આ બનાવમાં રોકડા લૂંટી લીધા હતા અને જાનથી મારી ખસેડ્યા છે

# રાજસ્થાનનો કુખ્યાત શખ્સને તાલાળા પોલીસે ઝડપી લીધો

**અબતક લીલાધર હરવાની તાલાળા**



રાજસ્થાનના બ્યવર જિલ્લાના ખખરી ગામે રહેતો લાલમહોમદ શકરૂદ્દીન નામનો શખ્સ વિરુદ્ધ સેન્ડડા પોલીસ મથકમાં ચોરી અને બળાત્કાર સહિતના ગુન્હામાં સંદોવાયેલો હોય જે છેલ્લા આઠ મહિનાથી રાજસ્થાન પોલીસથી બચવા નાસતો હતો .જે દરમિયાન સેન્ડદા પોલીસને બાતમી મળી હતી કે, લાલ મોહમ્મદ હાલ તાલાળા વિસ્તારમાં છે. જેથી રાજસ્થાન પોલીસે તાલાળા પીઆઈ જે એન ગઢવીનો સંપર્ક કરી આરોપીની જાણ તાલાળા વિસ્તારમાં હોવાની કરી હતી. પીઆઈ પી આઈ જે એન ગઢવીના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ એચ પી ભેડા સહીતાના સ્ટાફે તાલાળાના સેમરવાવ ગામેથી લાલ મોહમ્મદ સકરુંદીને ઝડપી લઈ રાજસ્થાન પોલીસને હવાલે કર્યો હતો.

# ઓસરીમાં ઢસડી, સોટી વડે માર માર્યો, હાથે બટકું ભર્યું: વિંછીયામાં પત્ની પર પતિની બર્બરતા

## બાળકને સુવડાવવા ગોદડું પાથરવાનું કહેતા જ પતિ ઉશ્કેરાયો: બેફામ ફટકારી ખૂનની ધમકી આપી

### તું જોતી જ નથી, તારા બાપને બોલાવ એટલે તને લઈ જાય કહી પતિ-સસરાએ ગાળો ભાંડી: ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

વિંછીયા તાલુકાના છાસિયા ગામે પતિએ પત્ની પર બર્બરતા આચર્યાનો બનાવ સામે આવ્યો છે. બાળકને સુવડાવવા ગોદડું પાથરવાનું કહેતા જ પતિએ ઉશ્કેરાઈ પત્નીને ઢીકાપાટુનો માર મારી, ઓસરીના ઢસડી, સોટી વડે ફટકારી, હાથના ભાગે બટકું ભરી લીધું હતું. પુત્રવધુને નજરની સામે માર ખાતા જોઈ સસરાએ બચાવવાની જગ્યાએ પરિણતાના માતા-પિતાને ગાળો ભાંડી હતી. જે મામલે પરિણીતાએ વિંછીયા પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો હતો.

બનાવ અંગે વિંછીયા તાલુકાના છાસિયા ગામની ૨૦ વર્ષીય પરિણીતા કોમલબેન મહેશભાઈ વિનુભાઈ જોગરાજીયાએ વિંછીયા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં પતિ મહેશ જોગરાજીયા અને સસરા વિનુભાઈ જોગરાજીયાનું નામ આપતાં જણાવ્યું હતું કે, ગત તા.૩૦/૧૨/૨૦૨૫ ના રોજ હું તથા મારા પતિ મહેશ બન્ને આખો દિવસ કામ કરી સાંજના છ વાગ્યે દિવસ આથમતા ઘરે આવેલ હતા. મે મારા દિકરાને પેટ ભરાવી સુવડાવા માટે ખાટલામાં ગોદડુ પાથરવા પતિને કહેતા મારા પતિ એકદમ ઉશ્કેરાય જઈ મને કાંઈ બોલ્યા વગર માર મારવા લાગેલ હતો. તેણે મને ઢીંકાપાટુનો માર મારી નખથી બાખોડીયા ભરી લીધેલ હતા. બાદ તે મને ઓસરીમાં ઢસડી ગયેલ અને અમારા મકાનમાં રહેલ લાકડાની સોટી વડે હાથ-પગ અને પીઠના ભાગે માર મારેલ હતો. ત્યારબાદ પતીએ ડાબા હાથે બટકુ ભરી લઈ સાવરણેથી મોઢાના ભાગે માર મારેલ હતો.

ત્યારબાદ પતિએ કહેલ કે, મારે તું જોતી નથી, તુ જતી રહે. દરમિયાન ત્યાં હાજર મારા સસરા વિનુભાઈ મારા માતા-પિતાને ગાળો આપતાં હતા. બાદ પતિએ પણ મને ગાળો આપી જાનથી મારવાની ધમકી આપેલ હતી. અત્યારે જ તારા બાપને બોલાવ, તને લઈ જાય તેમ કહી ગાળો આપી માર મારેલ હતો. દરમિયાન મારા સાસુએ વચ્ચે પડી મને વધુ મારમાથી બચાવેલ હતી. બાદ પતિ ઘરેથી નીકળી ગયો હોય મે મારા બાપુજીને ફોન કરીને છાસીયા ગામે બોલાવેલ હતા. જ્યાંથી મારા માતા-પિતા મને વિંછીયા સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ ગયેલ હતા. બનાવને પગલે પરિણીતાની ફરિયાદ પરથી વિંછીયા પોલીસે ગુનો નોંધી પતિ-સસરાની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી હતી.

# દેશી દારૂનો વેંપલો કરતી બે મહિલાઓ રાજકોટમાંથી હદપાર

### વર્ષ દરમિયાન કુલ આઠ શખ્સોને તડીપાર કરતી કરાવતી શાપર પોલીસ

**અબતક, રાજકોટ**

દેશી દારૂનો વેંપલો કરતી બે મહિલાઓને રાજકોટ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાંથી બે માસ માટે હદપાર કરી જૂનાગઢ અને જામનગર ખાતે મોકલી દેવાઈ હતી. જેની સાથે શાપર(વે.) પોલીસે આખા વર્ષ દરમિયાન કુલ આઠ શખ્સોને હદપાર કરાવ્યા હતા.

થર્ટી ફર્સ્ટ ડિસેમ્બર અનુંસંધાને કાયદો અને વ્યવસ્થા ની સ્થિતિ જળવાઈ રહે તેના માટે જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા અસામાજિક પ્રવૃત્તિ કરતા શખ્સો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને ડીવાયએસપી કે જી ઝાલાના માર્ગદર્શન હેઠળ શાપર(વે.) પોલીસ મથકના પીઆઈ આર બી રાણાએ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહી પોતાના આર્થિક લાભ માટે દેશી દારૂના હાટડા શરૂ કરી પ્રજાજનોના સ્વાસ્થ્ય પર ગંભીર અસર પહોંચાડતી બે મહિલા બુટલેગર આલીબેન્ક દેવસુરભાઈ વાલા(ઉવ ૪૨ રહે. તળાવના કાંઠે, મફતિયાપરામાં, કોટડાસાંગાણી) અને ડિમ્પલબેન ધર્મેશભાઈ વાઘેલા(ઉવ ૩૫ રહે. કોઠારીયા સોલવંટ, ત્રણ માળીયા ક્વાર્ટર્સ, બ્લોક નં.-૩૩૩, ક્વાર્ટર નં.-૬૮, રાજકોટ) વિરુદ્ધ હદપારી દરખાસ્ત તૈયાર કરી હતી. જે દરખાસ્તને એસડીએમએ મંજુર કરતા બંને મહિલાઓને અટકાયતમાં લઈ રાજકોટ શહેર-જિલ્લામાંથી બે મહિના માટે હદપાર કરી આલીબેનને જૂનાગઢ અને ડિમ્પલબેનને જામનગર જિલ્લા ખાતે મોકલી દેવાઈ હતી.

ઉલ્લેખનીય છે કે, શાપર(વે.) પોલીસ દ્વારા વર્ષ ૨૦૨૫ માં કુલ આઠ અસામાજિક તત્વોને હદપાર કરવામાં આવ્યા છે.

# જેતપુરથી ચોરાઉ બાઈક સાથે તસ્કર ઝડપાયો: ત્રણ ચોરીનો ભેદ ઉકેલાયો

### જાહેર સ્થળો અને પાર્કિંગમાં રાખેલ બાઈક હંકારી જતો: હોસ્પિટલ સહિતની સ્થળોએથી બાઈક ઉઠાવ્યાની કેફિયત

**અબતક, રાજકોટ**

જેતપુરના નવાગઢ રોડ પરથી પોલીસે ચોરાઉ બાઈક સાથે અમરનગર રોડ પાસે રહેતા શખસને ઝડપી લીધો હતો. પોલીસે આ શખસની પુછતાછ કરતા જેતપુરમાં હોસ્પિટલમાંથી થયેલી બાઈક ચોરી સહિત ત્રણ વાહન ચોરીના બનાવનો ભેદ ઉકેલાયો હતો. પોલીસે આરોપી પાસેથી રૂ.૧.૪૦ લાખની કિંમતના ત્રણ ચોરાઉ બાઈક કબજે કર્યા હતાં.

જેતપુરમાં હાજી દાઉદ હોસ્પિટલના મેદાનના પાર્કિંગમાંથી રૂ. ૪૦,૦૦૦ ની કિંમતની બાઈક ચોરી થયા અંગે જેતપુર સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ચોરીના આ બનાવને લઈ જેતપુર સિટી પોલીસ સ્ટેશનના પીઆઈ એ.ડી. પરમારના માર્ગદર્શન હેઠળ ટીમે તપાસ શરૂ કરી હતી. ટેકનિકલ તેમજ હ્યુમન સોર્સીસના માધ્યમથી બાઈક ચોરી કરનાર શખસને ઝડપી લેવા તપાસ આગળ ધપાવી હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ સાગરભાઈ મકવાણા, કોન્સ્ટેબલ શક્તિસિંહ ઝાલા અને લખુભા રાઠોડને મળેલી બાતમીના આધારે જેતપુરના નવાગઢ રોડ જુના પાંચ પીપળા રોડ તરફ જવાના પુલ પાસેથી શંકાસ્પદ બાઈક સાથે એક શખસને ઝડપી લીધો હતો.



પોલીસે ઝડપાયેલા આ શખસની પૂછતાછ કરતા તેણે પોતાનું નામ ચિરાગ કમલેશભાઈ ડાભી (ઉ.વ. ૧૯ રહે. મંત્રી સોસાયટી, અમરનગર રોડ જેતપુર) હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેની પાસેથી બાઈકના કાગળો માંગતા તે ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો. બાદમાં સઘન પૂછતાછ કરતા આ બાઈક તેણે હોસ્પિટલના મેદાનમાંથી ચોરી કર્યાની કબુલાત આપી હતી. જેથી પોલીસે આ બાઈક કબ્જે કરી હતી. બાદમાં પૂછતાછ કરતા તેની પાસેથી વધુ બે ચોરાઉ બાઈક મળી આવ્યા હતા. જેથી પોલીસે કુલ રૂપિયા ૧.૪૦ લાખની કિંમતના ત્રણ બાઈક કબજે કર્યા હતા. આરોપી જાહેર જગ્યાઓ તેમજ રોડ ઉપર પાર્કિંગમાં રાખેલ બાઈક ચોરી કરી લેવાની મોડસ ઓપરેન્ડી ધરાવે છે. બાઈક ચોરીના આ બનાવનો ભેદ ઉકેલવાની કામગીરીમાં જેતપુર પીઆઈ એ.ડી. પરમારની રાહબરી હેઠળ એએસઆઈ ભાવેશભાઈ ચાવડા, મિલનસિંહ ડોડીયા, હેડ કોન્સ્ટેબલ સાગર મકવાણા, રાણાભાઈ વકાતર, કોન્સ્ટેબલ શકિતસિંહ ઝાલા, લાખુભા રાઠોડ, અમિતભાઈ સિધ્ધપરા, ભગીરથસિંહ જાડેજા અને પ્રદીપભાઈ આગરીયા સાથે રહ્યા હતા.

# ઓસ્ટ્રેલિયાની હોસ્પિટલમાં નોકરી અપાવી દેવાના નામે તબીબ સાથે રૂ.૫૧ લાખની છેતરપિંડી

## ઓસ્ટ્રેલિયાની રોયલ એડિલેડ હોસ્પિટલમાં મેડિકલ રિસર્ચ આસિસ્ટન્ટ માટે મેડિકલ કાઉન્સિલની પરીક્ષા પાસ મેયર બાદ વોટ્સઅપ ગ્રુપમાં આવેલી જાહેરાત જોઈ યુવા તબીબ ફસાયા

**અબતક, રાજકોટ**

ઓસ્ટ્રેલિયાની હોસ્પિટલમાં નોકરી અપાવી દેવાના નામે રાજકોટના યુવા તબીબ સાથે રૂ.૫૧ લાખની છેતરપિંડી આચરી લેવાઈ હતી. યુવા તબીબે ઓસ્ટેલીયાની રોયલ એડીલેડ હોસ્પિટલમાં મેડીકલ રિસર્ચ આસીસ્ટંટ માટે મેડિકલ કાઉન્સિલની પરીક્ષા પાસ કરેલ અને બાદમાં વોટ્સએપ ગ્રુપમાં આવેલ એક એડના આધારે તબીબ ફસાયા હતાં. જે મામલે સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે રાજકોટમાં અટલ સરોવરની સામે સનરાઈઝ પાર્કમાં રહેતાં ચિન્મયભાઈ પ્રકાશભાઈ ત્રિવેદી (ઉ.વ.૨૬) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અલગ અલગ મોબાઈલ નંબર ધારક, ઈમેઈલ આઈડી અને બેંક એકાઉન્ટ ધારકના નામ આપતાં સાયબર ક્રાઈમ પોલીસે છેતરપીંડીની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી. વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતુ કે, તેઓએ ગાંધીનગર મેડિકલ કોલેજમાં એમબીબીએસનો અભ્યાસ કરેલ છે. હાલ ઘર બેઠા 'એએમસી બાઈ ડો.ગુપ્તા' નામથી ઓનલાઈન એએમસી પરીક્ષાના કલાસીસ કરાવે છે. તેઓને આગળ નોકરી મારે ઓસ્ટેલીયા ખાતે રહેલ રોયલ એડીલેડ હોસ્પિટલમાં મેડીકલ રિસર્ચ આસીસ્ટંટ માટે જવાનુ હોવાથી ત્યાની મેડિકલ કાઉન્સિલ નામની પરીક્ષા આપેલ ત્યારબાદ તે પરીક્ષામા પાસ થયેલ અને તે બધા વિદ્યાર્થીનું એક એએમસી ઓસ્ટ્રેલિયા ૨૦૨૫ ડ્રિમ કમ ટ્રુ નામનુ વ્હોટ્સઅપ ગ્રુપ બનાવવા આવ્યુ હતુ. ત્યારબાદ આ ગ્રુપમા ઓક્ટોમ્બર રોયલ એડીલડ હોસ્પિટલમાં જોબ માટે એક એડવર્ટાઈઝમેન્ટ આવેલ જે એડવર્ટાઈઝમેન્ટ મોબાઈલ નંબર +૨૩૭૬૫૩૩૬૦૧૩૩ ના દ્વારા ગ્રુપમાં મુકવામા આવ્યો હતો.

જે મેસેજમા અલગ અલગ પોસ્ટ માટેની વેકેન્સી હતી અને જે વ્યકતીને તેમા એપ્લાય કરવું હોય તો તે એડવર્ટાઈઝમેન્ટમાં આપેલ ડો. જોસુઆનો કોન્ટેક કરવાનુ કહેલ હતુ. જેથી તેને મે આપેલ મો. નંબર પર કોન્ટેક કરેલ અને તે હોસ્પીટલ વિશે બધી માહીતી આપવામાં આવેલ ત્યારબાદ તેઓએ જણાવેલ મુજબ સી.વી., ડીગ્રી સર્ટીફીકેટ, ઈન્ટર્નશીપ સર્ટીફીકેટ, આઈઈએલટીએસ સર્ટીફીકેટ, પાસપોર્ટ પોલીસ સર્ટીફીકેટ જેવા તમામ ડોક્યુમેટ મોક્લેલ ત્યારે ડોક્યુમેંટલ ફી તરીકે ૨૧૦૦ ઓસ્ટ્રેલીયન ડોલર (અંદાજે રૂ. ૧.૨૦ લાખ) તેમને આપેલ એકાઉન્ટ નંબર પર ટ્રાંસફર કરેલ હતાં.

ત્યારબાદ તેઓએ ઓફર લેટર મોકલેલ જેમા જોબ વિષેની માહીતી આપેલ હતી. જેવી કે, જોબ નેમ, સેલેરી, જોબ સ્ટાર્ટ ડેટ, ફી વગેરે જેવી બાબતોનો સમાવેશ થયેલ હતો. તેમજ ઓફર લેટરમાં જણાવેલ મુજબની તમામ ફી તમારે અત્યારે ચુકવવી પડશે જેથી તેમા દર્શાવેલ તમામ પ્રકારની ફી પેટે કુલ ૨૮,૪૦૦ ઓસ્ટ્રેલીયન ડોલર (અંદાજે રૂ. ૧૬.૫૦ લાખ) તેઓએ આપેલ અલગ અલગ બેંક એકાઉન્ટમાં ટ્રાંસફર કરેલ, ત્યારબાદ તે હોસ્પિટલના ઈ-મેઈલ આઈડીમાથી એક મેઈલ આવેલ જેમા તેઓએ જણાવેલ કે, તમારી નોકરીની સીટ કન્ફર્મ થઈ ગયેલ છે.

તેમાં જણાવેલ કે, પ્લાનિંગ બફર અને એપ્લિકેશન માટે કુલ ઓસ્ટ્રેલીયન ડોલર ૧૨,૮૭૯ (અંદાજે રૂ. ૭.૫૦ લાખ) પે કરવા પડશે કહેતાં તે રકમ ટ્રાન્સફર કરેલ હતી. યુવાન તબીબની વાત ત્યાંના ડો. જોસુઆ અને ડો. એસધર સાથે થતી હતી. ડો. જોસુઆએ ઓસ્ટ્રેલીયાના વીઝા માટે ત્યાંના એક વીઝા એજન્ટ ડેનિયલના મોબાઈલ નંબર આપી કહેલ કે, તમે તેઓની જોડે વાત કરજો જે તમારા વીઝા બનાવવામા મદદરૂપ થશે. ત્યારબાદ તે વીઝા એજન્ટનો કોન્ટેક કરેલ તો જણાવેલ કે, સૌ-પ્રથમ તમારે ઓસ્ટ્રેલીયાની કોઈ પણ બેંકમાં ખાતુ ખોલાવુ પડશે જેથી ત્યાં રહેલ તબીબના ડોક્યુમેન્ટ પરથી ત્યાની બેંકમાં એકાઉંટ ઓપન કરેલ હતું.

ઉપરાંત જણાવેલ કે, વીઝા માટે બેંક વેરીફીકેશન માટે તમારે આ એકાઉન્ટમા મીનીમમ બેલેંસ રાખવુ પડે જેથી તે એકાઉન્ટમા કુલ ૪૧,૦૦૦ ઓસ્ટ્રેલીયન ડોલર (અંદાજે રૂ. ૨૪ લાખ) રાખવાના થશે તેમ વાત કરતાં તે રકમ તેના એકાઉન્ટોમાં ટ્રાસફર કરેલ હતી. ત્યારબાદ તેઓએ તે બેંકની મોબાઈલ એપમાંથી તબીબના એકાઉન્ટમાં રહેલ બેલેન્સનો સ્ક્રીનશોર્ટ મોકલેલ અને જણાવેલ કે, તમે આપેલ બધી રકમ તેમા જમા કરાવી દીધેલ છે. ત્યારબાદ તબીબે બેંક એકાઉન્ટની માહીતી લેવા તે બેંકના મોબાઈલ નંબર તથા ઈમેઈલ દ્વારા કોન્ટેક કરતા તેઓએ જણાવેલ કે, તમારા નામનુ કે આપેલ એકાઉંટ નંબરથી અહીં કોઈ એકાઉન્ટ ઓપન થયેલ નથી.

ત્યારબાદ રોયલ એડીલેડ હોસ્પિટલનો કોન્ટેક કરેલ અને તેઓએ પણ જણાવેલ કે, તે એજન્ટ ફ્રોડ છે, જેથી અજાણ્યા શખ્સોએ ઓસ્ટ્રેલિયાની હોસ્પિટલમાં નોકરીમાં લગાવવાના નામે કુલ રૂ.૫૦.૭૫ લાખનું ફ્રોડ આચરી રૂપીયા પડાવી લેતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી પીઆઈ એસ.ડી.ગિલવા અને ટીમે તપાસનો ધમધમાટ આદર્યો હતો.

### અલગ અલગ ફી, પ્રોસેસિંગ ચાર્જ સહિતના નામે કટકે કટકે નાણાં ખંખેરી લેવાયા: બાદમાં હોસ્પિટલનો સંપર્ક કરતા ઠગાઈનો ભોગ બન્યાનું ખુલ્યું, સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં નોંધાતો ગુનો

### +૬૧ કોડ સાથેના મોબાઈલ નંબર પરથી ફોન આવે તો ચેતજો

રાજકોટના યુવા તબિયત સાથે ઓસ્ટ્રેલિયાની હોસ્પિટલમાં નોકરી આપવાના નામે રૂપિયા ૫૧ લાખની છેતરપિંડીનો બનાવ સામે આવતા ચકચાર મચી છે. ત્યારે જો તમને પણ મોબાઈલ નંબર +૬૧૨૭૨૦ ૨૦૬૯૩, + ૬૧૪૮૯૯ ૭૯૬૫૩, + ૬૧૪૮૦૮ ૦૬૬૩૧, + ૬૧૪૮૦૮૦૬૬૨૭ અથવા ઈમેઈલ આઈડી RAHhumanresource proton.me ઉપરથી કોઈ અજાણ્યા શખ્સો સંર્રક કરે તો સચેત રહેવું.

# મોરબી જીલ્લામાં બે દિવસ કમોસમી વરસાદની આગાહી

## ખેડૂતોને તકેદારીનાં પગલા લેવા જીલ્લા ખેતીવાડી કચેરી દ્વારા માર્ગદર્શિકા બહાર પડાઈ

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીઃ હવામાન ખાતાની આગાહીને અનુલક્ષીને આગામી ૩૧/૧૨/૨૦૨૫ અને ૦૧/૦૧/૨૦૨૬ એમ બે દિવસ મોરબી જીલ્લામાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. જેથી ખેડૂતોને તકેદારીનાં પગલા લેવા જીલ્લા ખેતીવાડી કચેરી દ્વારા માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે.કમોસમી વરસાદથી થતા પાક નુકશાનીથી બચવા માટે ખેડૂતોના ખેત ઉત્પાદિત પાક, ખેતરમાં કાપણી કરેલ પાક ખુલ્લા હોય તો તેને તાત્કાલીક સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી કરવી, અથવા પ્લાસ્ટિક/તાડપત્રીથી યોગ્ય રીતે ઢાકી દેવું અને ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવું. જંતુનાશક દવા અને ખાતરનો ઉપયોગ આ સમયગાળા પુરતો ટાળવો ખાતર અને બિયારણના વિક્રેતાઓએ જથ્થો પલળે નહી તે મુજબ ગોડાઉનમાં સુરક્ષિત રાખવા.

એ.પી.એમ.સી.માં અનાજ અને ખેતપેદાશો સુરક્ષિત રાખવા. એ.પી.એમ.સી.મા વેચાણ અર્થે આવતી પેદાશો આ દિવસો દરમિયાન ટાળવી અથવા સુરક્ષિત રાખવી. આ અંગે વધુ જાણકારી માટે કિસાન કોલ સેન્ટર ટોલ ફ્રી નંબરઃ ૧૮૦૦૧૮૦૧૫૫૧ નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# મોરબી નજીક ટેન્કરે બુલેટને હડફેટે લેતા બે યુવકોના મોત, એક ગંભીર

## ગીડચ ગામના મિત્રો મગફળી વેચાણ અર્થે જતા હતા ત્યારે નડયો અકસ્માત

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીના ગીડચ-પાનેલી રોડ પર પાણીના ટેન્કરે બુલેટ મોટરસાયકલને હડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં એક યુવકનું સ્થળ ઉપર જ મોત થયું જ્યારે બીજા યુવકનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું. મોરબી તાલુકાના ગીડચ ગામ નજીક પાનેલી તરફ જતા રસ્તા પર ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. ગીડચ ગામના અનીલભાઈ પ્રેમજીભાઈ કુંવરિયા ઉવ.૨૫ તેમના મોટા ભાઈ મહેશભાઈ તથા મિત્ર ભાવેશભાઈ લાભુભાઈ ટીડાણી સાથે બુલેટ મોટરસાયકલ રજી.નં. જીજે-૩૬-એજી-૭૯૮૩ ઉપર મગફળી વેચાણ અર્થે મોરબી તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન બુલેટ બાઈક મિત્ર ભાવેશભાઈ ચલાવી રહ્યા હતા, ફરિયાદી અનીલભાઈ અને પાછળ મહેશભાઈ બેઠેલા હતા. ગીડચથી પાનેલી તરફ જતા રસ્તા પર અવાડા પાસેના વળાંક ઉપર સામેથી પાનેલી તળાવમાંથી પાણી ભરી આવતો ટેન્કર રજી.નં. જીજે-૧૦-એક્સ-૭૦૨૨ બેફામ ગતિએ



આવી બુલેટને ધડાકાભેર હડફેટે લીધો હતો. અકસ્માતમાં ત્રણેય યુવકો રોડ પર પટકાયા હતા, જેમાં ભાવેશભાઈનું માથું ટેન્કરના ટાયર નીચે આવી જતા તેમનું સ્થળ પર જ મોત થયું હતું. જ્યારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત મહેશભાઈને મોરબીની આયુષ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા, જ્યાં સારવાર દરમ્યાન તેમનું પણ મોત નિપજ્યું હતું. અકસ્માત બાદ ટેન્કર ચાલક વાહન લઈને ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતા પરિવારજનો તથા ગ્રામજનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત ફરિયાદી અનીલભાઈને પ્રથમ મોરબી અને બાદમાં રાજકોટની સિનર્જી હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડાયા છે, જ્યાં તેમની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. આ અકસ્માતના બનાવ અંગે ઈજાગ્રસ્ત અનીલભાઈ કુંવરિયાની ફરિયાદના આધારે તાલુકા પોલીસ દ્વારા આરોપી ટેન્કર ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં એક જ દિવસે આગના ત્રણ બનાવથી ફાયર બ્રિગેડ ટીમમાં દોડધામ

## લજાઈ નજીક કંપનીમાં, લાલપુર પાસે જંગલમાં અને ઘુંટુ રોડ પર દુકાનમાં આગ ભભૂકી

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીમાં ગઈકાલે તા.૩૦/૧૨ના રોજ ૧૦૧ ફાયર કંટ્રોલ રૂમમાં આગ લાગવાની ત્રણ અલગ અલગ ઘટનાઓના કોલ આવ્યા હતા. જેમાં પ્રથમ બનાવમાં લજાઈ નજીક બીજ કોર્પોરેશન કંપનીમાં આગ લાગવાની ઘટના નોંધાઈ હતી. બીજા બનાવમાં લાલપર વિસ્તારમાં વન વિભાગના જંગલમાં આગ લાગતા વાવેતર કરેલ ઝાડોને નુકસાન થયું હતું. જ્યારે ત્રીજા બનાવમાં ઘુંટુ રોડ પર હરીઑમ સોસાયટી સામે પંચરની દુકાનમાં પડેલા ટાયરમાં આગ ભભૂકી ઉઠી હતી. ત્રણેય બનાવોમાં કોઈ જાનહાની નોંધાઈ નથી. મોરબી ફાયર ટીમે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આગ પર કાબુ



મેળવ્યો હતો.

મોરબી શહેરમાં ગઈકાલ તા.૩૦ ડિસેમ્બરના રોજ એક જ દિવસ દરમિયાન આગ લાગવાના ત્રણ જુદા જુદા બનાવો સામે આવ્યા હતા, જેના પગલે મોરબી ૧૦૧ ફાયર કંટ્રોલ રૂમ સતત સક્રિય રહ્યો હતો. પ્રથમ કોલ સવારે અંદાજે ૧૧ વાગ્યે લજાઈ નજીક આવેલી બીજ કોર્પોરેશન કંપનીમાંથી મળ્યો હતો, જ્યાં કોઈ કારણસર આગ લાગી હતી. ફાયર ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો. જ્યારે બીજો બનાવ બપોરે ૩ વાગ્યે લાલપર વિસ્તારમાં આવેલ વન વિભાગના જંગલમાંથી સામે આવ્યો હતો. અહીં આગ લાગતા વન વિભાગ દ્વારા કરાયેલ વાવેતરના ઝાડોને નુકસાન પહોંચ્યું હતું. ફાયર વિભાગ અને વન વિભાગની સંયુક્ત કામગીરીથી આગને વધુ ફેલાતી રોકી દેવામાં આવી હતી. આ ઉપરાંત આગ લાગવાનો ત્રીજો બનાવ સાંજે ૬.૫૫ વાગ્યે ઘુંટુ રોડ પર હરીઑમ સોસાયટીની સામે આવેલી પંચરની દુકાનમાં નોંધાયો હતો. જેમાં દુકાન પાસે પડેલા ટાયરમાં અચાનક આગ લાગતા તમામ ટાયર બળી ખાખ થઈ ગયા હતા. ત્યારે ફાયર ટીમે ઝડપી કાર્યવાહી કરી આગ પર કાબુ મેળવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ત્રણેય આગના બનાવોમાં કોઈપણ પ્રકારની જાનહાની નોંધાઈ નથી. મોરબી ફાયર વિભાગની સમયસર અને અસરકારક કામગીરીને કારણે મોટી નુકસાનની ઘટના ટળી હતી.

# મોરબીઃ વ્યાસ યુવા સંગઠન આયોજીત ક્રિકેટ ટુર્નામેન્ટમાં મેલોડી ટીમ વિજેતા

**અ બ ત ક , ઋષીમહેતા, મોરબી**



મોરબી વ્યાસ યુવા સંગઠન દ્વારા ધ રોઅર ક્રિકેટ એકેડેમીના મેદાન ખાતે ભવ્ય ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. મોરબી મચ્છુ કાંઠા વિસ્તારમાં રહેતા વ્યાસ સમાજના યુવાનો દ્વારા ક્રિકેટ ઓકશન યોજાઈ હતી, જે અન્વયે ચાર ટીમો ધનશ્રી-૧૧, મેલોડી-૧૧, એમ્પોરર-૧૧ અને નટખટ-૧૧ રચવામાં આવી હતી, જેમાં કુલ ૬૬ યુવાનોનું રજીસ્ટ્રેશન થયું હતું. સવારે આઠ વાગ્યાથી ચારેય ટીમો વચ્ચે ક્રિકેટ મેચ યોજાઈ હતી. અને અંતિમ ચરણમાં મેલોડી-૧૧ ટીમ વિજેતા જાહેર થઈ હતી,

જ્યારે એમ્પોરર-૧૧ ટીમ રનરઅપ રહી હતી. ટુર્નામેન્ટના સમાપન પ્રસંગે વ્યાસ જ્ઞાતિના અગ્રણીઓ, મોભીઓ અને યુવા સંગઠનના સભ્યોના હાથે વિજેતા, રનરઅપ તથા શ્રેષ્ઠ બેટિંગ અને બોલિંગ કરનાર ખેલાડીઓને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# વાંકાનેરમાં ધાર્મિક વિડિયો ફોરવર્ડ મુદ્દે વેપારી ઉપર હુમલા

## વેપારીને ધોકા અને પાઈપ વડે માર મારનાર છ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાય

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

વાંકાનેર શહેરમાં ધાર્મિક વિડિયો ફોરવર્ડ કરવાની બાબતે વિવાદ ઉગ્ર બન્યો હતો. રાજકોટ રોડ પર વેપારીને ગાડીમાંથી બહાર કાઢી લાકડી અને લોખંડના પાઈપથી માર મારવામાં આવ્યો હતો. હાલ ભોગ બનનાર દ્વારા વાંકાનેર સીટી પોલીસ મથકમાં છ આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા, પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનમાં ધાર્મિક વિડિયો ફોરવર્ડ કરવાની બાબતે થયેલા હુમલા અંગે ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદી હુસેનભાઈ ઈબ્રાહિમભાઈ ગઢવારા ઉવ.૫૨ રહે. તીથવા રોડના માર્ગે વાંકાનેર વાળાએ આરોપી સાહિદહુસેન અમીયલભાઈ વકાલીયા રહે. રાજાવડલા, જુબેર ઈકબાલભાઈ તરકબાણ રહે.વાંકાનેર, લતિફ અમીયલભાઈ રહે.રાજાવડલા, સોયબ વારસી રહે.વાંકાનેર, હનિફ મતવો રહે.વાંકાનેર તથા સફિર અબ્બાસભાઈ ગઢવારા રહે.ટોળ તા.વાંકાનેર વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ફરીયાદી હુશેનભાઈને ઉપરોક્ત આરોપીઓએ પોતાના ધર્મના ખલીફાના વિડીઓના નંબર બાબતે ફરીયાદીએ વિડીઓ ફોરવર્ડ કરેલ હોય જે બાબતે આરોપીઓને સારૂ નહિ લાગતા તા. ૨૯/૧૨/૨૦૨૫ના રોજ સાંજના અરસામાં રાજકોટ રોડ પર રાજાવડલા રોડ બોર્ડ પાસે આરોપીઓએ ફરીયાદીને ગાડીમાંથી બહાર કાઢવાની કોશિશ કરી લાકડી તથા લોખંડના પાઈપ વડે શરીરના વિવિધ ભાગે માર માર્યો હતો, જેમાં ફરીયાદીને મુઢ ઈજાઓ પહોંચી હતી

તેમજ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. આ ઉપરાંત આરોપીઓએ ફરીયાદીની દુકાને જઈ ટાટીયા ભાંગી નુકસાન પહોંચાડ્યું હતું અને ફરીયાદી માર મારવાની ધમકી આપી હતી. હાલ વાંકાનેર સીટી પોલીસે તમામ આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદમાં અશ્લીલ ફોટા વિડીયો વાયરલ કરવાની ધમકી આપી પાંચ લાખની ખંડણી વસુલવાનો પ્રયાસ

## ટ્રાન્સપોર્ટરને ધ્રાંગધ્રાના બે શખ્સોએ મોબાઈલમાં આપી ધમકી

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

હળવદ શહેરમાં ટ્રાન્સપોર્ટના ધંધાર્થીના અશ્લીલ ફોટા અને વિડિયો વાયરલ કરવાની ધમકી આપી રૂપિયા પાંચ લાખની ખંડણી માંગવાનો મામલો સામે આવ્યો છે. બે શખ્સો દ્વારા ફોન પર જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવતી હતી.

હળવદ શહેરના ધ્રાંગધ્રા દરવાજા અંદર, રાવલફળી પાસે રહેતા અને ટ્રાન્સપોર્ટનો ધંધો કરતા ફિરોજભાઈ યુનિશભાઈ સંધી ઉવ.૩૦ દ્વારા હળવદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદ મુજબ આજથી અંદાજે એક વર્ષ પહેલાં જમીન લે-વેચ બાબતે અનસભાઈ સંધી અને હાજી સલીમભાઈ સંધી બંને રહે. ધ્રાંગધ્રા સાથે ઓળખાણ અને મિત્રતા થઈ હતી. ત્યારે છેલ્લા દસેક દિવસથી આરોપીઓ દ્વારા ફરિયાદીના મોટા ભાઈ માજીદભાઈ યુનિશભાઈ સંધીના મોબાઈલ પર અવારનવાર ફોન કરી રૂપિયા પાંચ લાખની માંગ કરવામાં આવી રહી હતી. આરોપીઓએ ધમકી આપી હતી કે રૂપિયા નહીં આપે તો તેમના નાનાભાઈ ફરિયાદી ફિરોઝભાઈના અશ્લીલ ફોટા અને વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કરી દેશે તેમજ જાનથી મારી નાખવાની પણ ધમકી આપવામાં આવી હતી. આ સમગ્ર બાબત અંગે ફિરોજભાઈને જાણ થતા આ અંગે હળવદ પોલીસ મથકે ઉપરોક્ત બન્ને આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં હવાલાની ઉઘરાણી મુદ્દે યુવક પર હુમલા

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી શહેરમાં હવાલાના રૂપિયાની ઉઘરાણીના વિવાદને લઈ એક યુવક પર છરી અને ધારીયા વડે હુમલો કરાયો હતો. હુમલામાં યુવકને માથા, કાન અને હાથમાં ઈજા પહોંચતા સારવાર માટે ખસેડાયો હતો.

મળતી માહિતી મુજબ, મોરબીના નર્મદા હોલ પાસે વજેપર ખાતે રહેતા સાહિલ ઈશાકભાઈ દલવાણી ઉવ.૨૦ એ આરોપી સમીર ઉર્ફે ધમો ઈબ્રાહિમ લંજા, તોફીક ઈબ્રાહિમ લંજા રહે-બન્ને મોરબી તથા અન્ય ૩ અજાણ્યા આરોપી વિરુદ્ધ એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે, જેમાં હવાલાના રૂપિયાની ઉઘરાણીના વિવાદને લઈ હિંસક હુમલો કરવામાં આવ્યો હતો, આરોપીઓએ ફરિયાદી સાથે હવાલાના રૂપિયાની લેવડદેવડ બાબતની વાતચીતના બહાને લાતી પ્લોટ શેરી નં-૧૧ ખાતે લઈ જઈ ઝગડો કર્યો હતો. આ દરમિયાન આરોપી ૩ અને આરોપી ૪ તથા એક અજાણ્યો ઈસમ સહિત પાંચેય આરોપીઓએ ફરીયાદી સાથે બોલાચાલી કરી હતી. આરોપી સમીર ઉર્ફે ધમાએ પોતાના પેન્ટના નેફામાંથી છરી કાઢી ફરીયાદીના માથામાં તથા કાનમાં ઈજા પહોંચાડી હતી, જ્યારે આરોપી તોફિકે ધારીયા વડે ડાબા હાથમાં મુઢ ઈજા કરી હતી. સાથે જ જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. હાલ સીટી એ ડિવિઝન પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# મોરબીઃ તમંચા સાથે ભાવેશ જાદવ ઝડપાયો

**અબતક, ઋષી મહેતા, મોરબી**



મોરબી નેશનલ હાઈવે ઉપર આવેલ અક્ષર કોમ્પ્લેક્ષ પાસેથી એક ઈસમને દેશી હાથ બનાવટના તમંચા સાથે પકડી પાડવામાં આવ્યો છે.

મોરબી જીલ્લા પોલીસ અધીક્ષકની સૂચનાથી ૩૧ ડિસેમ્બર અને નવા વર્ષની ઉજવણીને ધ્યાનમાં રાખી એલ.સી.બી. મોરબી દ્વારા વિશેષ કામગીરી હાથ ધરવામાં આવી હતી. ત્યારે જાહેર સ્થળો, હોટલ, ફાર્મહાઉસ તથા ભીડભાડવાળી જગ્યાઓ પર અનિચ્છનીય બનાવો ન બને તે માટે સઘન ચેકિંગની કામગીરી ચાલી રહી હોય તે દરમ્યાન મળેલ ખાનગી બાતમીના આધારે મોરબી-વાંકાનેર નેશનલ હાઈવે ઉપર શક્તિ ચેમ્બરથી આગળ ઉમીયાનગર જવાના રસ્તે આવેલ અક્ષર કોમ્પ્લેક્ષ નજીક તપાસ હાથ ધરવામાં આવી હતી. જ્યાંથી આરોપી ભાવેશભાઈ નિરૂભાઈ જાદવ ઉવ.૩૩ રહે. લાલપર તા.જી.મોરબી વાળાને દેશી હાથ બનાવટના લોખંડના તમંચા કિ.રૂ.૨,૦૦૦/-સાથે ઝડપી લેવામાં આવ્યો હતો. હાલ આરોપી વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ મથકમાં આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધાવી આગળની તપાસ ચલાવી છે.

# મોરબીઃ સમસ્ત બ્રહ્મ સમાજ યુવક મંડળ ટ્રસ્ટના પ્રમુખપદે ધ્યાનેશભાઈ રાવલની વરણી

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી શહેરના લખધીરવાસ ચોક નજીક આવેલા ભવાની ચોક સ્થિત સમસ્ત બ્રહ્મ સમાજ યુવક મંડળ ટ્રસ્ટના કાર્યાલય ખાતે તાજેતરમાં મીટીંગ મળી હતી. આ મીટીંગમાં ટ્રસ્ટીઓ અને સભ્યોની હાજરીમાં આગામી બે વર્ષ માટે ટ્રસ્ટના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં સર્વાનુમતે પ્રમુખ પદે ધ્યાનેશભાઈ રાવલની પસંદગી કરવામાં આવી હતી. આ ઉપરાંત મહામંત્રી પદે પ્રણવભાઈ એચ. ત્રિવેદી, ઉપપ્રમુખ પદે મધુસુદનભાઈ સી. ઠાકર તથા નીતિનકુમાર એ. પંડ્યા અને સહમંત્રી પદે સૂર્યકાંતભાઈ એસ. ઠાકર તેમજ ખજાનચી પદે નરેન્દ્રભાઈ બી. મહેતાની વરણી કરવામાં આવી હતી. નવનિયુક્ત હોદ્દેદારોને સમસ્ત બ્રહ્મ સમાજ યુવક મંડળ ટ્રસ્ટ મોરબી તરફથી અભિનંદન અને શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

# ૩૧ ડિસેમ્બર પૂર્વે જૂનાગઢઃ હોટલ, રિસોર્ટ, પાર્ટી પ્લોટ અને ફાર્મ હાઉસ પર પોલીસની બાજ નજર

## એસ.પી. સુબોધ ઓડેદરાના માર્ગદર્શન હેઠળ જિલ્લાભરમાં સઘન ચેકીંગ અને પેટ્રોલીંગ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

થર્ટી ફર્સ્ટ ઉપર પાર્ટી સાર્ટી કરવા માંગતા ઈસમો ઉપર પોલીસે બાજ નજર હાથ ધરી છે. તથા જિલ્લાભરના હોટલ, રિસોર્ટ, પાર્ટી પ્લોટ, ફાર્મ હાઉસ ઉપર ચાંપતી નજર રખાય રહી છે. આ સાથે ૪ ડીવાયએસપી; ૨૭ પીઆઇ; પીએસઆઇ. એસઓજી; એલસીબી. સહિતની ૨૨ પેટ્રોલિંગ ટીમને કાર્યરત કરવામાં આવી છે. તો ગીરમાં પોલીસ દ્વારા દારૂની મહેફિલો પર ડ્રોનથી નજર રખાઈ રહી છે. આ સાથે ૩૧ ચેકપોસ્ટ, ૧૫ ચેકિંગ પોઈન્ટ ખાતે બ્રથ એનેલાઈઝર, બોડીગાર્ડ કેમેરા, નાઈટ લાઈફ બેટન, ટોર્ચ, બેરિકેટર સહિતના સાધનો સાથે પોલીસ દ્વારા વાહન ચેકિંગ હાથ ધરાયું છે. આમ આ વર્ષે થર્ટી ફર્સ્ટને લઈને પાર્ટી સાર્ટી કરનારા ઈસમો સામે પોલીસે લાલ આંખ કરી આવા ઈસમોને જબ્બે કરવા કમરકસી છે.

થર્ટી ફર્સ્ટ નું કાઉન્ટ ડાઉન શરૂ થયું છે, ત્યારે આ વખતે પોલીસ દ્વારા પાર્ટી સાર્ટી કરનારા ઈસમો સામે કડક કાર્યવાહી કરવા અને કાયદાનો ડંડો વીંઝવા પૂરી તૈયારી કરી લીધી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, જૂનાગઢ જિલ્લા પોલીસ વડા સુબોધ ઓડેદરાની સૂચના અને માર્ગદર્શન હેઠળ ૪ ડીવાયએસપી, ૨૭ પીઆઈ; પીએસઆઈ; ૪૩૫ પોલીસ, ૧૨૦ હોમગાર્ડની સાથે એસઓજી; એલસીબી. સહિતની ૨૨ પેટ્રોલિંગ ટીમને જિલ્લાભરમાં કાર્યરત કરવામાં આવી છે, અને ગેરકાયદેસર હિલચાલ પર વોચ રાખવામાં આવી છે. ચેકીંગ હાથ ધરાઈ રહ્યું છે.

આ સાથે જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ સમગ્ર જુનાગઢ જિલ્લામાં અને ખાસ કરીને જૂનાગઢ શહેર સહિત ગીર વિસ્તારમાં આવેલ હોટેલ, મોટેલ, રિસોર્ટ, ગેસ્ટ હાઉસ, ફાર્મ હાઉસ ઉપર બાજ નજર રાખી સઘન ચેકિંગ હાથ ધરાયું છે. તો જિલ્લામાં આવેલ ૩૧ ચેક પોસ્ટ અને ૧૫ વાહન ચેકિંગ પોઇન્ટ પોલીસ દ્વારા શરૂ કરવામાં આવ્યા છે. જ્યાં બ્રૂથ એનેલાઇઝર, બોડી વોર્ન કેમેરા, નાઈટ રિફલેક્ટર, લાઈફ બેટન, ટોર્ચ, બેરીકેટીંગ સહિતના સાધનો દ્વારા પોલીસે વાહન ચેકિંગ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

દરમિયાન મેંદરડા પીઆઇ. પી.સી. સરવૈયાના જણાવ્યા મુજબ, મેંદરડા પોલીસ દ્વારા મેંદરડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ડ્રોન કેમેરાથી દારૂની મેફીલો પર તીસરી નજરથી વોચ ગોઠવવામાં આવી છે.

# મોરબીઃ તીનપત્તીનો જુગાર રમતા ચાર મહિલા સહિત પાંચ ઝડપાયા

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી નવલખી રોડ વિસ્તારમાં આવેલ મફતીયાપરામાં જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા હોવાની મળેલ બાતમીને આધારે બી ડિવિઝન પોલીસે રેઈડ કરી ચાર મહિલા સહિત પાંચ ઈસમોને ઝડપી લીધા હતા. આ સાથે પોલીસે આરોપીઓ પાસેથી રૂ.૨,૮૦૦ રોકડ સહિતનો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમ્યાન મોરબીના નવલખી રોડ, રણછોડનગર અમૃતપાર્ક પાછળના મફતીયાપરા વિસ્તારમાં જાહેરમાં તીનપત્તી જુગાર રમાતો હોવાની માહિતી મળી હતી. જેના આધારે પોલીસે તાત્કાલિક રેઈડ કરી હતી. ત્યારે રેઈડ દરમ્યાન જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા લક્ષ્મણભાઈ દેવજીભાઈ સોલંકી ઉવ.૭૪, રજીયાબેન મહેબુબભાઈ સુમરા ઉવ.૩૦, રોશનબેન યુનુશભાઈ જુસબભાઈ સુમરા ઉવ.૪૮, રોશનબેન હસણભાઈ લાખાભાઈ સુમરા ઉવ.૨૩ અને છાયાબેન દીલીપભાઈ મોહનભાઈ કુઢીયા ઉવ.૨૬ રહે તમામ મોરબી વાળાને રોકડા રૂ. ૨,૮૦૦/- સાથે ઝડપી લેવામાં આવ્યા છે. હાલ તમામ આરોપીઓ વિરુદ્ધ પોલીસે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેરઃ સદગુરુ આનંદ આશ્રમ દ્વારા જરૂરીયાત મંદોને ધાબળા વિતરણ

**અબતક, લીતેશ ચંદારાણા, વાકાંનેર**



વાંકાનેરમાં રાજકોટ રોડ પર આવેલા હરીચરણદાસજી મહારાજ પ્રેરિત સદગુરુ આનંદ આશ્રમ ખાતે આશ્રમના ટ્રસ્ટીઓ તેમજ સદગુરુ શિષ્ય પરિવાર દ્વારા જરુરીયાત મંદ પરિવારો તેમજ બે ઘર રહેતા લોકો માટે નિઃ સ્વાર્થ ભાવે વિનામૂલ્યે વિતરણનો પ્રારંભ કરવામાં આવેલ છે.

કાર્યક્રમના પ્રારંભે સદગુરુદેવ રણછોડદાસ મહારાજના સ્મૃતિ મંદિર ખાતે પુજારી તિવારીબાપુના હસ્તે બાપુની પ્રતિમા સમક્ષ રાખી પુજન કરી ત્યારબાદ ટ્રસ્ટના પ્રમુખ સહીત નાની પ્રેરક ઉપસ્થિતિમાં ધાબળાની પુજન વિધી કર્યા બાદ વિતરણનો પ્રારંભ કરવામાં આવેલ હતો.

જેમાં શહેરભરમાં વિવિધ વિસ્તારોમાં જેવાકે ઝુપડપટ્ટી વિસ્તાર, રોડ-રસ્તા, ફુટપાથ રેલવે પ્લેટ ફોર્મ તથા બે ઘર રખડતુ ભટકતું જીવન જીવતા નિરાધરોને સદગુરુ શિષ્ય પરિવાર યુવાનોએ રુબરુ મુલાકાત લઈ પોતાના સ્વહાથે વિતરણ કરવામાં આવેલ હતું.

તેમજ શહેરમાં કોઈપણ વિસ્તારમાં જરુરીયાત મંદ લોકો હોય તો મો. નં. ૯૨૭૪૩ ૫૫૫૦૭ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

આ ઉપરાંત સદગુરુ આનંદ આશ્રમ ટ્રસ્ટ તરફથી વિનામૂલ્યે મેડીકલ સાધનો જરુરીયાત લોકોને ઉપયોગ કરવા માટે કાયમી ધોરણે સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

# થર્ટી ફર્સ્ટ : રાજકોટ ગ્રામ્ય પોલીસની ટીમો મેદાને, ઠેરઠેર સઘન ચેકીંગ

## દારૂ ઢીંચી વાહન ચલાવતા નબીરા ઝપટે ચડ્યા, કારમાંથી બ્લેકફિલ્મો દૂર કરાઈ : આજે પાર્ટી પ્લોટથી માંડી ફાર્મહાઉસમાં યોજાતી પાર્ટીઓ પર પોલીસની વોચ

**અબતક, રાજકોટ**

થર્ટી ફર્સ્ટને લઈ રાજકોટ જિલ્લા પોલીસ દ્વારા ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચના હેઠળ ગઈકાલથી જ જિલ્લામાં અલગ અલગ સ્થળોએ તેમજ ખાસ કરીને હાઈવે પર સઘન ચેકિંગ કરવામાં આવ્યું હતું. પોલીસ દ્વારા બ્રેથ એનેલાઈઝરની મદદથી દારૂ પી વાહન ચલાવનાર વાહન ચાલકોને પકડી પાડવામાં આવ્યા હતા. આ ઉપરાંત વાહનોમાંથી બ્લેક ફિલ્મ ઉતારવામાં આવી હતી.

રેન્જ આઈ.જી અશોકકુમાર યાદવ અને રાજકોટ જિલ્લા પોલીસવડા વિજયસિંહ ગુર્જરની સુચના હેઠળ જિલ્લામાં આગામી થર્ટી ફર્સ્ટની ઉજવણીને લઈ કાયદો વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને કોઈ અઘટિત ઘટના ન બને તે માટે પોલીસ દ્વારા તકેદારીના ભાગરૂપે થર્ટી ફર્સ્ટ પૂર્વે જ સઘન ચેકિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે.





રાજકોટ જિલ્લા પોલીસ દ્વારા ગઈકાલે એએસપી સિમરન ભારદ્વાજ, જેતપુર ડીવાયએસપી રોહિતસિંહ ડોડીયા સહિતના અધિકારીઓની હાજરીમાં જે તે પોલીસ સ્ટેશનના થાણા અધિકારી તથા પોલીસ મથકના સ્ટાફ દ્વારા સઘન ચેકિંગ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. ખાસ કરીને હાઈવે રોડ પર પોલીસ દ્વારા અહીંથી પસાર થતા વાહનોને અટકાવી વાહન ચાલકોને બ્રેથ એનેલાઈઝર વડે ચેક કરી દારૂ પી વાહન ચલાવનાર સામે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

આ ઉપરાંત વાહનોમાં બ્લેક ફિલ્મ લગાવનાર વાહન ચાલકો સામે પણ પોલીસે દંડનીય કાર્યવાહી કરી ફોર વ્હીલમાંથી બ્લેક ફિલ્મ ઉતારી હતી. આજે થર્ટી ફર્સ્ટને લઈ જિલ્લા પોલીસ દ્વારા સઘન ચેકિંગ કરવામાં આવશે એટલું જ નહીં ગ્રામ્ય વિસ્તારોમાં આવતા ફાર્મ હાઉસ અને પાર્ટી પ્લોટમાં નવા વર્ષની નશીલી ઉજવણી કરનાર શખસો પર ખાસ વોચ ગોઠવવામાં આવશે અને નવા વર્ષની ઉજવણી દારૂની મહેફિલ સાથે કરનાર શખસો સામે પોલીસ દ્વારા ગુના નોંધવાની કાર્યવાહી કરવામાં આવશે.

# અંજાર નશાની હાલતમાં વાહન ચલાવતા સામે પોલીસ કડક કાર્યવાહી



**અબતક,ભારતી માખીજાણી અંજાર**

અંજાર પીઆઈ એ.આર ગોહિલ તથા તેમના પોલીસ સ્ટાફ દ્વારા અંજાર શહેર તેમજ હાઈવે વિસ્તારમાં વાહન ચેકિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ સાથે રાત્રિ પેટ્રોલિંગમાં પણ નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે.નશાનો વેપાર કરનાર તેમજ નશાની હાલતમાં વાહન ચલાવતા ચાલકો સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. પોલીસે અંજારના જુદા-જુદા સ્થળોએ બેથ એનાલાઈઝર મશીન દ્વારા ચેકિંગ હાથ ધર્યું હતું.

# લખતરના વિઠ્ઠલાપરા ચેક પોસ્ટ પાસે પોલીસ દ્વારા સઘન ચેકીંગ

## ૩૧ ડિસેમ્બરે સૌરાષ્ટ્રના પ્રવેશદ્વાર પર પોલીસ દ્વારા સઘન કાર્યવાહી

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગર જીલ્લામાં ૩૧ ડિસેમ્બરની ઉજવણીને ધ્યાનમાં રાખીને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે જિલ્લા પોલીસે કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવી છે. જેમાં નવા વર્ષની ઉજવણીના નામે થતી અસામાજીક પ્રવૃત્તિઓ અને દારૂની મહેફિલો પર અંકુશ મેળવવા સમગ્ર જિલ્લામાં સઘન વાહન ચેકિંગ અને નાકાબંધી શરૂ કરવામાં આવી છે.

જેના ભાગરૂપે સુરેનૂદ્રનગર જીલ્લા પોલીસ વડાની સુચનાથી સ્થાનિક પોલીસ દ્વારા રાત્રિ દરમ્યાન લખતર તાલુકાના વિઠલાપરા ચેક પોસ્ટ ખાતે ૩૧ ડિસેમ્બરની ઉજવણીને ધ્યાને લઈને લખતર પી.આઈ સહિતના સ્ટાફ દ્વારા સઘન વાહન ચેકીંગ તેમજ બ્રેથ એનેલાઈઝર દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. લખતરના વિઠલાપરા ચેક પોસ્ટ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો

અને દારૂની હેરાફેરી અટકાવવા તેમજ ડ્રીંક એન્ડ ડ્રાઈવના કારણે થતા અકસ્માતોને અટકાવવા માટે લખતર પોલીસ દ્વારા હાઈવે પર સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતુ. તેમજ દારૂની મહેફિલ માણનાર શખ્સોને ઝડપી પાડવા માટે બ્રેથ એનેલાઈઝરથી સજ્જ લખતર પોલીસ દ્વારા વાહન ચાલકોને ચેક કરવામાં આવી રહયા છે.

# ગીર સોમનાથમાં થર્ટી ફર્સ્ટને લઈ પોલીસ એકશનમોડમાં,એસ.પી. જયદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં ચુસ્ત બંદોબસ્ત

## સંઘ પ્રદેશ દીવ અને આંતર જિલ્લા બોર્ડર પર ચેકપોસ્ટ કાર્યરત ગીર વિસ્તારમાં સંયુક્ત કોમ્બિંગ ડ્રિંક એન્ડ ડ્રાઈવ સામે કડક કાર્યવાહી

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

ગીર સોમનાથ જિલ્લો પાડોશી કેન્દ્રશાસિત પ્રદેશ દિવની સરહદ સાથે જોડાયેલો હોવાથી ૩૧મી ડિસેમ્બરની રાત્રે દારૂની હેરાફેરી અને 'ડ્રિંક એન્ડ ડ્રાઈવ'ના કિસ્સાઓ વધવાની શક્યતા રહેલી હોય છે.આ સ્થિતિને પહોંચી વળવા માટે જિલ્લા પોલીસ વડાની સૂચનાથી તમામ મુખ્ય હાઈવે અને અંતરિયાળ રસ્તાઓ પર પોલીસ તૈનાત કરી દેવામાં આવી છે. પોલીસ દ્વારા જિલ્લાના તમામ પ્રવેશદ્વારો પર ચેકપોસ્ટ ઉભી કરવામાં આવી છે. અહીંથી પસાર થતા પ્રત્યેક વાહનચાલકની ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે.ગીર સોમનાથ જિલ્લા પોલીસ વડા જયદીપસિંહ જાડેજા એ ખાસ વાતચીત માં જણાવ્યું હતું કે, પોલીસની આ





સતર્કતાનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો અને ઉજવણી દરમિયાન થતા અકસ્માતોને રોકવાનો છે.

ગીર સોમનાથ જિલ્લામાં ૩૧ ડિસેમ્બર (થર્ટી ફર્સ્ટ) નિમિત્તે કાયદો અને વ્યવસ્થા સુચારુ રહે તે હેતુસર છેલ્લા ૧૫ દિવસથી પ્રોહિબિશન તેમજ ડ્રનૂક એન્ડ ડ્રાઈવ વિરુદ્ધ વિશેષ ડ્રાઈવ હાથ ધરવામાં આવી રહી છે.આ વિશેષ ડ્રાઈવ અંતર્ગત જિલ્લામાં પ્રોહિબિશન હેઠળ કુલ ૪૦૮ કેસો નોંધાયા છે, જ્યારે મોટર વાહન અધિનિયમ કલમ ૧૮૫ હેઠળ ડ્રનૂક એન્ડ ડ્રાઈવના ૨૦૭ કેસો કરવામાં આવ્યા છે. હાલ પણ આ ખાસ ડ્રાઈવ ચાલુ છે.

જિલ્લામાં હાલમાં ૦૨ ચેક પોસ્ટ કાર્યરત રાખવામાં આવી છે.

આ ઉપરાંત, તમામ પોલીસ સ્ટેશનોમાં પોલીસ સ્ટેશન-વાઈઝ ૧૨ અલગ અલગ વાહન ચેકિંગ પોઈન્ટ કાર્યરત રાખવામાં આવ્યા છે.SOG (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ) દ્વારા જિલ્લામાં સઘન હોટેલ, ધાબા તથા ફાર્મ હાઉસની ચેકિંગ હાથ ધરવામાં આવી હતી, જેમાં જાહેરનામા ભંગ બદલ કુલ ૧૦ કેસો નોંધવામાં આવ્યા છે.

આ ડ્રાઈવ અંતર્ગત LCB અને SOG દ્વારા અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં કુલ ૨૨ ટીમો બનાવી સઘન વાહન ચેકિંગ તેમજ પ્રોહિબિશન ધારા ભંગના કેસો કરવામાં આવી રહ્યા છે.

થર્ટી ફર્સ્ટ ની રાત્રીના મહેફીલ જમાવતા અને નશા માં ધૂત બનતા અવારા તત્વો ને એસ.પી. જાડેજા ની તાકીદ.. કાયદા માં રહેશો તો ફાયદા માં રહેશો..

ઊજવણી ના ઉન્માદ માં જો કોઈ નિર્દોષ સામાન્ય નાગરિકો ને હેરાન કરશો તો તમારી ખેર નહીં રહે.

# સાસણ : ૨ ફાર્મ હાઉસના સંચાલકો વિરૂધ્ધ કાર્યવાહી

## થર્ટી ફર્સ્ટ પર ગુનાખોરી અટકાવવા સાસણના ફાર્મ હાઉસ, હોટેલ, રીસોર્ટમાં સઘન ચેકીંગ હાથ ધરાયું

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ એસ.ઓ.જી. એ થર્ટી ફર્સ્ટ પર ગુનાખોરી અટકાવવા સાસણના ફાર્મ હાઉસ, હોટેલ, રીસોર્ટમાં સઘન ચેકીંગ હાથ ધરવામા આવ્યું હતું જે દરમિયાન સાસણ વિસ્તારના ૨ ફાર્મ હાઉસના સંચાલકો વિરૂધ્ધ જાહેરનામાં ભંગના ગુન્હા દાખલ કરવામાં આવ્યા હતા.જૂનાગઢના પોલીસ અધિક્ષક સુબોધ ઓડેદરાની સુચના અને માર્ગદર્શન મુજબ આગામી તા. ૩૧/૧૨/૨૦૨૫ વર્ષનો આખરી દિવસ હોઈ નવા વર્ષનું સ્વાગત કરવા હોટલો, ગેસ્ટ હાઉસ તેમજ ફાર્મ હાઉસોને ચેક કરવા અને હોટલ, ગેસ્ટ હાઉસના રજીસ્ટરો ચેક કરવા જીલ્લામાં કાયદો વ્યવસ્થાની સ્થિતી મજબુત બનાવવા અને ગુનાખોરી અટકાવવા તમામ હોટલ, ગેસ્ટ હાઉસ, રીસોર્ટ વિગેરેમાં આવતા યાત્રીકો, મુસાફરોની પથિક વેબ પોર્ટલ ઉપર ઓનલાઇન એન્ટ્રી કરાવવા બાબતે સુચના કરેલ છે

જે અન્વયે જુનાગઢ એસ.ઓ.જી.ના પોલીસ ઈન્સ. આર.કે. પરમાર તથા પો.સ્ટાફના માણસો સતત પ્રયત્નશીલ હોય, તથા આજરોજ એસ.ઓ.જી. ટીમ સાસણ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી અને સાસણ વિસ્તારમાં આવેલ ૧૫ થી વધારે હોટલો, ફાર્મ હાઉસો, રીસોર્ટમાં પથિક વેબ પોર્ટલમાં એન્ટ્રીઓ ચેક કરતા માતૃ ફાર્મ (દેવળીયા પાર્ક પાસે, માળીયા - સાસાણ રોડ) તથા રાધે ફાર્મ (દેવળીયા પાર્ક પાસે, માળીયા - સાસાણ રોડ) ના સંચાલકોએ પોતાના રીસોર્ટમાં આવતા વ્યક્તિઓની પથિક વેબ પોર્ટલમાં ઓનલાઈન એન્ટ્રી નહીં કરતા હોવાનું માલુમ પડતા તેઓ વિરૂધ્ધ જાહેરનામા ભંગના માળીયા હાટીના પોલીસ સ્ટેશનમાં ગુન્હા દાખલ કરાવેલ છે.

# ધ્રાંગધ્રા ઈસદ્રા ગામે ચાઈનીઝ દોરી સાથે શખ્સ પકડાયો

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાગધ્રા તાલુકા સીટી પોલીસ પેટ્રોલીગમાં હોય તે સમયે ઈસદ્રા ગામ બસ સ્ટેન્ડ નજીક પોતાના કબ્જામાં રાખીને ચાઈનીઝ દોરીનું વેચાણ કરતા રોહિતભાઈ જમાભાઈ ઠાકોરને ૮ નંગ ચાઈનીઝ દોરીના ફિરકા સાથે તાલુકા પોલીસે ઝડપી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.



# ગોંડલ: સરકારી હોસ્પિટલનાં સ્ટાફની બેદરકારીથી તરૂણનું મોત

## અસામાજીક તત્વો દ્વારા દારુની મહેફીલો યોજાતી હોવાનો સમાજ સેવક પ્રફુલભાઈ રાજયગુરુ નો આક્ષેપ

**અબતક, જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

ગોંડલની સરકારી હોસ્પિટલમાં અંધેર વહીવટ ચાલી રહ્યો હોય જેનો ભોગ તરુણ બન્યાનું જણાવી સામાજિક કાર્યકર પ્રફુલભાઈ રાજયગુરુએ સ્ટાફની બેદરકારીને કારણે તરુણનું મોત થયાનું જણાવ્યું હતું.તેમણે હોસ્પિટલ માં દારુડીયાઓ તથા અસામાજીક તત્વોનો અડ્ડો જામતો હોવાનો આક્ષેપ કરી હોસ્પિટલ નાં અણઘડ વહીવટ અંગે ધારાસભ્ય તથા આરોગ્ય તંત્ર ને રજુઆત કરીછે.

પ્રફુલભાઈ રાજયગુરુ એ જણાવ્યું કે હોસ્પિટલ માં મેડિકલ ઓફિસર સહિત અન્ય તબીબો ઉપરાંત પચ્ચીસ થી વધુ નર્સિંગ સ્ટાફ હોવા છતા નર્સિંગ સ્કુલનાં સ્ટુડન્ટો પર હોસ્પિટલ નભી રહીછે.જવાબદાર કર્મચારીઓ કોઇ કામ કરતા નથી ત્યારે નર્સિંગ સ્ટુડન્ટો દ્વારા હોસ્પિટલ ચાલી રહીછે.બે દિવસ પહેલા ફેજલ ઈસ્માઈલભાઈ બોડા નામનો તરુણ પીડાઈ રહ્યો હોવા છતા કોઈ તબીબો એ ગંભીરતા નહી લેતા તેનું મૃત્યુ થયુ હતુ. હોસ્પિટલ માં પુરતો સ્ટાફ હોવા છતા બેદરકારી તથા સારવાર નાં અભાવે પરીવારે એકનાં એક પુત્ર ને ગુમાવ્યો હતો.બીજી ઘટના માં એક બાળક મૃત્યુ પામ્યો હોવા છતા તેને રાજકોટ રિફર કરાયો હતો.આ સમયે હોસ્પિટલ માં એક અનુભવી વ્યક્તિ એ ઈસીજી કાઢવાનું કહેતા તેના રિપોર્ટ માં બાળક મૃત હોવાનુ બહાર આવ્યું હતું.આમ હોસ્પિટલ માં રેઢા પડ જેવી હાલત હોય દર્દીઓ ની હાલત કફોડી બની છે.પ્રફુલભાઈ રાજ્યગુરુ એ વધુ માં જણાવ્યું કે સરકારી હોસ્પિટલ માં નસેડીઓ અને ઉઠાઉગીરોને મોકળુ મેદાન હોય તેમ દર્દીઓ તથા તેમના સગા વહાલાનાં માલ સામાન,મોબાઈલ કે રોકડ રકમ ઉઠાવગીરો ઉઠાવી જવાની ઘટનાઓ બનતી રહેછે.

હોસ્પિટલ ની કથળેલી હાલત અંગે અધીક્ષક માહિતગાર હોવા છતા અમુક લોકોની બિનજરુરી દરમિયાનગીરી ને કારણે તેવો આંખ આડા કાન કરી રહ્યા છે.હોસ્પિટલ ને બચાવવા તંત્ર દ્વારા યોગ્ય પગલા લેવા તેમણે રજુઆત માં જણાવ્યું હતું.

# છેતરપીંડીના કેસમાં બે આરોપીઓના જામીન મંજૂર

**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળીયા**

તાજેતરમાં દેવભૂમિ દ્વારકા જીલ્લાના દ્વારકા પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ. કલમ ૩૧૮, ૩૫૪, ૬૧ મુજબ ધરેલું નડતર દુર થશે તેમ ફરીને અંધશ્રદ્ધા તથા તાંત્રીક વિધિના નામે લાખોના સોના ચાંદીના દાગીનાની છેતરપીંડી થયાની ફરીયાદ થઈ હતી.

દ્વારકા મુજબ ન્યાયધીશની કોર્ટમાં આ કેસના આરોપીઓ વતી આંબલીયા એસોસિયેટ ના એડવોકેટ સંજય આંબલીયા દ્વારા તર્ક સભર તથા બી.એન.એસ. ની વિવિધ કલમોના અર્થઘટન સાથે મુખ્ય મુદ્દાઓ ના સંદર્ભમાં ઝીણવટભરી દલીલો કરીને રજુઆત કરતા ન્યાયધીશ દ્વારા કેસના તથ્યો આરોપીઓની ભૂમિકા તથા સ્થાપિત કાનુની સિધ્ધાંતો ધ્યાને લઈને પોલીસની કસ્ટડીમાં રહેલ બે આરોપીને કોર્ટે નકકી કરેલી શરતો સાથે જામીન પર મુકત કરવા હુકમ કરાયો હતો.

યોગ્ય કાનુની રજુઆત અને વકીલોની અસરકારક ભુમિકા ન્યાયીક પ્રક્રિયામાં નિર્ણાયક સાબિત થતી હોવાનું પુરવાર થયું હતું.

# થાન નાયબ મામલતદાર અને ટીમ પર હુમલો કરનાર બન્ને શખ્સોના જામીન નામંજૂર

## ગત તા.૧૫ ડિસેમ્બરના રોજ ખનીજ ખનન ચેકીંગ દરમિયાન ફરજ રૂકાવટ કરી તી

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

થાન ખાતે ફરજ બજાવતા નાયબ મામલતદાર અને સ્ટાફના માણસો ગત તા.૧૫ ડિસેમ્બરના રોજ થાન તાલુકાના ભડુલા વિસ્તારમાં ગેરકાયદેસર ખનીજ સંપત્તિના ખનન અંગે ચેકીંગ કરવા ગયા હતા તે દરમિયાન ૦૬ જેટલા ભૂમાફિયાઓ દ્વારા થાન નાયબ મામલતદાર, ડ્રાઈવર અને ઓપરેટરને ગાળો આપી બે થી ત્રણ લાફા ઝીંકી સરકારી કારને નુકશાન પહોંચાડ્યું હતું. જે મામલે ભોગ બનનાર નાયબ મામલતદારે થાન પોલીસ મથકે હુમલો અને ફરજમાં રૂકાવટ અંગે ત્રણ ભૂમાફિયાઓ સામે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેને ધ્યાને લઈને પોલીસે ગત તા.૨૬ ડિસેમ્બરના રોજ હુમલો કરનાર શખ્શો પૈકી બે શખ્શો જયપાલ અલગોતર અને રવિ ઉગાભાઈ પરમારને ઝડપી પાડ્યા હતા અને કાર્યવાહી હાથ ધરી હતી. ઝડપાયેલ બન્ને શખ્સોએ થાન કોર્ટમાં જમીન અંગે અરજી કરી હતી પરંતુ સરકારી વકીલની ધારદાર દલીલોને ધ્યાને લઈને થાન કોર્ટના જજ દ્વારા બન્ને શખ્સોની જમીન અરજી રદ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે.

# ભેસાણ તાલુકા પંચાયત કચેરીમાં બાંધકામ શાખાના કર્મચારી ઉપર હુમલો

**અબતક, દર્શન જોશી,જુનાગઢ**

ભેસાણ તાલુકા પંચાયત બાંધકામ શાખાના કર્મચારી ઉપર જુના મનદુઃખના કારણે ૩ ઈસમોએ હુમલો કરી ફરજમાં રૂકાવટ કરી હોવાની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

ભેંસાણ તાલુકા પંચાયતની બાંધકામ શાખાના કર્મચારી વિશાલભાઈ સામજીભાઈ પોકર ઉ.વ.૩૨ એ આરોપી કુમારભાઈ બસીયા તથા બે અજાણ્યા ઈસમો સામે એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આરોપી કુમારભાઈ બસીયા એ જુની વાતનું મનદુઃખ રાખી, આ કામના ફરીયાદી વિશાલભાઈ સામજીભાઈ પોકર પોતાની કાયદેસરની ફરજ ઉપર ભેસાણ તાલુકા પંચાયત બાંધકામની કચેરીએ હાજર હોય ત્યાં આવી ફરીયાદીને ગાળો આપી, અજાણ્યા ઈસમો એ ફરીયાદીને પકડી રાખી, કુમારભાઈ બસિયા એ ફરીયાદીને શરીરે ઢીકા પાટુનો મુંઢમાર મારી ફરીયાદીનું ગળુ દબાવી જાન થી મારી નાખવાની ધમકી આપી ફરીયાદીની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી હોવાની ભેસાણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે આરોપી સામે ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પડધરી નજીક કાર પાછળ ટ્રક ઘુસી જતા યુવાનનું મોત

## ગોંડલમાં બાઈક અને કારની ટક્કરમાં ભૂણાવાના તરુણ નું મોત

**અબતક રાજકોટ**

જામનગર ના ખાવડી ગામે રહેતો ૨૫ વર્ષથી યુવાન મોવૈયા અને રામપર ગામ વચ્ચે કારનો અકસ્માત થતાં સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ જેનો સારવાર મળે તે પહેલાં મૃત્યુ નીપજ્યું હતું. બીજા બનાવમાં ગોંડલના ભૂણાવા ગામે રહેતો ૧૬ વર્ષીય તરુણ મિત્રના જન્મદિવસ ઉજવવા ગોંડલ શહેરમાં કપુરીયા ચોક પાસે કાર અને બાઈક અકસ્માતમાં સારવાર મળે તે પહેલા મોત નીપજ્યું હતુ

આ અંગે મળતી માહિતી મુજબ પ્રથમ બનાવવામાં જામનગર શહેર ખાવડી રહેતો પ્રફુલ જાની ઉંમર વર્ષ ૨૫ વર્ષીય યુવાન ગઈકાલે રામપર અને મોવૈયા ગામ વચ્ચે આગળની કારે અચાનક બ્રેક મારવાથી પાછળથી આવતા ટ્રકે કારને ઘૂસી જતા યુવાન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો

**રિલાયન્સ માં નોકરી કરતો યુવાન રાજકોટ પરીક્ષા આપવા જતા નડ્યો અકસ્માત**

જેને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા સારવાર મળે તે પહેલા મૃત્યુ નીપજ્યું હતુ આ અંગે મૃતક પરીક્ષા આપવા માટે રાજકોટ આવતો હોય પોતે વડોદરા નો વતની હોય અને જામનગર રિલાયન્સ કંપનીમાં કામ કરતો હોય આ અંગે પડધરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

બીજા બનાવવામાં ગોંડલના ભૂણાવા ગામે રહેતો યજ્ઞદીપ સિંહ નરેન્દ્ર સિંહ જાડેજા ઉંમર વર્ષ ૧૬ વર્ષે તરુણ ગઈકાલે ગોંડલ શહેરના કપુરીયા ચોક પાસે બાઈક લઈને જતો હતો ત્યારે સામેથી આવતી ક્રેટા કાર સાથે અકસ્માત થતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

જેમાં મોત નીપજતા ઘટના સ્થળે ગોંડલ પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો આ અંગે મૃતક યુવાન મિત્રના જન્મદિવસ ની ઉજવણી કરવા ગોંડલ શહેરમાં ગયો હતો એક બેનના એકના એક ભાઈના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ હતી આ અંગે ગોંડલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

# જુનાગઢની જિલ્લા જેલમાં જેલના કેદીઓ વચ્ચે જામી પડી

## બે ઘટનામાં ૯ કેદીઓ સામે પોલીસ દફતરે ગુનો નોંધાયો

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢની જિલ્લા જેલમાં કેદીઓ વચ્ચે બઘડાતી બોલી હોવાની ઘટના પોલીસ દફતરે નોંધાતા પોલીસે આ બાબતે આરોપીઓ સામે ગુનો નોંધી, તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

જૂનાગઢની જિલ્લા જેલમાં રહેલા કાચા કામના આરોપી અને મૂળ મૂળ કોડીનાર કોડીનાર છારાના રહેવાસી સાગરભાઈ કાનજીભાઈ ચાવડા (ઉ.વ.૨૬) જુનાગઢ જીલ્લા જેલમા જેલ ના દવાખાના પાસે ઉભા હતા અજાણ્યો કેદી અનુ.જાતીને ગાળો બોલતા બોલતા નિકળતા, ફરીયાદી સાગરભાઈ એ અનુ. જાતીની ગાળો આપવાની તેમજ અનુ.જાતી વિશે બોલવાની ના પાડતા આરોપીએ ઉશેકેરાઈ જઈ, માર મારી, તમે લોકો એ મારી ઉપર ખોટો એટ્રોસીટીનો કેશ કરાવેલ છે તેમ કહી ફરીયાદીને મારી નાખવાના ઈરાદે ત્યા રહેલ ગટરનુ ઢાકણુ ઉપાડી માથાના ભાગે મારી, તથા ફરીવાર મારવા જતા ફરીયાદી હટી જતા અને નીચે પછાડી દઈ માથાના ભાગે જીવલેણ ધા મારી ગુન્હો કર્યા અંગેની એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. જેની તપાસ એસસી; એસટી. સેલના ના.પો.અધિ. રવિરાજસિહ પરમાર એ હાથ ધરી છે.

જ્યારે જુનાગઢ જિલ્લા જેલમાં બીજી એક હુમલાની ઘટના પોલીસ દફતરે નોંધાઈ છે, જેની પ્રાપ્ત વિગતો મુજબ, જુનાગઢ જિલ્લા જેલના કાચા કામના આરોપી અને મૂળ નાના કોટડા, તાલુકો વિસાવદરના રહેવાસી હરેશભાઈ છગનભાઈ સાવલિયા (ઉ.વ.૪૭) પોતાની મુલાકત કરી પરત આવતા હતા, ત્યારે જુનાગઢ જીલ્લા જેલના અજાણ્યા કુલ ૮ કેદી આરોપીઓએ ફરીયાદી હરેશભાઈને બાજુ લઈ જઈ, ગેરકાયેદસર મંડળી રચી, કાઈપણ કહ્યા વગર આડેધડ ઢીકા પાટુનો માર મારી, જાન થી મારી નાખવાની ધમકી આપી હોવાની હરેશભાઈ છગનભાઈ સાવલિયા એ એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવતા એ ડિવિઝન પી.આઈ. વી.એલ.લખધીર એ આ અંગે તપાસ હાથ ધરી છે.

# જામનગર ક્રાઈમ ડાયરી

## લાલપુરના કાનાછીકારી ગામે જુગાર રમતા ૬ પકડાયા

### રોકડ, બાઈક અને મોબાઈલ સહિત કુલ રૂ.૨.૩૭ લાખનો મુદામાલ કબ્જે



**અબતક, જામનગર**

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના કાનાછીકારી નજીક પોલીસે જુગાર સંબંધિત દરોડો પાડ્યો હતો. પોલીસે સસોઈ નદીના કાંઠે વાડીના શેઢે જુગાર રમી રહેલાં છ શખ્સોને પોલીસે રોડક, બાઈક અને મોબાઈલ સહિત કુલ રૂા. ૨.૩૭ લાખની મત્તા સાથે પકડી પાડયાં હતાં. પોલીસે તમામ શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જામનગર જિલ્લા લાલપુર તાલુકાના કાનાછીકારી ગામની સીમમાં સસોઈ નદીના કાંઠે વાડીના શેઢે જાહેરમાં જુગાર રમી રહેલાં અમીતભાઈ હૈદરઅલી કાનાણી (ઉ.વ.૩૩, રહે. જીવાપર ગામ તાલુકો જીલ્લો જામનગર), મહીતસિંહ ગોવુભા વાઢેર (ઉ.વ.૩૦, રહે.બાલંભડી ગામ તાલુકો જીલ્લો જામનગર), પરસોતમ ભાઈ દેવજીભાઈ ધારવિયા (ઉ.વ.૫૫, રહે.આમરા ગામ તાલુકો જીલ્લો જામનગર), વિનોદભાઈ દેવાભાઈ ચોપડા (ઉ.વ.૪૨, રહે. ગણવા ગામ તા. જી.જામનગર), રમેશભાઈ નારણભાઈ નંદાસણા (ઉ.વ.૬૦, રહે.શાપર ગામ તા.જી. જામનગર), જુવાનસિંહ નારસિંહ જાડેજા (ઉ.વ.૬૦, રહે. ગાડુકાગામ તા.જી. જામનગર) નામના છ શખ્સોને રંગેહાથ ઝડપી લીધા હતાં. પોલીસે તમામ શખ્સો પાસેથી ૬૨,૫૦૦ ની રોકડ રકમ, રૂા. ૧,૫૦,૦૦૦ ની કિંમતના ત્રણ મોટરસાઈકલ અને રૂા.૨૫,૦૦૦ ની કિંમતના પાંચ મોબાઈલ સહિત કુલ રૂા.૨,૩૭,૫૦૦ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારાની કલમ હેઠળ ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## જોડિયા નજીક ૧૫૨ બોટલ દારૂ સાથે ગોરચંદ પરમાર ઝડપાયો

**અબતક, જામનગર**

મૂળ મધ્યપ્રદેશ રાજ્યનો વતની અને હાલ જામનગર તાલુકાના ખીમલીયા ગામે રહી ખેતમજૂરી કરતો ગોરચંદ ઉર્ફે ગૌરવ રમેશભાઈ પરમાર નામનો શખ્સ લીંબુડા-વાવડી રોડ પર આવેલ પાણીના વોકળા પાસેથી શંકાસ્પદ હાલતમાં પસાર થતા જોડિયા પોલીસ દ્વારા તેને અટકાવી તલાસી લેતા આરોપીના કબજામાંથી ૧૫૨ બોટલ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જેના આધારે પોલીસે ૭૬૦૦૦ રૂપિયાની કિંમતનો દારૂનો જથ્થો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ખંભાળીયાનાં કોલવા ગામે પશુ ઘાસ ચારોમાં અજાણ્યા શખ્સે આગ લગાડી

**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળીયા**

ખંભાળીયા કોલવા ગામે ત્રણ ગાડી મગફળી ભુકકો જુવાર કોઈએ સળગાવી દીધી હતી.

ખંભાળીયા તાલુકાના કોલવા ગામે એક ખેડુતની મગફળી તથા જુવારનો જથ્થો કોઈએ સળગાવી નાખતા પોલીસ ફરિયાદ થઈ છે.

કોલવાના સાગરભાઈ નારણભાઈ કરમૂરના ખેતરમાં ગત તા. ૨૭.૧૨ના રાત્રે બેથી ચાર દરમ્યાન બે ગાડી મગફળી ભૂકો તથા એક ગાડી જુવારની નીરણ કોઈએ સળગાવી દેતા રાત્રે તેમણે ઉઠતા જોયું પણ બધુ ભસ્મીભૂત થઈ ગયું હતુ. કોઈ અજાણ્યા શખ્સોએ આ કર્યાની ફરિયાદ કરતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# પોલીસકર્મી પર છરી વડે હુમલો કરી ભાગવા જતાં PSIએ આરોપીના પગમાં ગોળી ધરબી દીધી

### લીંબડી તાલુકાના શીયાણી ગામે બનેલ મારામારીનો આરોપી દિવ્યરાજસિંહ ઉર્ફે બુલ શીવુભા બોરાણાએ રીકન્સ્ટ્રકશન દરમિયાન નાસી જવાની કોશિશ કરી

**અબતક, રાજકોટ**

લીંબડી તાલુકાના શીયાણી ગામે અગાઉ બનેલ મારામારીનો આરોપી દિવ્યરાજસિંહ ઉર્ફે બુલ શીવુભા બોરાણા ફરાર હતો. મારામારીના એક કરતા વધુ ગુના સબબ તડીપાર કરાયેલ આ શખ્સ તાજેતરમાં પીધેલી હાલતમાં પકડાયો હતો. તા. ૩૦-૧૨ના રોજ સાંજે લીંબડી પીએસઆઈ વી.એમ.કોડીયાતર સહિતની પોલીસ ટીમ આરોપી દિવ્યરાજસિંહને લઈને શીયાણીની સીમમાં તે જયાં રોકાતો હતો ત્યાં રીકન્સ્ટ્રકશન કરાવવા લઈને ગઈ હતી. જેમાં વાડી વિસ્તારમાં રાખેલ ખાટલા પર નાંખેલા ગોદડા નીચેથી છરી કાઢી દિવ્યરાજસિંહે પોલીસ કર્મી ધર્મેન્દ્રસિંહ પરમાર પર હુમલો કર્યો હતો. અને હાથના ભાગે ઈજા પહોંચાડી નાસવાનો પ્રયાસ કરતા પીએસઆઈ વી.એમ.કોડીયાતરે સ્વ બચાવમાં પોતાની પાસે રહેલ રીવોલ્વર વડે આરોપી પર ૪ રાઉન્ડ ફાયરિંગ કર્યા હતા. જેમાંથી ૧ મીસફાયર થયુ હતુ અને આરોપીના પગમાં ગોળી વાગી હતી. જેમાં આરોપી અને પોલીસ કર્મી બન્નેને સારવર માટે દવાખાને લઈ જવાયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ ઘટના સહિત છેલ્લા ૪ મહિનામાં ૮ આરોપી પર પોલીસે ફાયરિંગ કર્યુ છે. આ પહેલા અમદાવાદ રિવરફ્રન્ટ પર ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ અપહરણ અને ખંડણીના આરોપી સંગ્રામસિંહ પર ફાયરિંગ કરવામાં આવ્યું હતું, તે ઉપરાંત ૨૪ સપ્ટેમ્બરે લૂંટ અને હત્યા કેસમાં ગાંધીનગર અંબાપુર કેનાલ પાસે આરોપી વિપુલ પરમાર પર, ૬ નવેમ્બરના રોજ નવસારીના ડાબેલમાં હત્યાના આરોપી સલમાન લસ્સી પર તો ૮ ડિસેમ્બરે અમદાવાદ દાણીલીમડામાં દુષ્કર્મ કેસના આરોપી મોઈનુંદીન પર અને ૧૧ ડિસેમ્બરે રાજકોટ આટકોટ દુષ્કર્મ કેસના આરોપી રામસિંહ પર, ૧૬ ડિસેમ્બરના રોજ સુરત ડબલ મર્ડરના આરોપી શિવા ટકલા પર તો ૨૦ ડિસેમ્બરે ગાંધીનગર દુષ્કર્મ કેસના આરોપી રામ ગનીત યાદવ પર પોલીસે ફાયરિંગ કર્યું હતું.

# ધ્રોલના સમાજ સેવી નિષ્ઠાવાન નિર્મળસિંહ જાડેજાનું નિધન

### જામનગર જિલ્લા રાજપુત યુવા સંઘના મહામંત્રી નિર્મળસિંહ જાડેજાનું અવસાન થતા ઘેરો શોક છવાયો



**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

ધ્રોલ કુદરત ક્યારેક અત્યંત ક્રૂર નિર્ણય લે છે, જેનો પુરાવો ધ્રોલ પંથકે ગુમાવેલા એક નિષ્ઠાવાન અને અજોડ સેવાભાવી રત્ન પરથી મળે છે. છેલ્લા ૩૫ વર્ષોથી ભૂચર મોરીના શહીદોની અવિરત અને નિઃસ્વાર્થ ભાવે સેવા કરનારા, સામાજિક કાર્યકર અને જામનગર જિલ્લા રાજપૂત યુવા સંઘના મહામંત્રી નિર્મળસિંહ (નીરૂભા) નારુભા જાડેજા (ઝીલારીયા) નું ગત તા. ૨૯ ડિસેમ્બરના રોજ હ્રદય રોગના હુમલાને કારણે અચાનક અવસાન થયું છે. આ કરૂણ ઘટના ગત સોમવારે સાંજે ૫ વાગ્યાના સુમારે બની હતી, જ્યારે તેઓ પોતાના વતન ઝીલારીયાથી હોન્ડા પર સવાર થઈને જઈ રહ્યા હતા ત્યારે ચનોલ ગામ પાસે તેમને અચાનક હાર્ટ અટેક આવતા સ્થળ પર જ તેમનું અવસાન થયું હતું.

નિર્મળસિંહજી અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘના એક અત્યંત સમર્પિત કાર્યકર હતા. તેઓએ ધ્રોલ તાલુકા પ્રમુખ તરીકે લાંબી સેવા આપી હતી અને હાલ જામનગર જિલ્લા મહામંત્રી તરીકે જવાબદારી નિભાવી રહ્યા હતા. ૨૦૨૩માં ૫૦૦૦ યુવાનોની તલવારબાજીનો વિશ્વ રેકોર્ડ હોય-આ તમામ ભવ્ય કાર્યક્રમોના સફળ આયોજન પાછળ તેઓ મુખ્ય સ્થાનિક કેન્દ્ર રહ્યા હતા. તેઓ દરેક મોટા કાર્યક્રમોનો હિસાબ પણ અત્યંત ચોકસાઈપૂર્વક રાખતા હતા.

(પહેલા પાનાનું ચાલું)

### માવઠું...

એકવાર માવઠાની આગાહી કરવામાં આવતાં ખેડૂતોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. મજબૂત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને પગ આજે અને કાલે કચ્છ સહિત દરિયાકાંઠા વિસ્તારમાં છૂટાછવાયા કમોસમી વરસાદની શક્યતા છે, જેને કારણે શિયાળુ પાક જેવા કે ઘઉં, જીરું અને રાયડાને નુકસાન પહોંચવાની ભીતિ સેવાઈ રહી છે.

હાડ થિજાવતી ઠંડી વચ્ચે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર- કચ્છમાં હળવા કમોસમી વરસાદની આગાહી કરાઈ હતી. આગામી ત્રણ કલાક કચ્છમાં છૂટ્ટાછવાયા સ્થળે વરસાદની આગાહી કરાઈ છે. બે દિવસ કમોસમી વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. હવામાન વિભાગના મતે ભરશિયાળે વાતાવરણમાં બદલાવ આવશે. જેના કારણે રાજ્યના વિવિધ વિસ્તારમાં વાદળો ઘેરાવવાની સાથોસાથ કેટલાક સ્થળોએ છૂટ્ટાછવાયા વરસાદની શક્યતાઓ વ્યકત કરાઈ છે.

ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારમાં હળવો વરસાદ પડવાની આગાહી કરાઈ છે. ૨૪ કલાકમાં કચ્છના પશ્ચિમ ભાગના કેટલાક વિસ્તારમાં સામાન્ય વરસાદ પડવાની શક્યતાઓ છે. આજે ઉત્તર ગુજરાતના પાટણ અને બનાસકાંઠા, સૌરાષ્ટ્રના દ્વારકા, જામનગર અને મોરબી તથા કચ્છ પંથકમાં હળવા કમોસમી વરસાદની આગાહી વ્યકત કરાઈ છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં આ વખતે શિયાળાની સિઝનમાં કાતિલ ઠંડીનો દૌર હજુ સુધી શરૂ થયો જ નથી. સામાન્ય રીતે નવેમ્બરના અંત કે ડિસેમ્બરના પ્રારંભે જ હાડ થિજાવતી ઠંડીનો વર્તારો શરૂ થઈ જતો હોય છે.

### પીએમ વિકસીત ભારત રોજગાર યોજના...

વિકસિત ભારત રોજગાર યોજના પોર્ટલ પર ૨,૩૫,૪૫૯ સ્થાપનાઓ નોંધાયેલી છે. આ આંકડા દર્શાવે છે કે યોજના ઝડપથી આગળ વધી રહી છે અને દેશના યુવાનોને નોકરી મળવામાં મદદ કરી રહી છે.

આ યોજના કેન્દ્રના બજેટ ૨૦૨૪-૨૫માં જાહેર કરવામાં આવી હતી. તેનો મુખ્ય ઉદ્દેશ દેશમાં રોજગારીની તકો વધારવાનો છે. યોજના માટે કુલ ૯૯,૪૪૬ કરોડ રૂપિયાનું બજેટ જોગવાઈ કરવામાં આવી છે. આ રકમથી આગામી બે વર્ષમાં ૩.૫ કરોડ વધુ નોકરીઓ ઉભી કરવાનો લક્ષ્ય છે. આમાંથી ૧.૯૨ કરોડ કર્મચારીઓ પ્રથમ વખત કાર્યબળમાં પ્રવેશ કરનારા હશે. યોજના બધા ક્ષેત્રોને આવરી લે છે, પરંતુ ઉત્પાદન (મેન્યુફેક્ચરિંગ) ક્ષેત્ર પર વધુ ધ્યાન કેન્દ્રિત છે, જેથી ભારતને વિકસિત બનાવવાનું સ્વપન સાકાર થાય.પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના ભારતને વિકસિત દેશ બનાવવાના મહત્ત્વાકાંક્ષી લક્ષ્યનો મહત્વનો ભાગ છે. તે દેશના યુવાનોને નોકરી આપીને બેરોજગારી ઘટાડે છે અને અર્થતંત્રને વેગ આપે છે. મંત્રાલયના અવલોકન અનુસાર, આ યોજના ઝડપથી સફળતા મેળવી રહી છે અને ૨૦૨૬માં તેને વધુ વિસ્તારવાની યોજના છે.

### સેબીની આજીજી...

નુકસાન પછી આઈપીઓ કર્યા હતા, જેમાં પ્રારંભિક રોકાણકારો મોટું નફો કમાઈ ગયા, પરંતુ કંપનીઓ હજુ પણ નુકસાનમાં છે. એઆઈસીપીડીએફએ સીસીઆઈમાં પણ આ કંપનીઓ વિરુદ્ધ ઓછી કિંમતે વેચાણ (પ્રેડેટરી પ્રાઈસિંગ) અને અનુચિત વ્યવસાયિક વર્તનની ફરિયાદ કરી છે, જેની તપાસ ચાલુ છે.

"ભારતના શેરબજારને આવા નુકસાની વ્યવસાયો માટે બહારનો રસ્તો ન બનાવવો જોઈએ. આઈપીઓથી મોટા રોકાણકારો નફો કમાઈ જાય અને નુકસાનનો બોજ નાના રોકાણકારો પર પડે, તે ન્યાય નથી. આ ઓછી કિંમતો કારણે લાખો કિરાણા વેપારીઓનું જીવનધંધ નાશ પામે છે," એમ એઆઈસીપીડીએફના રાષ્ટ્રીય અધ્યક્ષ ધૈર્યશીલ પટીલે કહ્યું છે. સંસ્થા કહે છે કે, સેબીએ તાત્કાલિક કાર્યવાહી કરીને રોકાણકારો અને રિટેલ વેપારને બચાવવું જોઈએ, જેથી અન્યાય ન થાય.

### થ્રિ વ્હીલર ઈલેક્ટ્રીક વ્હીકલ...

પરંતુ હાલ ૧૮.૩ લાખ વેચાયા છે. વર્તમાન નાણાકીય વર્ષના અંત સુધીમાં આ આંકડો ૨૩ લાખ સુધી પહોંચી શકે છે, જેના કારણે સબસિડી આગળ વધશે. આ ક્ષેત્રને વધુ પુષ્કારની જરૂર છે, પરંતુ કેન્દ્ર હવે રાજ્યોને જવાબદારી સોંપી રહ્યું છે. ઘણા રાજ્યો યોજનાઓ અને પ્રોત્સાહનો વિશે વિચાર કરી રહ્યા છે. દિલ્હી, જ્યાં વાર્ષિક પ્રદૂષણ અને ધુમાડાની સમસ્યા છે, તે આ મહિનાના અંત સુધીમાં એક પેકેજ જાહેર કરવાની યોજના ધરાવે છે. ચાર પગલાં વાહનોમાં પેનેટ્રેશન હજુ ઓછું છે, અને તેમાં પણ રજિસ્ટ્રેશન જેવા લાભ આપવામાં આવે છે. વીજળી બસ અને ટ્રક વિશે વાત કરીએ તો, પીએમ ઈ-ડ્રાઈવ યોજનામાં હજુ કોઈ માંગ જોવા નથી મળી. આ વાહનો હજુ પરીક્ષણના તબક્કામાં છે. સરકારે ૧૪,૦૦૦ વીજળી બસ અને ૫,૬૪૩ ટ્રક માટે સહાયની ગણતરી કરી છે. ઓટો ઉદ્યોગના વ્યાપારીઓ કહે છે કે ચાર્જિંગની વ્યવસ્થા પર વધુ ધ્યાન આપવાની જરૂર છે. સેવા પ્રદાતાઓએ આ ક્ષેત્રમાં આગળ આવીને કામ કરવું પડશે.

### ચીનનો દાવો...

માટે આ ચીની અભિગમને અનુસરીને, અમે ઉત્તરી મ્યાનમાર, ઈરાની પરમાણુ મુદ્દો, પાકિસ્તાન અને ભારત વચ્ચેના તણાવ, પેલેસ્ટાઈન અને ઈઝરાયલના મુદ્દાઓ અને કંબોડિયા અને થાઈલેન્ડ વચ્ચેના તાજેતરના સંઘર્ષમાં મધ્યસ્થી કરી છે."

ભારતે કહ્યું છે કે ૭ થી ૧૦ મે દરમિયાન ભારત અને પાકિસ્તાન વચ્ચેનો સંઘર્ષ બંને સેનાઓના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ વચ્ચે સીધી વાતચીત દ્વારા ઉકેલાયો હતો. ભારતે સતત કહ્યું છે કે ભારત અને પાકિસ્તાન સંબંધિત બાબતોમાં કોઈ તૃતીય પક્ષના હસ્તક્ષેપ માટે કોઈ જગ્યા નથી. ૭ મેના રોજ, ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં આતંકવાદી ઠેકાણાઓ સામે ઓપરેશન સિંદૂર શરૂ કર્યું.

આ વર્ષે ૭ થી ૧૦ મે દરમિયાન ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંઘર્ષમાં ચીનની ભૂમિકા, ખાસ કરીને પાકિસ્તાનને તેની લશ્કરી સહાય, ગંભીર તપાસ અને ટીકા હેઠળ આવી છે. રાજદ્વારી મોરચે, ચીને ૭ મેના રોજ ભારત અને પાકિસ્તાનને સંયમ રાખવા હાકલ કરી.

ચીનની વિદેશ નીતિ પહેલ પરના પોતાના ભાષણમાં, વાંગે ભારત અને ચીન વચ્ચેના સંબંધોમાં સુધારો લાવવાની સારી ગતિની નોંધ લીધી અને આ વર્ષે ઓગસ્ટમાં તિયાનજિનમાં યોજાયેલા શાંઘાઈ સહયોગ સંગઠન સમિટમાં હાજરી આપવા માટે બેઈજિંગ દ્વારા વડા પ્રધાન નરેન્દ્ર મોદીને આમંત્રણ આપવાનો ઉલ્લેખ કર્યો.

ચીની મંત્રીએ કહ્યું, "આ વર્ષે, અમે ભારત અને ઉત્તર કોરિયાના નેતાઓને ચીનમાં આમંત્રણ આપ્યું છે. ચીન-ભારત સંબંધોએ સારી ગતિ જાળવી રાખી છે, અને ઉત્તર કોરિયા સાથેની પરંપરાગત મિત્રતાને વધુ મજબૂત અને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે." તેમણે એમ પણ કહ્યું કે એસસીઓ સમિટ એક જબરદસ્ત સફળતા હતી. વાંગ યીએ કહ્યું કે પડોશી દેશો સાથે ચીનનું જોડાણ હવે સહિયારા ભવિષ્ય સાથે સમુદાયના નિર્માણના નવા તબક્કામાં પ્રવેશ્યું છે, જે હવે વધુ ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે.

### વોડાફોન - આઈડીયા...

"વોડાફોન આઈડિયાના બેલઆઉટ મુદ્દા પર કેબિનેટ આજે ચર્ચા કરી શકે છે, કારણ કે સરકાર કંપનીના આર્થિક પડકારોને ઘટાડવાના રસ્તા શોધી રહી છે," કેબિનેટ કંપની પર એજીઆર દેવાઓને કારણે લગાવેલી વ્યાજ અને દંડ પર રાહત આપવાની શક્યતા છે. ઓક્ટોબર ૨૦૨૫માં સુપ્રીમ કોર્ટે એજીઆર મુદ્દાને સરકારના "નીતિ ક્ષેત્ર"માં ગણીને આ મુદ્દા પર વિચારણા કરવાની મંજૂરી આપી હતી.

એજીઆર એટલે એડજ્યુસ્ટેડ ગ્રોસ રેવન્યુ, જે ટેલિકોમ કંપનીઓને લાઈસન્સ અને સ્પેક્ટ્રમ વપરાશ માટે સરકારને ચૂકવવાનું રાજસ્વ છે. ૨૦૧૯માં સુપ્રીમ કોર્ટના ઐતિહાસિક ચુકાદા પછી, વોડાફોન અને આઈડિયાના વિલય પછીની કંપનીને ૫૮,૦૦૦ કરોડ રૂપિયાના એજીઆર દેવાઓનો આદેશ મળ્યો હતો, જે વ્યાજ અને દંડ સાથે વધીને ૮૩,૦૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયા. આ દેવાઓને કારણે વોડાફોન આઈડિયા નુકસાનીમાં ડૂબી ગઈ છે અને તેની બજાર હિસ્સો ૧૮%થી નીચે ખસી ગયો છે.

કંપનીના સીઈઓએ પહેલાં જ જણાવ્યું હતું કે, જો એજીઆર દેવા પર વ્યાજ ચાલુ રહેશે, તો ૨૦૨૬ સુધીમાં તેનું કુલ દેવું ૨.૨ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી જશે, જે તેને બેંકરપ્ટી તરફ દોરી જશે. આથી, કંપનીએ ટેલિકોમ વિભાગ સમક્ષ વ્યાજ-મુક્ત મોરેટોરિયમ (ચુકવણી મોકૂફી) અને દેવા પુનઃમૂલ્યાંકનની માંગ કરી છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### કિડની ટ્રાન્સપ્લાન્ટ...

તબીબોની મહેનતને પરિણામે આ સંસ્થા હવે માત્ર ગુજરાત જ નહીં, પરંતુ સમગ્ર ભારત માટે ગૌરવ સમાન બની ગઈ છે.

સંસ્થાની પ્રગતિના આંકડાઓ પર નજર કરીએ તો તેની કાર્યક્ષમતામાં થયેલો વિસ્ફોટક વધારો સ્પષ્ટપણે દેખાય છે. વર્ષ ૨૦૨૪માં નવેમ્બર મહિના સુધીમાં કુલ ૪૦૦ અંગ પ્રત્યારોપણ સફળતાપૂર્વક કરવામાં આવ્યા હતા, જેની સરખામણીએ વર્ષ ૨૦૨૫માં આ આંકડો અત્યંત વહેલો પાર કરી લેવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૫માં માત્ર ૭ ઓક્ટોબર સુધીમાં જ કિડની ટ્રાન્સપ્લાન્ટનો આંકડો ૪૦૦ સુધી પહોંચી ગયો છે, જે દર્શાવે છે કે હોસ્પિટલની ક્ષમતા અને લોકોનો વિશ્વાસ બંનેમાં નોંધપાત્ર વધારો થયો છે. ટૂંકા ગાળામાં મેળવેલી આ ભવ્ય સફળતા અંગદાન જાગૃતિ અને તબીબી શ્રેષ્ઠતાનો જીવંત પુરાવો છે.

### રાજ્ય કેલેન્ડર વિમોચન...

ઉદ્યોગો અને પરંપરાગત કલાઓને પ્રોત્સાહન આપવાનો તેમજ 'વોકલ ફોર લોકલ'ના સંદેશને વધુ મજબૂત બનાવવાનો ઉદ્દેશ્ય વ્યક્ત થાય છે. રાજ્ય સરકારના આ પ્રયાસથી ગુજરાતની આત્મનિર્ભરતાની દિશામાં લેવાયેલા પગલાંઓને વધુ વેગ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત અધિકારીઓ અને મહાનુભાવોએ રાજ્ય સરકારના આ અભિગમને બિરદાવ્યો હતો.

### જયંતી ભાનુશાલી હત્યામાં...

ત્યારે કેસના મૂળ ફરિયાદીએ રાતાતળાવ ગૌશાળાના સંચાલકને આરોપી તરીકે અને ન્યાયિક કાર્યવાહી કરવા અરજી કરી હતી, જે અંગે સુનાવણી બાદ ન્યાયાલયે રાતાતળાવ ઓધવધામ સત્સંગ મંડળના સ્થાપક મનજી ભાનુશાલીને આરોપી તરીકે કોર્ટમાં હાજર રહેવા આદેશ કરતાં આ કેસમાં નવો વળાંક આવ્યો છે.

અબડાસાના પૂર્વ ધારાસભ્ય જયંતી ભાનુશાલીની ૨૦૧૯માં કચ્છથી અમદાવાદ બાજુ જતી વેળાએ ટ્રેનમાં ફિલ્મી ઢબે હત્યા નીપજાવવામાં આવી હતી, જે અંગે ગુનો દાખલ થયા બાદ શરૂઆતમાં રાહુલ જયંતી પટેલ, નીતિન વસંત કરમસી પટેલ, શશિકાંત દાદાશંકર કામલે ઉર્ફે ગીરિયા દાદા, અશરફ અનવર યુનિસ શેખ, વિશાલ નાગનાથ યેલપ્પા કામલે, સિદ્ધાર્થ ઉર્ફે સીદુ છબીલદાસ માકાણી (પટેલ)ની અટક કરાઈ હતી. બાદમાં છબીલ નારણ પટેલ, જયંતીલાલ જેઠાલાલ ઠક્કર, રાજુ ઉર્ફે સીતારામ નારાયણ ધોગેની તથા મનિષાબેન ગજ્ઞ્ગિરિ ગોસ્વામી, સુજીત દેવસિંઘ પરદેશી, નિખિલ બાલુ પોરાટની પણ આરોપી તરીકે અટક કરવામાં આવી હતી. આ કેસના આરોપીઓ જામીન ઉપર છે. તેમની એકની યરવડા જેલમાં થોડા સમય પહેલાં હત્યા નીપજાવાઈ હતી. દરમ્યાન કેસના મૂળ ફરિયાદી શુનિલ વસંત ઉર્ફે શંભુ ભાનુશાળીએ રાતાતળાવ ગૌશાળાના સંચાલક મનજી ખીંયશી ભાનુશાળી ઉર્ફે મનજી બાપુની આ કેસમાં પ્રત્યક્ષ કે પરોક્ષ સંડોવણી હોવાનું જણાવી તેમાં પ્રોસેસ જારી કરવા અને ન્યાયાયિક કાર્યવાહી કરવા ભચાઉની કોર્ટમાં અરજી કરી હતી. જયંતી ભાનુશાળીએ અગાઉ કલેક્ટરને પત્ર પાઠવી રાતાતળાવ પાંજરાપોળની સબસિડીનો દૂરઉપયોગ કરાતો હોવાની રજૂઆત કરી હતી તથા બિનઅધિકૃત દબાણો હટાવ્યાં હતાં,જેથી મનજી બાપુને દુશ્મનાવટ હોવાનું અરજીમાં જણાવાયું હતું.

પૂર્વ ધારાસભ્યને અમદાવાદ જવાનું હતું, પરંતુ તેમને સમાધાનના બહાને રોકી રખાયા હતા અને તે અહીંથી જતાં તેમની હત્યા નીપજાવાઈ હોવાનું જણાવાયું હતું. મૂળ ફરિયાદીએ કેસના પ્રારંભિક તબક્કામાં પણ મનજીભાઈને સૂત્રધાર તરીકે દર્શાવવા નિવેદન આપ્યું હતું, પરંતુ જે-તે સમયે તેમને સાહેદ બનાવાયા હતા. ૨૦૨૦માં પણ શંકા, વહેમ દર્શાવવામાં આવ્યો હતો. દરમ્યાન તેમને આરોપી તરીકે દર્શાવવાની અરજી બાદ ન્યાયાધીશે આ કેસમાં સુનાવણી દરમ્યાન દલીલો, રજૂઆતો ધ્યાને લઈ અરજદારની અરજી મંજૂર કરી હતી અને મનજી બાપુને તા. ૧૯/૧/૨૦૨૬ના સેશન્સ કોર્ટમાં હાજર રહેવા અને આ કેસમાં આરોપી તરીકે ટ્રાયલનો સામનો કરવા માટે સમન્સ જારી કરવામાં આવ્યો હતો. આ કેસમાં સ્પેશિયલ પી પી તરીકે તુષારભાઈ ગોકાણી અને યુ આર દવે રોકાયા છે.

### કોમન એન્ટ્રન્સ ટેસ્ટ...

કોમન એન્ટ્રન્સ ટેસ્ટના મેરિટના આધારે ધો.૬માં પ્રવેશ તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશીપ યોજના અંતર્ગત કોમન એન્ટ્રન્સ ટેસ્ટના મેરિટના આધારે ધો.૬થી ૧૨ના અભ્યાસ દરમિયાન મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશીપ આપવામાં આવે છે. ઉપરાંત સ્વનિર્ભર શાળાઓમાં ધો.૧થી ૫ અભ્યાસ પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓને ફકત રક્ષાશક્તિ સ્કૂલ્સમાં ૨૫ ટકા બેઠકોમાં કોમન એન્ટ્રન્સ ટેસ્ટના મેરિટના આધારે ધો.૬માં પ્રવેશ આપવામાં આવશે.

### સરકારી-ગ્રાન્ટેડ સ્કૂલો...

રાષ્ટ્રીય આધારિત પ્રશ્નોનો મહાવરા મળે તે માટે શિક્ષકોની સજ્જતા, એનાલિસીસ અને વર્ગખંડ મોનિટરીંગ અને હેન્ડ હોલ્ડીંગ જેવા મુદ્દાઓને સામેલ કરવામાં આવ્યાં છે. આ અંગે એક તાલીમ મોડ્યુલ તૈયાર કરવામાં આવ્યું છે, જે જીસીઈઆરટી વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

### નકલીનો રાફડો...

છે અને બીજી તરફ નકલી દવાઓ, નકલી ડિગ્રી અને નકલી વેન્ટિલેટર બાદ હવે નકલી નોટોના વિતરણમાં પણ ગુજરાત પ્રથમ ક્રમે છે, જે ભાજપની મોટી નિષ્ફળતા છે."૨૦૧૬ થી ૨૦૨૫ કુલ ૩૨,૭૩,૧૪૧ નકલી નોટો મળી આવી છે જેનું મૂલ્ય ૧૭૬.૪૨ કરોડ થાય છે,પરસેવાના નાણાં સામે ઉભા થયેલા આ જોખમ બદલ ભાજપ સરકાર ગુજરાતની જનતાને જવાબ આપે તેવી કોંગ્રેસની માંગ છે.

### નવું વર્ષ...

શહેરમાં અને શહેરના સીમાડે હાઈવે ઉપર આવેલી હોટલ, ગાર્ડન રેસ્ટોરન્ટ, ફાર્મ હાઉસમાં ડીજેના સંગાથે કે ઓરકેસ્ટ્રાની ટીમ દ્વારા ધમાકેદાર ગીત સંગીતની પ્રસ્તુતિ સાથે કાઠીયાવાડી જમણ સહિત ખાણી-પીણીના જલસા સાથે યુવાનો થર્ટી ફર્સ્ટની રંગારંગ ઉજવણી કરવામાં આવશે.જો કે, મોંઘવારી અને ઠંડીનું પ્રમાણ વધી જવા સહિતના કારણોસર અગાઉના વર્ષની તુલનામાં આ વર્ષે સામુહિક ઉજવણીના અનેક ખાનગી આયોજનોમાં વધારો થયો છે.

### સૂર્ય નમસ્કાર...

૭:૦૦ થી ૮:૦૦ વાગ્યા સુધી તમે તમારા ઘરે, અગાશી પર અથવા નજીકના બગીચામાં રહીને જોડાઈ શકો છો. તેનું યુટ્યુબ પર લાઈવ પ્રસારણ કરવામાં આવશે, જેમાં લાખો લોકો એકસાથે જોડાશે. રાજ્યના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી પણ આ સત્રમાં ભાગ લેશે. જે નાગરિકો આ કાર્યક્રમમાં જોડાશે, તેમને પ્રોત્સાહન રૂપે ડિજિટલ પ્રમાણપત્ર આપવામાં આવશે. લાઈવ સત્ર દરમિયાન આપેલી લિંક પરથી તમે તમારું સર્ટિફિકેટ ડાઉનલોડ કરી શકશો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ આજની યુવા પેઢીને સંદેશ આપવાનો છે કે નવા વર્ષનો પહેલો દિવસ મોજ-મસ્તીની સાથે શરીર અને મનને ઉર્જાવાન બનાવવા માટે પણ છે.

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટઃ** સોની નટવરલાલ મનસુખલાલ ફિચડીયા (રફાળા વાળા) (ઉ.વ.૬૩) તે વર્ષાબેનના પતિ, દિલીપભાઈ, સુરેશભાઈ, ગીતાબેનના ભાઈ, વલ્લભભાઈ ભાણજીભાઈ કલોલીયાના જમાઈનું તા. ૨૯ ના રોજ અવસાન પામેલ છે. સદગતનું બેસણું તા. ૧-૧-૨૬ ને ગુરુવારને સાંજે ૪ થી ૬ દરમિયાન ખીજડાવાડી યુનિટ નં.૧ માં રાખેલ છે. બન્ને પક્ષનું બેસણું સાથે રાખેલ છે.

**રાજકોટઃ** સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ જુના વાઘણીયા નિવાસી હાલ રાજકોટ સ્વ. હંસાબેન વામનભાઈ મહેતા તે સ્વ. વામનભાઈ પુરૂષોત્તમભાઈ મહેતા(નટુભાઈ મુખ્યાજી)ના પત્ની, પંકજભાઈ, ધર્મેન્દ્રભાઈ,અલ્પાબેન નંદનભાઈ દવે ના માતા, સ્વ. નરેશભાઈ, સ્વ. મહેશભાઈ, મુકેશભાઈ ના મોટાબેન નું તા.૨૯ ના અવસાન થયેલ છે. બેસણુ તા.૨ ને શુક્રવારે બપોરે ૪ થી ૬ રંભામાંની વાડી, હિંમતનગર સોસાયટી, શેરી નંબર ૪, શીતલ પાર્ક બસ સ્ટોપ સામેનો રસ્તો, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** વિલાસબેન કિશોરભાઈ ચોકસી (ઉ.વ.૮૦) તે તેજસ કિશોરભાઈ ચોકસી (મોનાલી ઓપ્ટીક), પ્રિતી જયેશભાઈ ગાંધી (મુંબઈ), ભાવના અલ્પેશભાઈ ચોટલીયા (વડોદરા)ના માતાનું તા. ૩૦ ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તા. ૧-૧-૨૬ ને ગુરુવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે રોયલ પાર્ક ઉપાશ્રય, ૬-રોયલ પાર્ક, કાલાવડ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** મૂળ જસદણ નિવાસી હાલ રાજકોટ મોઢ વણિક સ્વ. હસમુખભાઈ કરસનજીભાઈ કલ્યાણી તે અજયભાઈ કલ્યાણી, પંકજભાઈ કલ્યાણી અને દીપ્તિબેન કેતનભાઈ મહેતા ના પિતા તથા કાંતિલાલ નરોત્તમદાસ ગઢીયા ના બનેવીનું ૩૦ ના રોજ અવસાન થયેલ છે તેમની પ્રાર્થના સભા તારીખ ૧/૧/૨૦૨૬ ને ગુરુવારના રોજ સાંજે ૪:૩૦ થી ૬ મોઢ વણિક વિદ્યાર્થી ભવન ૫ રજપૂત પરા ખાતે રાખેલ છે

**જામનગર :** સ્વ.મનસુખલાલ રતિલાલ સોનછાત્રા (ઉ.વ.૮૪) મુળ અલિયાબાડા નિવાસી તે સ્વ.રતિલાલ ખેરાજ સોનછાત્રા ના પુત્ર, સ્વ.રણછોડદાસ લીલાધર રાચ્છ ના જમાઈ, સ્વ.શાંતિલાલ, સ્વ.રમણીકલાલ, સ્વ.નરોત્તમભાઈ, સ્વ.મધુસૂદનભાઈ, મુકેશભાઈ, જગદીશભાઈ ના ભાઈ, જયેશ, વિમલ, સ્વ.રાકેશ, સ્વ.સોનલ અને કલ્પનાબેન રોહિતકુમાર બદિયાણી ના પિતાનું તા. ૩૦/૧૨ ના રોજ અવસાન થયેલ છે.તેમનું ઉઠમણું તથા પિયર પક્ષ ની સાદડી તા.૧/૧/૨૬ ના રોજ ૪:૩૦ થી ૫:૦૦ કલાકે જડેશ્વર મંદિર પટેલ કોલોની ૫, જામનગર ખાતે રાખેલ છે.

**દ્વારકાઃ** દ્વારકા જીલ્લાના ભાટીયાની જાણીતી શિક્ષણ સંસ્થા પી.આર.એસ. હાઈસ્કુલના આચાર્ય પરેશભાઈ પંડયાના માતા પ્રવીણાબેન સુરેશભાઈ પંડયા (ઉ.વ.૭૦)નું તા. ૨૯ ના રોજ અવસાન થયેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ઉપલેટા માનવ સેવા ટ્રસ્ટ અન્નક્ષેત્ર દ્વારા બિનવારસી મૃતદેહનું અંતિમ સંસ્કાર કરાયા

### દિવ્યાંગોને ભોજન, ગાયોની નીરણ જરૂરીયાત મંદોને ગરમ કપડા આપ્યાં


તસવીરઃ શહેઝાદ બાદશાહ

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટા શહેરમાં ૨૫ વર્ષથી પણ વધુ સમયથી અનેક પ્રકારની માનવતા વાદી સેવા કાર્ય કરતી સંસ્થા માનવસેવા ટ્રસ્ટ અન્નક્ષેત્ર ઉપલેટા શહેરમાં અનેક પ્રકારના પરોપકારી કાર્યમાં આ સંસ્થાનું આગળ પડતું નામ છે.

ઉપલેટા શહેરમાં એક અજાણ્યા પુરુષની લાશ તારીખ ૧૯/ ૧૨ ૨૦૨૫ ના પોલીસ સ્ટેશન અ. નંબર ૪૮

જેની લાશ ઉપલેટાના એક અવાવરું જગ્યાએથી ઉપલેટા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ આર. બી. ચૌહાણને મળી આવેલ હતી તેની પોલીસ સ્ટેશન દ્વારા તેમજ ઉપલેટા પોલીસ સ્ટેશનના જાંબાજ માનવતાવાદી પોલીસ ઓફિસર પટેલ દ્વારા તેના વાલી વારસની શોધખોળ માટે અનેક પ્રયત્નો કરવા છતાં સોશિયલ મીડિયા, પ્રિન્ટ મીડિયા, તેમજ અન્ય માધ્યમો દ્વારા પણ લોકોને જાણ કરવા છતાં કોઈ વાલીવારસ ન મળતા આખરે આ લાશ અતિ દુર્ગંધ મારતી હોય તેમની પાસે ઉભું રહેવું પણ દુષ્કર હોય આવી પરિસ્થિતિમાં ઉપલેટા ની સુવિખ્યાત સંસ્થા અને હરહંમેશ માનવ સેવાના કાર્યમાં આગળ રહેતી સંસ્થા ના પ્રમુખ લાલજીભાઈ રાઠોડ ને જાણ કરવામાં આવતા તેમને વિધિવત આ લાશ નો કબજો લઈ ને આ લાશને અંતિમ સંસ્કાર માટે સોંપવામાં આવેલ હતી.

અને માનવસેવા ટ્રસ્ટના કાર્યકરો દ્વારા આ જીવને સદગતી મળે એ માટે આ બિનવારસી લાશ ના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

આ બિન વારસી લાશના અંતિમ સંસ્કાર કાર્યમાં કૈલાસ મોક્ષધામ સ્મશાન સમિતિના પ્રમુખ વિનુભાઈ ડુંગળીવાળા તેમજ અલ્પેશભાઈ વોરા સેવા સહભાગી થયા હતા. તેમજ માનવ સેવા ટ્રસ્ટના ટ્રસ્ટી મુખ્ય દાતા અને સદ્ભાવના હોસ્પિટલના પ્રણેતા ડોક્ટર અર્જુન સાહેબ બાબરીયા સંજયભાઈ માકડીયા જગદીશભાઈ બારૈયા રમેશભાઈ રાઠોડ પણ આ સેવા કાર્યમાં સેવા સહભાગી થયા હતા.

# ઉપલેટાઃ સીટી સિવીક સેન્ટરને એક વર્ષ પૂર્ણ થતાં કામગીરીના જનતા પાસેથી રીવ્યુ લીધાં

### પ્રથમ નાગરીક વર્ષાબેન ગજેરાએ કર્મચારીઓની કામગીરીને બિરદાવી


તસવીરઃ શહેઝાદ બાદશાહ

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટા શહેરનો સારા અને સરળતાથી એક જ સ્થળેથી ૨૫ જેટલી સુવિધા ઉપલબ્ધ થાય તે માટે નગરપાલીકાની અંદર સીટી સીવીક સેન્ટર એક વર્ષ પહેલા ખુલ્લુ મુકવામાં આવેલ હતુ. તેને એક વર્ષ પૂર્ણ થતા સીટી સીવીક સેન્ટરના કર્મચારીઓ ઉજવણી કરી લોકોના રિવ્યુ લીધા હતા શહેરના પ્રથમ નાગરીકે કર્મચારીઓની કામગીરીને બીરદાવી હતી.

તાત્કાલીક ચીફ ઓફીસર નિલમ ઘેટીયાની અથાગ મહેનત અને સુજબુજને કારણે રાજકોટ જિલ્લામાં પ્રથમ સીટી સીવીક સેન્ટર ઉપલેટા શહેરને મળ્યુ છે. પ્રજાના સુખે સુખી અને દુખે દુખી એવા તાત્કાલીક ચીફ ઓફીસર નિલમ ઘેટીયાએ સીટી સિવિક સેન્ટર ઉપલેટા નગરપાલીકાની કચેરીના ગ્રાઉન્ડમાં બનેતે માટે એક ધારદાર દરખાસ્ત રાજય સરકારમાં મોકલી હતી.

રાજય સરકારનાં અધિકારીઓ સ્થળ તપાસ દરમ્યાન અનેક વાંધા વચકા વચ્ચે સરકામાં નિલમ ઘેટીયાની દલીલને આધારે સીટી સીવીક સેન્ટર મંજુર થયું જેમાં જન્મમરણ, લગ્ન, આવક, વ્યવસાય વેરા સહિત ૨૫ જેટલી સેવાનો લાભ જનતાને એક જ સ્થળે મળી રહે તે રાજ્ય સરકારનો મુખ્ય ઉદેશ છે. ત્યારે સીટી સીવીક સેન્ટરને એક વર્ષ પૂર્ણ થતા કર્મચારીઓ દ્વારા સીટી સીવીક સેન્ટર સુશોભન કરી આબેહુબ રંગોળી બનાવી પ્રથમ વર્ષ ગાંઠે પાલીકાના પ્રમુખ વર્ષાબેન ગજેરાના હસ્તે કેક કાપી ઉજવણી કરી હતી. સીટી સીવીક સેન્ટરના કર્મચારીઓ કામગીરી પણ પાલીકાપ્રમુખે બિરદાવી હતી. આતકે બાંધકામ સમિતિના ચેરમેન મનોજભાઈ નંદાણીયા, નગર સેવકો દિપકભાઈ સુવા, ભાજપના અગ્રણી જસ્મીનભાઈ હિરાણી સહિત ઉપસ્થિત રહ્યા હતાં.

# ઉપલેટા-ધોરાજીમાં ફરજ બજાવતાં નાયબ મામલતદારોની વાવ-થરાદ જિલ્લામાં બદલી

### કિરણ દેસાઈની કામગીરી ઉપલેટા પંથકના લોકોને કાયમી યાદ રહેશે


તસવીરઃ શહેઝાદ બાદશાહ

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

રાજ્ય સરકાર દ્વારા વિવિધ નાયબ મામલતદારોની બદલી ઓર્ડરો થતા ઉપલેટા ધોરાજીમાં ફરજ બજાવતા બે નાયબ મામલતદારોને નવા બનેલા વાવ-થરાદ જિલ્લામાં બદલી થઈ છે. ધોરાજી પ્રાંત કચેરીમાં સિરસ્તેદાર તરીકે ફરજ બજાવતા નાયબ મામલતદાર વિરસિંહ સોલંકી અને ઉપલેટા મામલતદાર કચેરીમાં સર્કલ ઓફીસર તરીકે ફરજ બજાવતા નાયબ મામલતદાર કિરણભાઈ દેસાઈની રાજય સરકાર દ્વારા રાજયમાં નવા બનેલા વાવ-થરાદ જિલ્લામાં કરવામાં આવી છે. બંનેની બદલી થયેલ નાયબ મામલતદારોની કામગીરી નોંધપાત્ર રહી છે. ઉપલેટા સર્કલમાં ફરજ બજાવતા કિરણ દેસાઈ ફેબ્રુઆરી ૨૦૨૦માં સિધુ રાજકોટ કલેકટર કચેરીમાં પોસ્ટીંગ થયા બાદ ધોરાજીમાં ૪ વર્ષ અને ઉપલેટામાં બે વર્ષની કામગીરી બજાવી પ્રજામાં પ્રિતીપાત્ર બનેલ હતા.

# ઉપલેટાઃ જરૂરીયાતમંદોને સહાય કરી અનોખી રીતે જન્મદિવસ ઉજવતા નગરપાલીકાના પ્રમુખ વર્ષાબેન ગજેરા

### દિવ્યાંગોને ભોજન, ગાયોની નીરણ જરૂરીયાતમંદોને ગરમ કપડા આપ્યાં


તસવીરઃ શહેઝાદ બાદશાહ

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટા શહેરમાં પ્રથમ નાગરીક અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકર વર્ષાબેન ગજેરાએ દેશના પ્રધાન મંત્રી નરેન્દભાઈ મોદીએ આપેલા સુત્રને ખરા અર્થમાં સાર્થક કરી પોતાના જન્મ દિવસને સેવા દિવસ તરીકે ઉજવ્યો હતો. આ સાથે પાર્ટીના કાર્યકર નગર સેવકો અને નગરજનોએ શહેરના પ્રથમ નાગરીકને શુભેચ્છા પાઠવી હતી. શહેરના પ્રથમ નાગરીક વર્ષાબેન ગજેરા આમ પ્રથમ જ સેવાભાવી અને દાન પુણ્ય ના સ્વભાવ ધરો છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓને પોતાની જન્મ દિવસો સેવા દિવસ તરીકે ઉજવીને લોક ઉપયોગી કાર્યો કરવા આ સુત્રને વર્તમાન શહેરના પ્રથમ નાગરીક વર્ષાબેન ગજેરા પોતાના જન્મ દિવસે પોતાની જન્મ સ્થળ માદરે વતનમાં જઈ ગાયોને નિરણ, દિવ્યાંગોને ભોજન અને જરુરીયાત મંદોને ગરમ વસ્ત્રોનું દાન કરી જન્મ દિવસની ઉજવણી કરી હતી. જ્યારે ભારતીય જનતા પાર્ટીના હોદેદારો અને નગરસેવકો અને શહેરના વેપારીઓ નાગરીકોએ પણ શહેરની પ્રથમ નાગરીકને શુભેચ્છા આપવા પાલીકા ઓફીસે ધસારો જોવા મળ્યો હતો.

## ઉપલેટા ભાજપના મંત્રી જસ્મીન હિરાણીને આજે જન્મ દિવસ



સ્વામીનારાયણ ભગવાનના સેવક અને શહેર ભાજપના મંત્રી જસ્મીન હિરાણીનો આજે જન્મ દિવસ છે જસ્મીન હિરાણી શહેર ભાજપ જનતાપાર્ટીના મંત્રી તેમજ વિવિધ પદો પર સેવા આપી રહ્યા છે. ભગવાન સ્વામીનારાયણના સત્સંગી સેવકને કારણે બી.એ.પી.એસ. મંદિરમાં વિવિધ સામાજીક પ્રવૃત્તિ કરી લોક ઉપયોગી કાર્ય કરી રહ્યા છે. તેમજ નાનામાં નાના માણસને લોકઉપયોગીની ભાવનાથી બહોળુ મિત્ર વર્તુળ ધરાવે છે. આજે જસ્મીન હિરાણીના જન્મ દિવસે તેમના શુભેચ્છકો -મિત્રો વર્તુળ અને શુભચિંતકો દ્વારા મો. ૯૭૨૪૧ ૩૯૩૩૭ શુભેચ્છા વર્ષા કરી રહ્યા છે.

## જીલ્લા પંચાયતના સભ્ય અને પાનેલી કડવા પટેલ સમાજના પ્રમુખ જતિન ભાલોડિયાનો આજે જન્મદિવસ



નાની ઉમરથી જ જાહેરા જીવનમાં સેવાનો ભેખ ધારણ કરનાર પાનેલી કડવા પટેલ સમાજના પ્રમુખ અને પાટીદાર યુવા આઈકોન જતિન ભાલોડિયાનો આજે જન્મ દિવસ છે. અંગ્રેજી વર્ષના અંતિમ દિવસે જન્મ ધારણ કરનાર જતિન ભાલોડિયા પાસ સમયનાં આંદોલનનો જાણીતો ચહેરો છે હાલ તેઓ પાનેલી ગામની સામાજિક સંસ્થા મહાદેવ ટ્રસ્ટમાં ટ્રસ્ટી, સીદસર ઉમીયા મંદિરમાં કારોબારી સભ્ય, પાનેલી ગૌશાળાના ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યા છે. મોટી પાનેલી જિલ્લા પંચાયતની સીટ ઉપર તેમના ધર્મ પત્ની મીરાબેનને જીત અપાવી જિલ્લા પંચાયતમાં વટથી સભ્ય બન્યા ત્યારે આવા સક્રિય જાહેર જીવનના યુવા નેતાના જન્મ દિવસે આજ સવારથી જ શુભેચ્છાનો ધોધ વરસી રહ્યો છે. સેવા સેતુ મો. ૯૯૭૯૦ ૬૫૫૦૭.

# ડો.પ્રશાંત કોરાટ અને રમેશ ધડુકની સંગઠનમાં વરણી થતાં ઉપલેટા-ભાયાવદરના લોકોએ નેતાઓને શુભેચ્છા પાઠવી





### પ્રશાંત કોરાટ મહામંત્રી બનતા યુવાનોને નવું બળ પ્રાપ્ત થશે

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

તાજેતરમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા ગુજરાત પ્રદેશ ભાજપ સંગઠન માળખાને પ્રદેશ પ્રમુખે જાહેરાત કરતા રાજકોટ જીલ્લામાંથી ડો. કોરાટને મહામંત્રી અને ધડુકને ઉપપ્રમુખની જવાબદારી સોંપતા ઉપલેટા - ભાયાવદર ભારતીય જનતા પાર્ટીના આગેવાનોએ આવકારી શુભેચ્છા આપી હતી.

ભારતીય જનતા પાર્ટીના કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડા ગુજરાત પ્રદેશ ભાજપનો કાર્યકરી અધ્યક્ષ નીતીન નબીના ના સંગઠન મહામંત્રી રત્નાકરજી સાથે ગુજરાત પ્રદેશ ભાજપના પ્રમુખ જગદીશ વિશ્વકમાએ ચર્ચા વિચારણા કરી તાજેતરમાં ગુજરાત પ્રદેશ ભાજપના સંગઠન માળખામાં પાર્ટીના ૩૬ જેટલા સનિષ્ઠ આગેવાનોને સ્થાન આપવામાં આવ્યું છે. તેમાં રાજકોટ જીલ્લામાંથી બે મુખ્ય પાર્ટીના નેતાઓને સ્થાન મળ્યા તેમાં મહામંત્રી જેવા મહત્વના સ્થાન પર પ્રદેશ યુવા મોરચાના પ્રમુખ ડો. પ્રશાંત કોરાટ તેમજ ઉપપ્રમુખ પદે પૂર્વ સાંસદ રમેશભાઈ ધડુકને જવાબદારી સોપતા સમગ્ર સૌરાષ્ટ્ર-રાજકોટ ભારતીય જનતા પાર્ટીમાં કાર્યકરોમાં નવું જોમ અને બળ મળશે. હાલ સૌરાષ્ટ્રમાં આપનો ઉદય થવા જઈ રહ્યો છે. ત્યારે પાર્ટીએ બે સનિષ્ઠ પ્રમાણીક અને જમીન સાથે જોડાયેલા બે કાર્યકર્તાઓ ડો. પ્રશાંતભાઈ કોરાટ અને રમેશભાઈ ધડુકની વરણી કરતા ઉપલેટા ભાયાવદરના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે આ વરણીની ઉપલેટાના ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયા, જીલ્લા ભાજપના મહામંત્રી રવિભાઈ માકડીયા, જીલ્લા ભાજપના ઈન્દ્રવિજયસિંહ ચુડાસમા, ઉપલેટા નગરપાલિકા પ્રમુખ વર્ષાબેન ગજેરા ઉપપ્રમુખ જીજ્ઞાબેન વ્યાસ ભાયાવદર નગર પાલિકાના પ્રમુખ રેખાબેન સિણોજીયા ઉપપ્રમુખ સંજયભાઈ ઠાકોર સ્કુલ બોર્ડના ચેરમેન નિકૂલભાઈ ચંદ્રવાડીયા, યાર્ડના ચેરમેન હરીભાઈ ઠુંમર, બેન્કના ડિરેકટર નરસિંહભાઈ મુંગલપરા, બાંધકામ સમીતીના ચેરમેન મનોજભાઈ નંદાણીયા, નગર સેવકો જયશ્રીબેન સોજીત્રા, દિપકભાઈ સુવા, અશ્વિનભાઈ લાડાણી, અસ્મીતાબેન મુરાણી, અજયભાઈ જાગાણી, જગદીશભાઈ વિરમગામા, હરસુખભાઈ સોજીત્રા, નિમિષ પાનેસરા, શૈલેશભાઈ સુવા, અમીતભાઈ વસવેલીયા, શૈલેશભાઈ બારૈયા, સંગઠન માળખાના પરાગભાઈ સુતરિયા, જીજ્ઞેશભાઈ ડેર, જયેશભાઈ ત્રિવેદી, સુરજભાઈ ડેર, જસ્મીનભાઈ હિરાણી, રાજભાઈ વાઢેર, દાનભાઈ ચંદ્રવાડીયા, કીરીટભાઈ પાદરીયા, ધવલભાઈ માકડીયા, રમણીકભાઈ લાડાણી, લલીતભાઈ પાદરીયા, ભરતભાઈ રાણપરીયા, ભાયાવદર ધવલભાઈ ધમસાણીયા, સરજુભાઈ માકડીયા, અતુલભાઈ વાછાણી, નયનભાઈ ફળદુ, હાર્દિકભાઈ રાવલ, રમણીકભાઈ સથવારા સહિત આગેવાનોએ આવકારી શુભેચ્છા પાઠવી હતી.

### આત્મા પ્રોજેકટ અંતર્ગત

# રાજુલાઃ દીપડીયા ગામમાં મોડલ ફાર્મે પ્રરેણા પ્રવાસમાં પ્રાકૃતિક ખેતીનું આપયું માર્ગદર્શન



**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**

આત્મા પ્રોજેક્ટ અમરેલી અંતર્ગત રાજુલા તાલુકામાં પ્રવાસ ઘટક હેઠળ દીપડીયા ગામમાં જીલ્લા અંદર પ્રેરણા પ્રવાસનું અયોજન કે.કે.સુભાષ પાલેકર પ્રાકૃતિક મોડલ ફાર્મ જે મૂળ રામપર-૨ ગામનાં કાળુભાઈ કથડભાઈ વાઘ પ્રાકૃતિક ખેતીમાં જેનો સિંહ ફાળો રહેલ છે તે પોતે પ્રાકૃતિક ખેતીમાં રાજુલા તાલુકાના તાલુકા સંયોજકનું કાર્યભાર પણ સંભાળી રહ્યા છે.આ ઉપરાંત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અંતર્ગત ચાલતા યોજનાના મિશન કલસ્ટર રામપરા-૨ ના કોમ્યુનીટી રીસોર્સ પર્સન તરીકે પણ કામ કરી રહ્યા છે આ પ્રાકૃતિક મોડલ ફાર્મ પર આયોજન કરેલ જેમાં આત્મા પ્રોજેક્ટ ના એફઆઈજી ગ્રૂપના સભ્યોએ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ પ્રવાસ કાર્યક્રમમાં કાર્યક્રમની શરૂઆત ગૌમાતા ની આરતી અને ત્યારબાદ દીપ પ્રાગટય આત્માના ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેકટર દિલીપભાઈ ચાવડા, તાલુકા સંયોજક(પ્રાકૃતિક ખેતી) કાળુભાઈ કથડભાઈ વાઘ, અન્ય પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો દ્વારા કરવામાં આવેલ.

# ધ્રાંગધ્રામાં પ્રતિબંધીત પ્લાસ્ટિકનો ૮૦ કિલો જથ્થો જપ્ત

### પ્રતિબંધીત ઝબલા, પાઉચ પ્યાલી સહિત વસ્તુઓનાં વેચાણ કરનારા સામે કડક કાર્યવાહી કરાશેઃ ચીફ ઓફીસર

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

દેશને પ્લાસ્ટીક મુક્ત બનાવવા વડા પ્રધાન પોતે સ્વચ્છ ભારત મિશન અભિયાન ચલાવી રહ્યા છે તેવામાં હજુ પણ કેટલાક વિસ્તારોમા પ્લાસ્ટીકનુ વેચાણ થઈ રહ્યુ છે તેવામાં ધ્રાંગધ્રા શહેરમા પ્રતિબંધિત પ્લાસ્ટીક ના પાણીનુ વેચાણ થતા પ્લાસ્ટીક મુક્ત શહેર બનાવવાના અભિયાનને લઈને એક ધ્રાંગધ્રાના શહેરી વિસ્તારમા ઠેર-ઠેર વેચાણ કરવા માટે માહિતી નગરપાલિકાના ચીફ ઓફીસર મંટીલકુમાર પટેલને જાણ કરતા તેઓ દ્વારા તાત્કાલિક સેનેટરી ઈન્સપેક્ટર જયદિપસિંહ ઝાલા સહિતના સ્ટાફને સ્થળ પર પ્રતિબંધિત પાણીના પાઉચ વેચાણ કરતા પાસે ચેકીંગ કરી કુલ ૮૦ કીલો જથ્થો જપ્ત કરી પચાસ હજાર નો દંડ આપી પ્લાસ્ટિક ના જથ્થાને નાશ કરાયો હતો. ચીફ ઓફિસરે જણાવ્યું કે પ્રતિબંધિત જબલા પાઉચ. પ્યાલી સહીત વસ્તુઓ વેચાણ કરનાર સામે કડક કામગીરી કરવામાં આવશે

# બગસરાઃ રાજય કક્ષાના યુવા ઉત્સવની લોકગીત સ્પર્ધામાં ઝવેરચંદ મેઘાણી હાઈસ્કુલ 'પ્રથમ'



**અબતક, સમીર વિરાણી, બગસરા**

તાજેતરમાં મોરબી ખાતે યોજાયેલ રાજ્યકક્ષા યુવા ઉત્સવ ૨૦૨૫માં મેઘાણી હાઈસ્કૂલના વિદ્યાર્થીની તરવાડિયા અમિષા અને ગ્રુપ લોકગીત સ્પર્ધામાં સમગ્ર ગુજરાત રાજ્યમાં પ્રથમ ક્રમે વિજેતા થયાં છે. ટૂંક સમયમાં દિલ્હી ખાતે યોજાનાર નેશનલ યુથ ફેસ્ટિવલમાં મેઘાણી હાઈસ્કુલ બગસરા ના વિદ્યાર્થી ઓ લોકગીત સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે.વિદ્યાર્થીઓને સ્નેહી પરમાર , વિનુભાઈ મકવાણા,કમલેશભાઈ ભટ્ટ, જયશ્રીબેન વાળા, શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી બિપિન કુંભાર, રૂપેશભાઈ સિકોતરા વગેરેએ માર્ગદર્શન આપ્યું હતું.

# કચ્છના 'જળ યોધ્ધા' દામજીભાઈ એન્કરવાલાના યોગદાનને ડાક ટિકિટ દ્વારા દેશ-વિદેશમાં મળશે ઓળખ



**અબતક, નવીનગીરી ગોસ્વામી, ભૂજ**

ટપાલ ટિકિટ દ્વારા કચ્છના જળ યોદ્ધા દામજીભાઈ એન્કરવાલાનું યોગદાન દેશ અને વિદેશમાં ઓળખ મેળવશે - પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

ટપાલ વિભાગે કચ્છ જળ યોદ્ધા તરીકે ઓળખાતા દામજીભાઈ એન્કરવાલા પર કસ્ટમાઈઝ્ડ માય સ્ટેમ્પ બહાર પાડ્યો. આ ટિકિટ ગુજરાત સર્કલના ચીફ પોસ્ટમાસ્ટર જનરલ ગણેશ વી. સાવલેશ્વરકર અને ઉત્તર ગુજરાત પ્રદેશના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ દ્વારા ૨૯ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ અમદાવાદ સ્થિત સર્કલ ઓફિસ ખાતે આયોજિત એક કાર્યક્રમમાં બહાર પાડવામાં આવી હતી. ટપાલ સેવાઓના નિયામક સુરેખ રઘુનાથન, સૌરાષ્ટ્ર ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી હાર્દિક મામાનિયા, ટ્રસ્ટી સંજયભાઈ ડી. શાહ અને અતુલ ડી. શાહ, કચ્છમિત્રના સંપાદક દીપક માંકડ અને કચ્છમિત્રના જનરલ મેનેજર મુકેશ ધોળકિયાએ પણ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

# અંતિમ ટી-૨૦માં ભારતના રોમાંચક વિજય સાથે શ્રીલંકાનું "બ્લેકવોશ"

## કેપ્ટન હરમનપ્રીત કૌરની ૬૮ રનની આક્રમક ઈનિંગ્સ બાદ બોલર્સના શાનદાર પ્રદર્શનથી અંતિમ ટી-૨૦ મેચમાં શ્રીલંકા સામે ૧૫ રને વિજય

**અબતક, નવી દિલ્હી**

કેપ્ટન હરમનપ્રીત કૌરની ૬૮ રનની આક્રમક ઈનિંગ્સ બાદ બોલર્સે કરેલા શાનદાર પ્રદર્શનની મદદથી ભારતીય મહિલા ક્રિકેટ ટીમે પાંચમી અને અંતિમ ટી૨૦ મેચમાં શ્રીલંકા સામે૧૫ રને વિજય નોંધાવ્યો હતો. આ વિજય સાથે જ ભારતીય ટીમે શ્રીલંકાનો વ્હાઈટ વોશ કર્યો હતો અને પાંચ મેચની સીરિઝ ૫-૦થી પોતાના નામે કરી હતી. ભારતે આપેલા ૧૭૬ રનના લક્ષ્યાંકના જવાબમાં હસિની પરેરા અને ઈમેશા દુલાનીએ લડાયક અડધી સદી ફટકારી પરંતુ અન્ય બેટર્સ નિષ્ફળ રહેવાના કારણે શ્રીલંકાને પરાજયનો સામનો કરવો પડ્યો હતો. શ્રીલંકન ટીમ ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૬૦ રન નોંધાવી શકી હતી.



આ મેચમાં એક વિકેટ ઝડપવાની સાથે દીપ્તિ શર્મા ટી૨૦માં સૌથી વધુ વિકેટ ઝડપનારી બોલર બની હતી. ભારતે આપેલા ૧૭૬ રનના લક્ષ્યાંકને પાર પાડવા મેદાનમાં ઉતરેલી શ્રીલંકન ટીમની શરૂઆત ખરાબ રહી હતી અને ટીમે સાત રનના સ્કોર પર કેપ્ટન ચમારી અટાપટ્ટુની વિકેટ ગુમાવી દીધી હતી. જોકે, બાદમાં ઓપનર હસિની પરેરા અને ઈમેશા દુલાનીએ શાનદાર બેટિંગ કરી હતી અને ૭૯ રનની ભાગીદારી નોંધાવી હતી. જોકે, આ જોડી તૂટ્યા બાદ શ્રીલંકાનું વિકેટ પતન થયું હતું. ઈમેશા ૩૯ બોલમાં આઠ ચોગ્ગાની મદદથી ૫૦ રન નોંધાવીને આઉટ થઈ હતી.હસિની પરેરાએ એક છેડો જાળવી રાખવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ સામે છેડે વિકેટો પડી રહી હતી. નિલાક્ષિકા સિલ્વા ત્રણ અને કાવિશા દિલહારી પાંચ રન નોંધાવીને પેવેલિયન પરત ફરી હતી. અંતે શ્રી ચરણીએ હસિનીને આઉટ કરીને શ્રીલંકાને મોટો ઝટકો આપ્યો હતો. તેણે ૪૨ બોલમાં ૬૫ રન ફટકાર્યા હતા જેમાં આઠ ચોગ્ગા અને એક સિક્સર સામેલ હતી. ત્યારબાદ હર્ષિતા સમારાવિક્રમા આઠ તથા કૌશાની નુત્યાંગના એક રન નોંધાવીને આઉટ થઈ હતી. રશ્મિકા સેવાન્ડિએ અંતિમ ક્ષણોમાં આક્રમક બેટિંગ કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તે વિજય માટે પૂરતો ન હતો. તેણે આઠ બોલમાં બે ચોગ્ગા સાથે અણનમ ૧૪ રન ફટકાર્યા હતા. ભારત માટે દીપ્તિ શર્મા, અરૂંધતી રેડ્ડી, સ્નેહ રાણા, વૈષ્ણવી શર્મા, શ્રી ચરણી અને અમનજોત કૌરે એક-એક વિકેટ ઝડપી હતી.અગાઉ શ્રીલંકાએ ટોસ જીત્યા બાદ પ્રથમ બેટિંગ કરતાં ભારતનો પ્રારંભ નબળો રહ્યો હતો. અગાઉની સળંગ ત્રણ મેચમાં આક્રમક બેટિંગ કરીને

## દિપ્તી શર્મા આઈસીસી ક્રમાંકમાં મોખરાની બોલર યથાવત

આઈસીસીએ જારી કરેલા ક્રમાંકમાં અનુભવી સ્પિનર દિપ્તી શર્માએ તેનો મોખરાનો ક્રમાંક જાળવી રાખ્યો હતો તો ઓપનિંગ બેટર શેફાલી વર્મા અને ઝડપી બોલર રેણુકા સિંઘ ઠાકુરે પોતપોતાના ક્રમાંકમાં આગેકૂચ કરી હતી.અગાઉ વિશ્વક્રમાંકમાં મોખરાના ક્રમે રહી ચૂકેલી શેફાલી વર્માએ છ ક્રમની છલાંગ લગાવી હતી. તેણે તાજેતરમાં શ્રીલંકા વિમેન્સ સામેની ટી૨૦ મેચમાં અડધી સદી ફટકારી હતી. બે



દિવસ અગાઉ રમાયેલી મેચમાં તેણે આક્રમક બેટિંગ કરીને પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ હાંસલ કર્યો હતો.

ભારતીય વિમેન્સ ટીમની વાઈસ કેપ્ટન સ્મૃતિ મંધાનાએ ચોથી ટી૨૦ મેચમાં ૮૦ રન ફટકારીને પોતાનું ફોર્મ પરત મેળવ્યું હતું. હાલમાં આઈસીસી ક્રમાંકમાં તેણે પોતાનો ત્રીજો ક્રમાંક જાળવી રાખ્યો છે. જ્યારે ટીમની અન્ય બેટર જેમિમાહ રોડ્રિગ્સ દસમા ક્રમે છે.

અડધી સદી ફટકારનારી શેફાલી વર્મા આ મેચમં છ બોલમાં માત્ર પાંચ રન કરી શકી હતી.

# પકિસ્તાન ટીમના કોચ પદેથી અઝહર મહેમૂદની હકાલપટ્ટી

## કરારના ત્રણ મહિના અગાઉ જ પીસીબીએ કોચ સાથે છેડો ફાડ્યો

**અબતક, નવી દિલ્હી**

પકિસ્તાન ક્રિકેટમાં ફરી એક વાર વિવાદ પેદા થયો છે કેમ કે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે (પીસીબી) તેની નેશનલ ટીમના ચીફ કોચ અઝહર મહેમૂદને તેની મુજપ પૂરી થયાના ત્રણ મહિના અગાઉથી જ કરાર પૂરો કરીને હકાલપટ્ટી કરી દીધી છે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.ભૂતપૂર્વ ટેસ્ટ ઓલ રાઉન્ડર અઝહર મહમૂદનો કરાર માર્ચ ૨૦૨૬ સુધીનો હતો પરંતુ તેને વહેલી મુક્તિ આપી દેવામાં આવી છે. પાકિસ્તાનનો આગામી ટેસ્ટ



કાર્યકાળ માર્ચ ૨૦૨૬ સુધીનો નથી.અઝહરનો કરાર માર્ચમાં સમાપ્ત થઈ રહ્યો હોવાથી અને પાકિસ્તાનનો ટેસ્ટ કાર્યકાળ માર્ચ ૨૦૨૬થી શરૂ થઈ રહ્યો હોવાથી બોર્ડ માટે નવા ચીફ કોચ માટે અગાઉથી આયોજન શરૂ કરવું શ્રેષ્ઠ રહેશે તેમ પીસીબીના નજીકના સૂત્રોએ જણાવ્યું હતું.છેલ્લા કેટલાક વર્ષોમાં રાષ્ટ્રીય ટીમમાં વિવિધ હોદ્દાઓ સંભાળી ચૂકેલા અઝહર મહમૂદનો બોર્ડ સાથે બે વર્ષનો કરાર હતો. ગયા વર્ષે તેને ટેસ્ટ ટીમના ચીફ કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યો હતો.પીસીબીએ હવે ટેસ્ટ ટીમના નવા મુખ્ય કોચની શોધ શરૂ કરી છે અને સપોર્ટ સ્ટાફમાં પણ ફેરફાર થઈ શકે છે.આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં પાકિસ્તાન પોતાની નવી સાઈકલ માર્ચ ૨૦૨૬માં બાંગ્લાદેશના પ્રવાસથી શરૂ કરશે. ત્યાર બાદ જુલાઈમાં ટીમ વેસ્ટ ઈન્ડિઝ અને ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં ઈંગ્લેન્ડનો પ્રવાસ કરનારી છે.નવેમ્બર-ડિસેમ્બર ૨૦૨૬ અને માર્ચ ૨૦૨૭માં પાકિસ્તાનની ટીમ ઘરઆંગણે શ્રીલંકા અને ન્યુઝીલેન્ડ સામે રમશે.સપ્ટેમ્બર-ઓકટોબરમાં આઈસીસી વર્લ્ડ કપ દ મોહમ્મદ વસિમનો કરાર રિન્યૂ ન થયો હોવાથી પીસીબી હવે નેશનલ વિમેન્સ ટીમ માટે પણ મુખ્ય કોચની શોધમાં છે.

# એશિઝ: એટકિન્સન અંતિમ ટેસ્ટમાંથી આઉટ

## ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચેની પાંચમી અને અંતિમ ક્રિકેટ ટેસ્ટ રવિવારથી શરૂ

**અબતક, નવી દિલ્હી**

એશિઝ સિરીઝમાં મેલબોર્ન ખાતે શાનદાર પ્રદર્શન કરીને ચોથી ટેસ્ટ જીતવાની સાથે વ્હાઈટવોશ અટકાવનારી પ્રવાસી ઈંગ્લેન્ડને મોટો ફટકો પડ્યો હતો કેમ કે તેનો આધારભૂત ઝડપી બોલર ગસ એટકિન્સન હેમસ્ટ્રિંગની ઈજાને કારણે પાંચમી ટેસ્ટમાંથી બહાર થઈ ગયો છે. ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચેની પાંચમી અને અંતિમ ક્રિકેટ ટેસ્ટ ચોથી જાન્યુઆરીથી સિડની ખાતે શરૂ થઈ રહી છે. બોક્સિંગ ડે ટેસ્ટના બીજા દિવસે સવારે એટકિન્સન ઘાયલ લંગડા થઈ ગયો હતો અને સોમવારે સ્કેન દ્વારા તેના ડાબા પગમાં ઈજાની પુષ્ટિ થયા બાદ તેને સત્તાવાર રીતે બહાર કરવામાં આવ્યો હતો.ઈંગ્લેન્ડે આ સિરીઝ દરમિયાન સ્ટાર ઝડપી બોલર માર્ક વૂડ (ઘૂંટણ) અને જોફરા આર્ચર (સાઈડ સ્ટ્રેન)ની સેવા ગુમાવી દીધી છે. ૨૭ વર્ષીય મેથ્યુ પોટ્સ ચોથી જાન્યુઆરીથી શરૂ થનારી પાંચમી ટેસ્ટ માટે ટીમમાં આવે તેવી અપેક્ષા છે અને બ્રાયડન કાર્સે અને જોશ ટોંગ સાથે આક્રમણમાં જોડાય તેવી શક્યતા છે. કાર્સે હવે પર્થમાં મેદાનમાં ઉતરેલા મૂળ ચારમાંથી એક માત્ર પેસ બોલર છે જે ઓસ્ટ્રેલિયાની આક્રમક બેટિંગ હરોળને તોડવાની ક્ષમતા ધરાવે છે. જોકે આમ છતાં ઈંગ્લેન્ડ પ્રથમ ત્રણ ટેસ્ટ આસાનીથી હારી ગયું હતું.એટકિન્સન પર્થ અને એડિલેડમાં રમાયેલી પ્રથમ બે ટેસ્ટમાં આઠ વિકેટથી ભારે પરાજયનો સામનો કરનારી ટીમમાં રમ્યો હતો. પરંતુ ત્રીજી ટેસ્ટમાં જોશ ટોંગ માટે તેને ટીમમાંથી બહાર કરવામાં આવ્યો હતો. મેલબોર્ન ટેસ્ટ માટે ઈજાગ્રસ્ત જોફરા આર્ચરને સ્થાને તેને પાછો બોલાવવામાં આવ્યો હતો, જે ૨૦૧૧ પછી ઓસ્ટ્રેલિયામાં ઈંગ્લેન્ડની પહેલી જીત હતી અને તેણે ૪૭.૩૩ ની સરેરાશથી છ વિકેટ લઈને સિરીઝમાં પુનરાગમન કર્યું હતું. કેપ્ટન બેન સ્ટોક્સ અને સ્પિન-બોલિંગ ઓલરાઉન્ડર વિલ જેક્સ પણ બોલિંગ વિકલ્પો તરીકે ઉપલબ્ધ રહેશે જ્યારે હકીકત એ છે કે નિષ્ણાત સ્પિનર શોએબ બશીર હજી સુધી સિરીઝમાં એકેય મેચ રમ્યો નથી.

### દોઢ દાયકામાં વિકાસે હરણફાળ ભરી!

# ૨૦૧૬માં બે ટ્રિલિયનથી લઇ ૨૦૩૦માં છ ટ્રિલિયન ઈકોનોમીને આંબી ભારત વિશ્વના ટોપ ૩ અર્થતંત્રમાં પ્રવેશ કરશે

## આગામી અઢીથી ત્રણ વર્ષમાં જર્મનીને પાછળ રાખીને વિશ્વનું ત્રીજા ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર બનવા માટે ભારત સજ્જ

**અબતક, નવી દિલ્હી**

આર્થિક મોરચે એક મોટી સિદ્ધિ હાંસલ કરીને ભારત વિશ્વનું ચોથા ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર બન્યું છે અને ૨૦30 સુધીમાં જર્મનીને પાછળ રાખી ત્રીજા ક્રમનું વિશ્વનું સૌથી મોટું અર્થતંત્ર બનવા તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે તેમ સરકારે જણાવ્યું છે. ૨૦૨૫માં ભારતના અર્થતંત્રનું કુલ કદ ૪.૧૮ ટ્રિલિયન ડોલર રહ્યું છે. હાલમાં અમેરિકા વિશ્વનું સૌથી મોટું અર્થતંત્ર છે, જ્યારે ચીન બીજા ક્રમ આવે છે.ચાલુ નાણાકીય વર્ષના બીજા ત્રિમાસિક ગાળામાં ભારતનો જીડીપી વૃદ્ધિદર ૮.૨ ટકા જેટલો ઊંચો રહ્યો હતો, જે ગયા નાણાકીય વર્ષના ચોથા ક્વાર્ટરમાં ૭.૪ ટકા અને પ્રથમ ક્વાર્ટરમાં ૭.૮ રહ્યો હતો.૨૦૨૫માં કરાયેલા આર્થિક સુધારાની વિગતો આપતા સરકારે જણાવ્યું હતું કે ૪.૧૮ ટ્રિલિયન ડોલરના અર્થતંત્ર સાથે જાપાનને પાછળ રાખી ભારત વિશ્વના ચોથા ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર બન્યું છે. ભારે આગામી અઢીથી ત્રણ વર્ષમાં જર્મનીને પાછળ રાખીને વિશ્વનું ત્રીજા ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર બનવા માટે સજ્જ છે. ૨૦30 સુધીમાં ભારતના અર્થતંત્રનું કદ વધી ૭.૩ ટ્રિલિયન ડોલર થવાનો અંદાજ છે.સત્તાવાર નિવેદનમાં જણાવાયું હતું કે ૨૦૨૫-૨૬ના નાણાકીય વર્ષના બીજા ક્વાર્ટરમાં ભારતનો જીડીપી વૃદ્ધિદર છ ક્વાર્ટરમાં સૌથી ઊંચા રહ્યો હતો. અમેરિકાની ઊંચી ટેરિફને પગલે વૈશ્વિક વેપારમાં અનિશ્ચિતતા હોવા છતાં ભારત તમામ અવરોધને પાર કરીને ઊંચી વૃદ્ધિ નોંધાવી રહ્યું છે. મજબૂત ખાનગી વપરાશની આગેવાની હેઠળના ઘરેલુ આર્થિક પરિબળો જીડીપી વૃદ્ધિમાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યાં છે.વર્લ્ડ બેન્ક સહિતની આંતરરાષ્ટ્રીય એજન્સીઓના જીડીપી વૃદ્ધિના અંદાજને ટાંકીને સત્તાવાર નિવેદનમાં જણાવાયું હતું કે આંતરરાષ્ટ્રીય એજન્સીઓએ પણ આ આશાવાદનો પડઘો પાડ્યો છે. વર્લ્ડ બેન્કે ૨૦૨૬માં ભારતની આર્થિક વૃદ્ધિ ૬.૫ ટકા રહેવાનો અંદાજ મૂક્યો છે. મૂડીઝના અંદાજ મુજબ ૨૦૨૬માં ૬.૪ ટકા અને ૨૦૨૭માં ૬.૫ ટકા વૃદ્ધિ સાથે ભારત જી-૨૦ દેશોમાં સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્રનો દરજ્જો જાળવી રાખશે.

### વૈશ્વિક એજન્સીઓ વિશ્વસનીય વૃદ્ધિની આશા

આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ પણ ભારતની વૃદ્ધિની સંભાવનાઓ અંગે આશાવાદ વ્યકત કર્યો છે. વિશ્વ બેંકે ૨૦૨૬ માટે ભારતનો વિકાસ દર ૬.૫ ટકા રહેવાનો અંદાજ લગાવ્યો છે. મૂડીઝનું કહેવું છે કે ભારત G-20 દેશોમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર રહેશે, જે ૨૦૨૬ માં ૬.૪ ટકા અને ૨૦૨૭ માં ૬.૫ ટકાના દરે વૃદ્ધિ પામશે.

# રેલ-વન એપ દ્વારા અનરિઝર્વ્ડ ટિકિટ ખરીદી પર ૩ ટકા ડિસ્કાઉન્ટ મળશે

## ડિજિટલ ટ્રાન્ઝેક્શનને વેગ આપવા રેલવે મંત્રાલયની નવી જાહેરાત

**અબતક, નવી દિલ્હી**

રેલવે મંત્રાલયે અનરિઝર્વ્ડ ટિકિટ બુકિંગમાં ડિજિટલ ટ્રાન્ઝેક્શનને વેગ આપવા માટે નવા પ્રોત્સાહનની જાહેરાત કરી છે. ૧૪ જાન્યુઆરીથી ૧૪ જુલાઈ ૨૦૨૬ દરમિયાન રેલ-વન એપ મારફત બિનઅનામત ટિકિટની ખરીદી પર ૩ ટકા ડિસ્કાઉન્ટ મળશે. પેમેન્ટ માટે મુસાફર આર-વોલેટની જગ્યાએ કોઈપણ ડિજિટલ માધ્યમનો ઉપયોગ કરી શકશે. આ ઓફર હાલના ૩ ટકા કેશબેક ઉપરાંતની છે. હાલમાં રેલ-વન એપ દ્વારા માત્ર આર-વોલેટ પેમેન્ટના કિસ્સામાં ૩ ટકા કેશબેક મળે છે.મંત્રાલયે સેન્ટર ફોર રેલવે ઈન્ફર્મેશન સિસ્ટમ ને જરૂરી સોફ્ટવેર અપડેટ કરવાની સૂચના આપી છે, જેનાથી ડિસ્કાઉન્ટ ઉપલબ્ધ કરાવી શકાય. ડિજિટલ બુકિંગને વેગ આપવા માટે રેલ-વન એપ પર તમામ ડિજિટલ પેમેન્ટ માધ્યમથી અનરિઝર્વ્ડ ટિકિટના બુકિંગ માટે ૩ ટકા ડિસ્કાઉન્ટ આપવાનો નિર્ણય કરાયો છે. આ ડિસ્કાઉન્ટ ૧૪ જાન્યુઆરીથી ૧૪ જુલાઈ ૨૦૨૬ દરમિયાન બુકિંગ કરાયેલી ટિકિટ પર મળશે.મે મહિનામાં આ દરખાસ્ત અંગે કેવા પ્રતિભાવ મળ્યા છે તેની વિગત આપશે અને તે પછી આગામી નિર્ણય કરાશે. અધિકારીઓએ સ્પષ્ટતા કરી હતી કે આર-વોલેટ ટ્રાન્ઝેક્શન માટેનું હાલનું ૩ ટકા કેશબેક પણ ચાલુ રહેશે. આ લાભ માત્ર રેલ-વન એપ મારફત મળશે. હાલમાં રેલ-વન એપ પર અનરિઝર્વ્ડ ટિકિટ ખરીદવા અને આર-વોલેટ મારફત પેમેન્ટ કરતાં મુસાફરોને ૩ ટકા કેશબેક મળે છે. જોકે નવી ઓફરમાં તમામ ડિજિટલ પેમેન્ટ માધ્યમ દ્વારા રેલ-વન એપથી ખરીદવામાં આવેલી ટિકિટ પર ૩ ટકા ડિસ્કાઉન્ટ મળશે.

# ઈજનેરીમાં પ્રવેશ માટે ગુજકેટની નોંધણી ૬ જાન્યુઆરી સુધી લંબાવાઈ

## ૬ જાન્યુઆરી સુધી રેગ્યુલર ફી સાથે ફોર્મ સ્વીકારાશે, સવા લાખ વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યા

**અબતક, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ૨૯મી માર્ચના રોજ લેવામાં આવનારી ગુજકેટની પરીક્ષા માટે રજિસ્ટ્રેશનની મુદત ૩૦મી ડિસેમ્બર સુધી નક્કી કરવામાં આવી હતી. હાલમાં અંદાજે સવા લાખ વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન થઈ ચૂક્યું છે. આમછતાં કેટલાક વિદ્યાર્થીઓની ફોર્મ ભરવાના બાકી રહી ગયા હોવાની ફરિયાદ અને રજૂઆત બાદ આગામી ૬ જાન્યુઆરી સુધી મુદત લંબાવવાની જાહેરાત કરવામાં આવી છે. ધો.૧૨ સાયન્સ પછી ડિગ્રી ઈજનેરી સહિતની ટેકનિકલ કોલેજમાં પ્રવેશ માટે સ્થાનિક કક્ષાએ ગુજકેટ લેવામાં આવે છે. બોર્ડ દ્વારા લેવામાં આવતી આ પરીક્ષા માટે ગત ૧૬મી ડિસેમ્બરથી રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. ૩૦મી ડિસેમ્બરે આ મુદત પુરી થઈ ચુકી છે. જોકે, રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓ અને તાલુકા કક્ષાએ ગુજકેટ માટે રજિસ્ટ્રેશન કરવાની મુદત વધારવા માટે આવેલી રજૂઆત બાદ હવે આગામી ૬ જાન્યુઆરી સુધીની મુદત લંબાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કેટલીક સ્કૂલના વિદ્યાર્થીઓના ફોર્મ સબમીટ ન થયા હોવાના કારણે કુલ સાત દિવસની મુદત લંબાવવામાં આવી છે. એટલે કે હવે આગામી ૬ જાન્યુઆરી સુધી વિદ્યાર્થીઓ રેગ્યુલર ફી સાથે ગુજકેટના ફોર્મ ભરી શકશે. ડિગ્રી ઈજનેરી, ફાર્મસી અને ડિપ્લોમા ફાર્મસીમાં પ્રવેશ લેવા ઈચ્છતાં હોય તેવા એ, બી અને એબી ગ્રુપના વિદ્યાર્થીઓ ગુજકેટ આપતાં હોય છે. જોકે, ગુજકેટ આપતાં મોટાભાગના વિદ્યાર્થીઓ જેઈઈ-મેઈન પણ આપતાં હોય છે. આગામી ૨૧મી જાન્યુઆરીથી ૩૦મી જાન્યુઆરી વચ્ચે પહેલા તબક્કાની જેઈઈ-મેઈન લેવામાં આવશે. બીજા તબક્કાની જેઈઈ-મેઈન ૧લી એપ્રિલથી ૧૦મી એપ્રિલ વચ્ચે લેવામાં આવશે. બે પરીક્ષા પૈકી જે પરીક્ષામાં વધુ પર્સન્ટાઈલ હોય તેને ધ્યાનમાં લઈને પ્રવેશ ફાળવવામાં આવતો હોય છે. સ્થાનિક કક્ષાએ ૨૯મી માર્ચના રોજ ગુજકેટ લેવામાં આવશે. બોર્ડ દ્વારા આગાઉ ૩૦મી પછી લેઈટ ફી સાથે રજિસ્ટ્રેશન કરવાની જાહેરાત કરવામાં આવી હતી. જુદા જુદા તાલુકામાં કેટલાક વિદ્યાર્થીઓએ ગુજકેટ માટે ફોર્મ ભર્યા પછી રીજેક્ટ થયા હોવાની ફરિયાદ પણ ઉઠવા પામી હતી. જેના અનુસંધાનમાં હવે આગામી ૬ જાન્યુઆરી સુધી વિદ્યાર્થીઓ રેગ્યુલર ફી સાથે ગુજકેટનું રજિસ્ટ્રેશન કરાવી શકશે.

# વાહ રે વંદે ભારત :૧૮૦ની સ્પીડમાં પણ પાણીનું ટીપું ના પડે !!!

## વંદે ભારત સ્લીપર ટ્રેનએ હાઈ-સ્પીડ ટ્રાયલમાં મોટી સફળતા હાંસલ:કોટા-નાગડા સેક્શન વચ્ચે ૧૮૦ કિમી/કલાકની ઝડપે દોડી

**અબતક રાજકોટ**

ભારતીય રેલ્વેના આધુનિકીકરણની દિશામાં એક વધુ મહત્વપૂર્ણ સિદ્ધિ સામે આવી છે. લાંબા અંતરની રાત્રિ મુસાફરી માટે તૈયાર થતી વંદે ભારત સ્લીપર ટ્રેને સ્પીડ ટ્રાયલ દરમિયાન તેની મહત્તમ ડિઝાઈન ગતિ ૧૮૦ કિમી પ્રતિ કલાકને સફળતાપૂર્વક સ્પર્શી છે. રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે આ સિદ્ધિનો વીડિયો સોશિયલ માધ્યમ X પર શેર કરી માહિતી આપી હતી






કોટા-નાગદા રેલ્વે સેક્શન વચ્ચે કમિશનર ઓફ રેલ્વે સેફ્ટીની દેખરેખ હેઠળ આ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન ટ્રેનમાં ખાસ 'પાણી પરીક્ષણ' કરવામાં આવ્યું, જેમાં ઝડપે દોડતી ટ્રેનની અંદર રાખેલા પાણી ભરેલા ગ્લાસમાંથી એક પણ બુંદ બહાર ન વહી. આ દશ્ય ટ્રેનની અદ્યતન ટેકનોલોજી, ઉત્તમ સંતુલન, ઓછી કંપન ક્ષમતા અને ઉચ્ચ સ્તરની સુરક્ષાનું પ્રતિબિંબ છે.

રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, આ પરીક્ષણ નવી પેઢીની વંદે ભારત સ્લીપર ટ્રેનની તકનીકી ક્ષમતાઓ અને વિશ્વસનીયતાને સાબિત કરે છે. તેમણે ઉમેર્યું હતું કે આ ટ્રેન ભારતની લાંબા અંતરની રેલ મુસાફરીમાં ક્રાંતિકારી ફેરફાર લાવશે.વંદે ભારત સ્લીપર ટ્રેન, હાલ ભારતીય રેલ્વે નેટવર્ક પર દોડતી વંદે ભારત ચેર કાર ટ્રેનનું સ્લીપર વર્ઝન છે. આ ટ્રેન સંપૂર્ણ રીતે વાતાનુકૂલિત હશે અને રાત્રિ મુસાફરીને વધુ આરામદાયક બનાવવા માટે આધુનિક સુવિધાઓથી સજ્જ રહેશે. તેના બે પ્રોટોટાઈપ રેક BEML દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે અને હાલ પરીક્ષણના અંતિમ તબક્કામાં છે.

ભારતીય રેલ્વે આગામી કેટલાક વર્ષોમાં ૨૦૦થી વધુ વંદે ભારત સ્લીપર ટ્રેનો શરૂ કરવાની યોજના ધરાવે છે. આથી દેશભરના મુખ્ય શહેરો વચ્ચેની લાંબી મુસાફરી ઝડપી, સુરક્ષિત અને આરામદાયક બનશે તેમજ રેલ્વે ક્ષેત્રે 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને વધુ મજબૂતી મળશે.આ સિદ્ધિ ભારતીય રેલ્વેના વૈશ્વિક સ્તરે અદ્યતન રેલ નેટવર્ક બનવાના સપનાને સાકાર કરતી એક મહત્વપૂર્ણ કડી તરીકે જોવામાં આવી રહી છે.

# વાંકાનેરમાં એકતા ગ્રુપ દ્વારા બિનવારસી મૃતદેહને અપાયા અગ્નિસંસ્કાર

## એકતા ગ્રુપના આગેવાન બિપીન દોશી, મનીષ ગોહેલ સહિતના ઉપસ્થિત રહી વિધીવ્રત અંતિમ વિધી કરી

**અબતક, લતીશ ચંદારાણા વાંકાનેર**

વાંકાનેર રેલવે સ્ટેશન ખાતે ગત તા. ૨૪-૧૨ ના રોજ સાંજના ચારેક વાગ્યાના અરસામાં ટ્રેન નં. ૧૯૫૭૫ ઓખા-નાથદ્વારામાં મુસાફરી કરતા આશરે ૫૫ વર્ષીય અજાણ્યા યુવાને ટ્રેનમાંથી ઉતરી ટ્રેક પર પડતું મુકી જીવન ટુંકાવેલ હતું.

છેલ્લા ચાર દિવસથી તેમના વાલી વારસની રેલવે પોલીસના કુલદિપસિંહ ઝાલા શોધખોળ આદરવામાં આવેલ હતી. તેમજજયારે બીજા બનાવમાં વાંકાનેર લુણસર રોડ પર આવેલ ભોજપરા ગામની સીમમાં ખરાબા વિસ્તારમાં રહેતા વયોવૃધ્ધ લાખાભાઈ રામભાઈ ગઢવીનું ગત તા. ૨૭-૧૨-૨૫ ના રોજ મૃત્યુ થયેલ હોય જેના છેલ્લા ત્રણ દિવસથી વાંકાનેર સીટી પોલીસના પો. હેડ કો. વી.એ.ઝાલા દ્વારા તેમના વાલી વારસની શોધખોળના અંતે ઉપરોકત એકતા ગ્રુપ આગેવાન બીપીનભાઈ દોશી તથા ગ્રુપને અંતિમવિધી માટે સોંપવામાં આવેલ આ સાથે વાંકાનેર સીટી પોલીસના હેડ કો. વી.એ.ઝાલા ને સાથે રાખી માન સન્માન સાથે અંતિમ ક્રિયા કરવામાં આવેલ હતી.

બન્ને મૃતદેહોની અંતિમ વિધમાં ગ્રુપના આગેવાન બીપીનભાઈ દોશી (દોશી બ્રધર્સ), મનીષભાઈ ગોહેલ, આસ્તિકભાઈ ઉપાધ્યાય, દેવાંગભાઈ, મનિષભાઈ ડી.જે. વાળા, રેલવે પો.કો. કુલદીપસિંહ ઝાલા, સી.ટી. પો. હે. કો. વી.એ.ઝાલા જીઆરડી જવાન ચિરાગભાઈ જોશી, ગોપાલભાઈ તથા રણછોડભાઈ અને અર્જુનગીરી સહીતના સાથે રહી વિધીવત અંતિમ વિધી કાર્ય પૂર્ણ કરેલ હતું.

# વનતારામાં થર્ટી ફર્સ્ટ ઉજવણી માટે સેલિબ્રિટી જમાવડો

## બોલિવૂડના ભાઈજાન સલમાન ખાન,બહેન અર્પિતા ,ક્રિકેટર સૂર્યકુમાર યાદવ ,અભિનેતા રિતેશ દેશમુખ અને ઝેનેલિયા પરિવાર સાથે રિલાયન્સના મહેમાન બન્યા







જામનગર નજીકના રિલાયન્સનું આંગણું સેલિબ્રિટીઝથી શોભી ઊઠ્યું છે. શાનદાર પાર્ટીમા સહભાગી થવા માટે જામનગર એરપોર્ટ પર બોલિવૂડના ભાઈજાન સલમાન ખાન, તેમના મિત્ર લુલિયા સહિતના બોલિવૂડ સ્ટાર્સ એરપોર્ટ દેખાયા બપોર બાદ બોલિવૂડ જગતના મહેમાનો જામનગર આવી પહોંચ્યા હતા.

જામનગર એરપોર્ટ પર બોલીવુડના ભાઈજાન સલમાન ખાનની એન્ટ્રી થતાં ચાહકોમાં ઉત્સાહનો માલ જોવા મળ્યો હતો ચાહકો સલમાન ખાનની ઝલક જોવા માટે એરપોર્ટ ખાતે દોડી ગયા હતા. આ દરમિયાન સલમાન ખાન બાદ તેમના સ્ત્રી મિત્ર લુલિયા પણ જોવા મળ્યા હતા. ભારતીય ક્રિકેટર સૂર્યકુમાર યાદવ પરિવાર સાથે જામનગર આવી પહોંચ્યા હતા.

જે એરપોર્ટ પર પોતાના અનોખા અંદાજમાં જોવા મળ્યા હતા. અભિનેતા રિતેશ દેશમુખ અને ઝેનેલિયા પણ પરિવાર સાથે જામનગર પર પહોંચ્યા હતા. સાથે સાથે સલમાન ખાનના બહેન અર્પિતા પણ પોતાના પરિવાર જામનગર એરપોર્ટ ખાતે દેખાયા હતા. એરપોર્ટથી તમામ સેલિબ્રિટીઓ કારના કાફલા સાથે રિલાયન્સ ખાતે જવા રવાના થયા હતા.

# થર્ટી ફર્સ્ટને લઈ પોલીસ એકશનમાં સંઘન ચેકીંગ: એસપી મેદાને

### ૪ ડીવાયએસપી, ૨૪ પીઆઈ, ૩૫ ફોજદાર સહિત ૭૦૦ પોલીસ જવાનો ફિલ્ડમાં



**અબતક,જામનગર**

જામનગરમાં 31st ની ઉજવણીના પગલે જિલ્લા પોલીસવડા ડો.રવિ મોહન સૈની, ડીવાયએસપી જયવીરસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ શહેરના ડિકેવી સર્કલ સહિતના મુખ્ય વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન શંકર વાહનચાલકોને અટકાવી તેની તલાસી લેવામાં આવી હતી. જેમાં જુદા જુદા પોલીસ સ્ટાફ જોડાયા હતા થર્ટી ફર્સ્ટને લઈ કાયદો અને વ્યવસ્થા ની પરિસ્થિતિ સુનિશ્ચિત કરવા માટે થઈ પોલીસ દ્વારા સઘન ચેકીંગ હાથ ધરાયું હતું.થર્ટી ફર્સ્ટની ઉજવણીને લઈ જામનગર જિલ્લા પોલીસ દ્વારા કડક ચેકિંગ બંદોબસ્ત ગોઠવાયો છે. આ માટે ૭૦૦ પોલીસ સ્ટાફનો લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવશે. એસપી ડો.રવિ મોહનની અધ્યક્ષતામાં ૪ ડીવાયએસપી, ૨૪ પીઆઈ, ૩૫ પીએસઆઈ સહિત ૬૫ પોલીસ અધિકારીઓ તથા પોલીસ કર્મચારીઓ, હોમગાર્ડ જવાન/ગ્રામ્ય રક્ષક દળ તથા ટ્રાફિકના પોલીસ સ્ટાફ મળી ૬૦૦ કર્મચારી અને જિલ્લાભરમાં આશરે ૭૦૦ પોલીસ સ્ટાફ દ્વારા બંદોબસ્ત જાળવવામાં આવશે.દારૂ સહિત પ્રોહિબિશનની પ્રવૃત્તિને સદંતર ડામવા ૨૦૬ બોડી વોર્ન કેમેરા અને ૫૨ બ્રેથનાલેઝર નો ઉપયોગ કરવામાં આવશે. આ ઉપરાંત આઠ સ્થળે જિલ્લામાં ચેકપોસ્ટ કાર્યરત કરવામાં આવશે જ્યાં સઘન વાહન ચેકિંગ કરવામાં આવશે.સાથે જ મહિલાઓની સુરક્ષા માટે ૧૬ સી ટીમ અને એન્ટી રોમિયોસ કોડની ટીમ ખડેપગે રહેશે. ૩૦ જેટલા ફોરવીલ ઉપરાંત ૨૭ જેટલી જનરક્ષકની બોલેરો અને ૮૦ બાઈક મળી ૧૩૭ વાહનો અને માઉન્ટેડ યુનિટ ઘોડે સવાર સાથે બંદોબસ્તમાં રહેશે.

# ટેકાના ભાવની કામગીરી ધીમીગતિએ ચાલતી હોવાનું આક્ષેપ: ''આપ''એ આવેદન પાઠવ્યુ



જામનગર જિલ્લા આમ આદમી પાર્ટી પ્રમુખ વશરામભાઈ રાઠોડની આગેવાનીમાં આમ આદમી પાર્ટી પ્રમુખ સૌરાષ્ટ્ર ઝોન પ્રકાશભાઈ દોંગાની ઉપસ્થિતિમાં જામનગર શહેરની કલેકટર કચેરી ખાતે ૧૫ જેટલા આમ આદમી પાર્ટીના હોદેદારો તથા ખેડૂતો એકઠા થયા હતા. જામનગર તાલુકામા ટેકાના ભાવે મગફળી ખરીદીનુ કામ ચાલી રહેલ છે. જેમા જામનગર તાલુકા માં ખૂબ જ ધીમી ગતિ ચાલી રહ્યું છે અને હજી ૧૯૦૦૦ માંથી ૭૦૦૦ જ રજીસ્ટ્રેશન થયેલા ખેડૂતોની મગફળી જોખાઈ છે. ઘણા બધા ખેડૂતોને દોઢ મહિના થયા મગફળી જોખાઈ ગઈ હોવા છતાં જેનું પેમેન્ટ મળેલ નથી. મગફળી માવઠાથી પલળી જવાને કારણે ખરાબ થઈ ગયેલ હોય જેથી જામનગર તાલુકાની ટેકાના ભાવે મગફળી ની ખરીદી ઝડપથી કરવા અને ખરીદ થયેલ મગફળીનું પેમેન્ટ સમયસર ખેડૂતોના ખાતામાં જમા કરવા બાબતે ઈન્ચાર્જ પી.આર.ઓને રૂબરૂ મળી રજૂઆત કરી આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

# જામજોધપુર: સીદસર ઉમિયાધામ ખાતે ભવ્ય બાઈક રેલી સાથે ધ્વજારોહણ



**અબતક,ભરત ગોહિલ**
**જામજોધપુર**

જામજોધપુર કડવા પાટીદાર સમાજ નો સમુહ ભોજન (નાત ) જમણ નો કાર્યક્રમ યોજાયેલ આ કાર્યક્રમ અંતર્ગત ઉમિયાધામ સીદસર મુકામે ધજા રોહણ કાર્યક્રમ યોજાયો હતો જેમા જામ જોધપુર થી ઉમિયાધામ સુધી બાઈક રેલી સાથે પાટીદાર ભાઈઓ ઉમિયા માતાજી મંદીર સીદસર પહોંચ્યા હતા આ ધજા રોહણ કાર્યક્રમમાં ચારથી પાંચ હજાર પાટીદાર ભાઈ બહેનો જોડાયા હતા આ દવજા રોહણ કાર્યક્રમ માં ઉમિયા માતાજી મંદીર સીદસર ના પ્રમુખ મૌલેશભાઈ ઉકાણીની પ્રેરક ઉપસ્થતી રહી હતી ત્યારબાદ બીજા દિવસે સવારે મેગા રક્તદાન કેમ્પ યોજાયો હતો જેમાં રેકર્ડ બ્રેક ૫૩૩ બોટલ રક્ત એકઠુ થયેલ તેમજ બપોર બાદ જલારામ મંદિરે થી માતાજીના રથ સાથે ભવ્ય શોભાયાત્રા નીકળેલ જે શહેરના મુખ્ય માર્ગ પર ફરી હતી,તેમજ માતાજીના રથનું ઠેર ઠેર રસ્તામાં સ્વાગત કરાયું હતુ.શોભા યાત્રા બાદ કડવા પાટીદાર સમાજનું સમુહ ભોજન કાર્યકમ યોજાયેલ કડવા પાટીદાર સમાજના સમુહ ભોજન કાર્યક્રમમાં વિવિધ સમાજના અગ્રણીઓ પ્રતિનિધીઓ પણ સમુહ ભોજન પ્રસાદમાં જોડાયા હતા આ સાથે કડવા પટેલ સમાજના વિવિધ દાતાઓનું પણ સન્માન કરાયુ હતું.

# રાજકુમાર સંતોષીને હાઈકોર્ટએ રાહત આપી : 'લાહોર ૧૯૪૭'ના પ્રમોશન માટે દુબઈ જવા મંજૂરી

### ચેક રીટન કેસમાં ફિલ્મ નિર્દેશકને બે વર્ષની સજા ફટકારી હતી: ૫ જાન્યુઆરી ૨૦૨૬ના ભારત પરત આવવાનો આદેશ



**અબતક, રાજકોટ**

ગુજરાત હાઈકોર્ટે ફિલ્મ દિગ્દર્શક રાજકુમાર સંતોષીને ચેક બાઉન્સ કેસમાં મોટી રાહત આપી છે. કોર્ટે તેમને તેમની આગામી ફિલ્મ 'લાહોર ૧૯૪૭'ના પ્રમોશનલ ઈવેન્ટ માટે વિદેશ પ્રવાસની પરવાનગી આપી છે. સંતોષી દુબઈ જઈ શકશે અને ૫ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ મધ્યરાત્રિ પહેલાં ભારત પરત ફરવું પડશે.

આ ફિલ્મ આમિર ખાન પ્રોડક્શન્સ હેઠળ બની રહી છે અને તેમાં સની દેઓલ મુખ્ય ભૂમિકામાં છે. આ ફિલ્મ ભારત-પાકિસ્તાન વિભાજનના સમયગાળાની પૃષ્ઠભૂમિ પર આધારિત છે અને તેનું નિર્માણ પૂર્ણ થયું છે. ફિલ્મ ૨૦૨૬માં રિલીઝ થવાની અપેક્ષા છે.

ચેક રિટર્ન કેસમાં જામનગરની મેજિસ્ટ્રેટ કોર્ટે સંતોષીને ૧૧ કેસમાં બે વર્ષની સજા ફટકારી હતી, જેમાં કુલ ૧.૧૦ કરોડ રૂપિયાના ચેક સામેલ હતા. સેશન્સ કોર્ટે આ સજાને સમર્થન આપ્યું હતું, પરંતુ હાઈકોર્ટે ઓક્ટોબરમાં સજા સ્થગિત કરી અને નિયમિત જામીન આપ્યા હતા. જામીનની શરતોમાં વિદેશ જવા માટે કોર્ટની પરવાનગી જરૂરી હતી.

સંતોષીએ અરજી કરી હતી કે તેઓ ફિલ્મના પ્રમોશન માટે દુબઈ જવા માંગે છે અને તેમની ટિકિટો પણ રજૂ કરી હતી. વધુમાં, તેમણે કુલ ૧.૧૦ કરોડમાંથી બાકી ૩૫ લાખ રૂપિયા જમા કરાવવા માટે વધુ સમય માંગ્યો હતો, કારણ કે તેમણે પહેલાંથી ૭૫ લાખ જમા કરાવ્યા છે. કોર્ટે તેમને જાન્યુઆરીના અંત સુધીમાં બાકી રકમ જમા કરાવવાનો આદેશ આપ્યો.

ફરિયાદીના વકીલે આ અરજીઓનો વિરોધ કર્યો હતો, પરંતુ ન્યાયાધીશે જણાવ્યું કે મોટા ભાગની રકમ જમા થઈ ગયા પછી ન્યાયના હિતમાં આ રાહત આપવી જોઈએ.આ રાહતથી સંતોષી હવે ફિલ્મના પ્રમોશન પર ધ્યાન કેન્દ્રિત કરી શકશે.

# વર્ષ ૨૦૨૫નું સુર્યનું છેલ્લુ કિરણ નિહાળવા દ્વારકા સનસેટ પોઈન્ટ ઉમટયા સહેલાણીઓ

### દરિયા કિનારે ખગોળીય ઢબે બનાવેલો સનસેટ પોઈન્ટ પર યુવાનોમાં સેલ્ફીવીથ સનસેટનો ક્રેઝ



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

ભારતનું પશ્ચિમ દિશાનું છેવાડાના સ્થળે આવેલ યાત્રાધામ દ્વારકામાં આજે વર્ષ ૨૦૨૫નો અંતિમ દિન હોય ભારતની ભૂમિ પર વર્ષ ૨૦૨૫ ના સૂર્યના છેલ્લા કિરણને નિહાળવાનો અનેરો લહાવો લેવા આજે સંધ્યા સમયે દ્વારકાના સહેલાણીઓ મોટી સંખ્યામાં એકત્ર થશે. દ્વારકાના સનસેટ પોઈન્ટ એક દર્શનીય પર્યટન સ્થળ હોય કુદરતના ખોળે વિતેલા વર્ષના સંભારણાને યાદ કરી સનસેટને નિહાળવા દર વર્ષે સહેલાણીઓ એકત્ર થઈ સનસેટ સાથે સેલ્ફી લેતાં જોવા મળે છે.

ભગવાન શ્રીકૃષ્ણે મથુરા છોડીને દ્વારકાને પસંદ કર્યુ અને રાજધાની બનાવી, તેની પાછળ પૌરાણિક, સામાજિક, આર્થિક અને કૌટુંબિક કારણોના ઘણાં સંદર્ભો મળે છે. પરંતુ બહુ ઓછા પ્રમાણમાં પ્રચલિત એ કારણ પણ હોઈ શકે કે ભારતનો અંતિમ સૂર્યાસ્ત પશ્ચિમ ક્ષેત્રના આ સ્થળેથી થાય છે. દ્વારકામાં અરબી સમુદ્ર કિનારે આવેલ સનસેટ પોઈન્ટના બાંધકામમાં પ્રથમ બે પગથિયા ઉત્તરાયણ અને દક્ષિણાયન દર્શાવે છે. તે પછીના પગથિયા સમાહના સાત વાર સૂચવે છે. તેનાથી નીચેનું વર્તુળ પૃથ્વીની કલ્પનાનું રેખાંકન સૂચવે છે. બીજું વર્તુળ ક્ષિતિજને સમાંતર બનાવાયું છે. બાંધકામમાં ૨૭ નક્ષત્રોને સૂચવતાં ૨૭ કાણાં બનાવાયા છે. ખગોળશાસ્ત્રના નિષ્ણાંતો આ સ્થળેથી સૂર્યાસ્ત વિશિષ્ટ રીતે જોઈને અભ્યાસ કરી શકે છે. માનવમનને પ્રફુલ્લીત કરે તેવું સૂર્યાસ્તનું દ્રશ્ય જોવા યાત્રિકો મોટી સંખ્યામાં આ સ્થળની મુલાકાત લેતા હોય છે. આ સનસેટ પોઈન્ટ પુરાતત્ત્વવિદો અને જાણકારોના માર્ગદર્શન હેઠળ બનાવ્યો હતો અને સોમરસ માર્ગ પણ બનાવાયો હતો. અહીં રાજય સરકારે મૂકેલાં શિલાલેખમાં પણ 'પશ્ચિમકાંઠે સૂર્યનું છેલ્લું કિરણ અહીં પડે છે.' તેવું નોંધવામાં આવ્યું છે.સહેલાણીઓ માટે આ સ્થળ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે. થોડા સમય પૂર્વે જ અહીં દક્ષિણ ભારતના સંતની રામાનુજાચાર્યની મૂર્તિ પ્રતિષ્ઠાપિત કરી સનસેટ પોઈન્ટને રીનોવેટ કરાવવામાં આવેલ.

# ધ્રોલ નગરપાલિકા વોર્ડ ૬ કોર્પોરેટ હિતેશ ભોજાણીનો આજે જન્મદિવસ..



રાજનીતિમાં શૂન્યમાંથી સર્જન કરનાર અને જનતાના પ્રશ્નો માટે હંમેશા તત્પર રહેતા ધ્રોલ નગરપાલિકાના લોકપ્રિય કોર્પોરેટર હિતેશભાઈ ભોજાણીનો આજે જન્મદિવસ છે. વર્ષ ૨૦૦૯ની લોકસભા ચૂંટણીમાં એક સામાન્ય પોલિંગ એજન્ટ તરીકે પાયાની જવાબદારી નિભાવી રાજનીતિના પાઠ શીખનાર હિતેશભાઈએ પોતાની નિષ્ઠાને જોરે ૨૦૧૨માં શહેર ભાજપ મહામંત્રી અને ત્યારબાદ જિલ્લા યુવા મોરચામાં મહત્વના હોદ્દાઓ સંભાળ્યા હતા.

હિતેશભાઈ પર આજે તેમના જન્મદિવસ નિમિત્તે મોં -૯૯૦૯૨ ૦૦૦૨૧ ધ્રોલના વિવિધ સામાજિક-રાજકીય આગેવાનો અને સમર્થકો દ્વારા શુભેચ્છાઓનો ધોધ વરસી રહ્યો છે.

# ડી.પી કપાતમાં દબાણકર્તાઓને ખાલી કરવા આસિસ્ટન્ટ કમિશનરનું આખરીઅલ્ટીમેટમ

### ગોકુલનગરથી જકાતનાકા અને સાંઢીયા પુલને જોડતા ૩૦ મીટર ડીપી રોડને પહોળો કરવાની કામગીરી તેજ



જામનગરના ગોકુલનગરથી જકાતનાકા અને સાંઢીયા પુલને જોડતા ૩૦ મીટર ડીપી રોડને પહોળો કરવાની કામગીરી તંત્ર દ્વારા તેજ કરવામાં આવી છે. આજે આસિસ્ટન્ટ કમિશનર અને ટીપીઓ ટીમ દ્વારા દુકાનદારોને દુકાન ખાલી કરવા અલ્ટીમેટમ અપાયું હતું

શહેરના ગોકુલનગરથી લઈ અને જકાતનાકા તેમજ સાંઢીયા પુલ સુધી ૩૦ મીટર રોડ ડીપી કપાતમાં આવતો હોવાથી પહોળો કરવાનું કામગીરી તેજ બનાવવામાં આવી છે. આ માટે જામ્યુકોના આસિસ્ટન્ટ કમિશનર મુકેશ વરર્ણવા તેમજ ટી પી ઓની ટીમ દ્વારા દુકાનદારોને સૂચના આપવામાં આવી હતી કે વચગાળાના દિવસોમાં સ્વેચ્છિક રીતે દબાણમાં આવે. જો આ દબાણ હટાવવામાં નહીં આવે તો નાછૂટકે દુકાનોનું ડિમોલેશન કરવામાં આવશે.

# દ્વારકા: નગરપાલિકાની સોમવારે જનરલ બોર્ડ: વોર્ડમાં સીસીટીવી, પબ્લીક એનાઉન્સીગ સીસ્ટમ સહિત મુદાઓની ચર્ચા થશે



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દ્વારકા નગરપાલીકાના સભાખંડ ખાતે આગામી તા.૦૫-૦૧-૨૦૨૬ ને સોમવારના નગરપાલીકાની સામાન્ય સભા રાખવામાં આવેલ છે. સોમવારે સાંજે ૪:૦૦ કલાકે યોજાનાર આ જનરલ બોર્ડની મીટીંગમાં ચીફ ઓફીસર, નગરપાલીકા પ્રમુખ, ઉપપ્રમુખ અને સભ્યગણની ઉપસ્થિતિમાં ૧૬ જેટલા મુદ્દાઓ અંગે કાર્યવાહી કરવામાં આવનાર છે. આ મીટીંગમાં દ્વારકા શહેરના તમામ સાત વોર્ડમાં સી.સી.ટી.વી. કેમેરા અને પબ્લીક એનાઉન્સીંગ સીસ્ટમ લગાવવાના સર્વેની કામગીરી, ઓકસીજન સુવિધા સાથેની નવી એમ્બ્યુલન્સની ખરીદી, ગોમતી ઘાટ સુદામા સેતુ પાસે શંકરાચાર્ય ઘાટનું નામકરણ કરવા, ચીફ ઓફીસર ઓફીસ તથા કવાર્ટરમાં બાંધકામ, જીપીઓ શોપીંગ સેન્ટરમાં રીપેરીંગ કામગીરી, ડીમોલીશન કરાયેલ જગ્યાઓ પર ફેન્સીંગ, માયાસર તળાવથી ચરકલા રોડ ડી.આઈ. પાઈપલાઈનને જોડતી ૧૩૦૦ મીટરની પાઈપલાઈન નાખવાની કામગીરી, સનાતન પાસે સ્મશાનગૃહની કામગીરી, એન.ડી.એચ. હાઈસ્કૂલમાં બે કલાસરૂમ, હોલ, ગ્રાઉન્ડ શેડ બનાવવાની કામગીરી, ડીએનપી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં એલકેજી યુકેજી કલાસરૂમોમાં રીપેરીંગ કામગીરી, મુખ્ય પોલીસ મથક તેમજ મીરા ગાર્ડન નજીક સમ્પ બનાવવાની કામગીરી, રબારી ગેઈટથી ઈસ્કોન ગેઈટ સુધી રોડની બંને તરફ સ્ટ્રીટ લાઈટ નાખવાની કામગીરી, હાઈ માસ્ટ પોલ ઊભા કરવા તથા શહેરમાં હયાત પડેલ લેગેસી વેસ્ટ સર્વેની કામગીરી તથા તેના નિકાલના આયોજન સહિતના મુદ્દાઓ અંગે ચર્ચા વિચારણ બાદ નિર્ણયો લેવામાં આવશે.

# અંગદાન મહાદાન / અમદાવાદની સિવિલે ગત વર્ષમાં ૫૦૦ કિડની ટ્રાન્સપ્લાન્ટ કરીને ડંકો વગાડ્યો

## સરકારી હોસ્પિટલમાં ૬૦% દર્દીઓને આયુષ્માન કાર્ડ હેઠળ મળી મફત સારવાર



**અબતક, અમદાવાદ**

ગુજરાત આજે મેડિકલ ક્ષેત્રે દેશનું નેતૃત્વ કરી રહ્યું છે. છેલ્લા પાંચ વર્ષમાં 'અંગદાન મહાદાન'ની ભાવના દરેક લોકો સુધી પહોંચી છે. તેમજ અંગદાન પ્રત્યે લોકોની જાગૃતિ પણ વધી છે. આ જનજાગૃતિનો સીધો લાભ જરૂરિયાતમંદ દર્દીઓને મળી રહ્યો છે, જેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ અમદાવાદ સિવિલ હોસ્પિટલની IKDRC સંસ્થાએ પૂરું પાડ્યું છે. સંસ્થાએ આ વર્ષે ૫૦૦ કિડની ટ્રાન્સપ્લાન્ટનો આંકડો પાર કરીને દેશની તમામ સરકારી હોસ્પિટલોમાં મોખરાનું સ્થાન મેળવ્યું છે. જે તબીબી જગતમાં એક ઐતિહાસિક સિદ્ધિ ગણાય છે.

ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સના નિષ્ણાતોના મતે, રાજ્યમાં કિડનીની બીમારીઓ ભયજનક રીતે વધી રહી છે. સૌથી ચોંકાવનારી વિગત એ છે કે કિડની ફેલ થનારા દર્દીઓમાં ૭૫% લોકો ૪૦ વર્ષથી ઓછી ઉંમરના યુવાનો છે. ડૉ. પ્રાંજલ મોદીએ આ અંગે ચેતવણી આપતા જણાવ્યું છે કે, આધુનિક સમયની બેઠાડુ જીવનશૈલી, ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેશર અને ખાનપાનની અનિયમિત આદતો યુવાનોની કિડની પર સીધો પ્રહાર કરી રહી છે.

વર્ષ ૨૦૨૪ માં જ્યાં ૪૪૩ કિડની ટ્રાન્સપ્લાન્ટ નોંધાયા હતા, ત્યાં વર્ષ ૨૦૨૫ ના અંત સુધીમાં આ આંકડો ૫૦૨ સુધી પહોંચવાનો અંદાજ છે. આ વર્ષે સૌથી વધુ ટ્રાન્સપ્લાન્ટ સરકારી હોસ્પિટલોમાં થયા છે, જે તબીબી માળખાની મજબૂતી અને દર્દીઓના વધતા વિશ્વાસનું પ્રતીક છે. કુલ ટ્રાન્સપ્લાન્ટમાં 30% કિસ્સામાં 'શબ દાતા'દ્વારા અંગો પ્રાપ્ત થયા છે, જેમાં અન્ય રાજ્યોના દર્દીઓને પણ જીવનદાન મળ્યું છે.

ટ્રાન્સપ્લાન્ટ જેવી મોંઘી સારવાર હવે સામાન્ય માણસની પહોંચમાં છે. ડેટા દર્શાવે છે કે આ વર્ષે થયેલા કુલ ટ્રાન્સપ્લાન્ટમાંથી ૬૦% જેટલા ઓપરેશન PM-JAY (આયુષ્માન કાર્ડ) યોજના હેઠળ વિનામૂલ્યે કરવામાં આવ્યા છે. આમ, આર્થિક સંકડામણ અનુભવતા પરિવારો માટે સરકારની આ યોજના આશીર્વાદરૂપ સાબિત થઈ છે.

તબીબી નિષ્ણાતોનું કહેવું છે કે કિડની રોગો પર કાબૂ મેળવવા માટે વહેલું નિદાન, નિયમિત કસરત અને સ્વચ્છ, પોષણયુક્ત આહાર અપનાવવો ખૂબ જ મહત્વપૂર્ણ છે. જો લોકો આ આદતો રાખે, તો ડાયાલિસિસ કે કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવાની જરૂરિયાત ઘટી શકે છે. તેમ છતાં, અંગદાન દ્વારા કોઈની જીવનમાં ખુશી લાવી શકાય છે. આવી વિચારધારા અને સક્રિય જાગૃતિને કારણે ગુજરાત આજે મેડિકલ ક્ષેત્રમાં માટે ઉદાહરણરૂપ રાજ્ય બની ગયું છે.

અમદાવાદ સ્થિત 'ઈન્સ્ટિટ્યૂટ ઑફ કિડની ડિસિઝિસ એન્ડ રિસર્ચ સેન્ટર'એ તબીબી ક્ષેત્રે એક અભૂતપૂર્વ સિદ્ધિ હાંસલ કરીને સમગ્ર દેશનું ધ્યાન ખેંચ્યું છે. આ સંસ્થાએ દેશભરની તમામ પબ્લિક હોસ્પિટલોની શ્રેણીમાં પ્રથમ સ્થાન મેળવીને પોતાની એક આગવી અને મજબૂત ઓળખ પ્રસ્થાપિત કરી છે. કિડની ઈન્સ્ટિટ્યૂટની આ અવિરત સેવા અને શ્રેષ્ઠ કામગીરી આજે અંગ પ્રત્યારોપણની રાહ જોતા હજારો દર્દીઓ માટે આશાનું નવું કિરણ બનીને ઉભરી છે. અત્યાધુનિક સુવિધાઓ અને નિષ્ણાત

(અનુ. આઠમા પાને)

### કિડની ટ્રાન્સપ્લાન્ટ હાઈલાઈટ્સ

**કુલ ટ્રાન્સપ્લાન્ટ (૨૦૨૫): ૫૦૦ (૫ વર્ષમાં ૬૫% વધારો)**

- **જાતિ:** ૭૩% પુરુષ ૨૭% મહિલા
- **રહેઠાણ:** ૬૬% ગુજરાત ૩૪% અન્ય રાજ્ય
- **ઉંમર:** મુખ્યત્વે ૨૦ થી ૪૦ વર્ષ
- **મૃતક દાતા:** 30% ટ્રાન્સપ્લાન્ટ
- **સ્વેપ ટ્રાન્સપ્લાન્ટ:** ૯૦ સર્જરી
- **રોબોટિક સર્જરી:** ૪૩ સર્જરી
- **સરકારી સહાય (PM-JAY):** ૩૧૮ દર્દીઓને લાભ

# ગુજરાતની સાંસ્કૃતિક ધરોહરને પ્રતિબિંબિત કરતું વર્ષ ૨૦૨૬નું રાજ્ય કેલેન્ડર વિમોચન કરતા મુખ્યમંત્રી

### ઓટોમોબાઈલથી ડાયમંડ સુધીના ઉદ્યોગો અને પટોળાથી રોગાન ચિત્રકળા સુધીની લોકકલાનો સમાવેશ

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે રાજ્ય સરકારના વર્ષ ૨૦૨૬ના કેલેન્ડરનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ અવસરે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં 'આત્મનિર્ભર ભારત, આપણું ગૌરવ - વોકલ ફોર લોકલ' થીમ આધારિત આ કેલેન્ડરને નિહાળી મુખ્યમંત્રીએ આનંદ અને પ્રસન્નતા વ્યક્ત કરી હતી.



વર્ષ ૨૦૨૬નું આ રાજ્ય સરકારનું કેલેન્ડર ગુજરાતની ઔદ્યોગિક શક્તિ અને સાંસ્કૃતિક ધરોહરને એકસાથે રજૂ કરે છે. કેલેન્ડરમાં ઓટોમોબાઈલ ક્ષેત્ર, રાસાયણિક ઉદ્યોગ, ઔષધ ઉદ્યોગ, સિરામિક ઉદ્યોગ, સેમિકન્ડક્ટર તેમજ હીરા ઉદ્યોગ જેવા રાજ્યના મહત્વના ઔદ્યોગિક ક્ષેત્રોને વિશેષ સ્થાન આપવામાં આવ્યું છે.

આ સાથે જ ગુજરાતની સમૃદ્ધ પરંપરાગત કલા અને હસ્તકલા પણ આ કેલેન્ડરમાં આકર્ષક રીતે રજૂ કરવામાં આવી છે. તેમાં પાટણના પટોળા, કચ્છની હસ્તકલા, પિઠોરા ચિત્રકળા, બાંધણી, રોગાન ચિત્રકળા તેમજ અકીક કારીગરી જેવી વિશ્વવિખ્યાત લોકકળાઓને સ્થાન આપવામાં આવ્યું છે, જે રાજ્યની સાંસ્કૃતિક ઓળખને ઉજાગર કરે છે.

આ કેલેન્ડર દ્વારા સ્થાનિક

(અનુ. આઠમા પાને)

# જયંતી ભાનુશાલી હત્યામાં મનજી ભાનુશાલીને કોર્ટે આરોપી બનાવતા કેસમાં નવો વળાંક

### ભાજપના અગ્રણી જયંતી ભાનુશાલીની ટ્રેનમાં ફિલ્મી ઢબે ગોળી મારીને હત્યા નીપજાવવામાં આવી હતી, એક આરોપી મહારાષ્ટ્રની યરવડા જેલમાં હત્યા નીપજાવાઈ

**અબતક, ગાંધીધામ**

અબડાસાના પૂર્વ ધારાસભ્ય જયંતી ભાનુશાલીના ચાલતી ટ્રેને થયેલા હત્યાકાંડના સાત વર્ષે વળાંક આવ્યો છે. અબડાસાની રાતા તળાવ પાંજરાપોળના સ્થાપક મનજી ખેતશી ભાનુશાલી ઉર્ફે મનજી બાપુને કોર્ટે આરોપી બનાવ્યા છે.મનજી બાપુને આરોપી બનાવવા થયેલી અરજીને ભચાઉ સેશન્સ કોર્ટે મંજૂર કરી તેમની સામે સમન્સ કાઢીને ટ્રાયલ ફેસ કરવા



સ્પેશિયલ પીપી તુષાર ગોકાણી

હુકમ કર્યો છે. અબડાસાના પૂર્વ ધારાસભ્ય અને પ્રદેશ ભાજપના અગ્રણી જયંતી ભાનુશાલીની કચ્છથી અમદાવાદ જતી વેળાએ ટ્રેનમાં ફિલ્મી ઢબે ગોળી મારીને હત્યા નીપજાવવામાં આવી હતી. આ પ્રકરણમાં ૧૩ લોકોની અટક બાદ જામીન પર છૂટયા હતા જે પૈકી એક આરોપી મહારાષ્ટ્રની યરવડા જેલમાં હત્યા નીપજાવાઈ હતી. આ પ્રકરણ પૂર્ણતાના આરે છે,

(અનુ. આઠમા પાને)

# રાજ્યના ૭.૧૭ લાખ વિદ્યાર્થી ધો.૬માં પ્રવેશ માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટ આપશે

### મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશીપ પણ આ જ પરીક્ષાના આધારે વિદ્યાર્થીઓને અપાશે

**અબતક, રાજકોટ**

રાજ્યમાં આવેલી જ્ઞાનશક્તિ, રક્ષાશક્તિ સ્કૂલ અને જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશીપ માટે ૩૧ જાન્યુઆરીના રોજ લેવાનારી કોમન એન્ટ્રન્સ ટેસ્ટ માટે સમગ્ર રાજ્યમાંથી ૭.૧૭ લાખ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. ગતવર્ષની સરખામણીમાં આ વખતે વિદ્યાર્થીઓની સંખ્યામાં ૮૯ હજારનો વધારો થયો છે. આ વખતે પણ ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી હસ્તકની એકલવ્ય મોડલ સ્કૂલ અને સૈનિક શાળાઓમાં પણ આ જ કોમન એન્ટ્રન્સ ટેસ્ટના આધારે વિદ્યાર્થીઓને ધો.૬માં પ્રવેશ ફાળવવામાં આવશે. પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાં ૨૭૨૯ કેન્દ્ર પર પરીક્ષાનું આયોજન કરવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ના શૈક્ષણિક સત્રથી જ્ઞાનશક્તિ રેસિડેન્સિયલ સ્કૂલ્સ, જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસિડેન્સિયલ સ્કૂલ્સ અને રક્ષાશક્તિ સ્કૂલ્સમાં ધો.૬માં પ્રવેશ તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશીપ યોજના માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટના મેરિટના આધારે સ્કોલરશીપ યોજના શરૂ કરવામાં આવેલી છે. વર્ષ ૨૦૨૫-૨૬થી ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી હસ્તકની શાળાઓ એકલવ્ય મોડલ રેસિડેન્સિયલ સ્કૂલ્સ અને સૈનિક શાળામાં પણ આ જ કોમન એન્ટ્રન્સ ટેસ્ટના મેરિટમાં સમાવેશ થયેલા આદિજાતિ વિદ્યાર્થીઓને ધો.૬માં પ્રવેશ આપવામાં આવે છે, જે અનુસાર આગામી પરીક્ષા બાદ પણ પ્રવેશ ફાળવવામાં આવશે. સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં ધો.૧થી ૫નો અભ્યાસક્રમ પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓને જ્ઞાનશક્તિ રેસિડેન્સિયલ સ્કૂલ્સ, જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસિડેન્સિયલ સ્કૂલ્સ, રક્ષાશક્તિ સ્કૂલ્સ અને ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી હસ્તકની શાળાઓ (એકલવ્ય મોડલ રેસિડેન્સિયલ સ્કૂલ્સ અને સૈનિક શાળા)માં

(અનુ. આઠમા પાને)

# સરકારી-ગ્રાન્ટેડ સ્કૂલોના ૩૮ હજાર આચાર્યને "નેતૃત્વ"ની તાલીમ અપાશે

### પ્રથમ તબક્કામાં ૧થી ૩ જાન્યુઆરી દરમિયાન પ્રાથમિક સ્કૂલો માટે અને ૬થી ૮ જાન્યુઆરી દરમિયાન માધ્યમિક સ્કૂલોના આચાર્યો માટે તાલીમ યોજાશે

**અબતક, રાજકોટ**

રાજ્યમાં આવેલી ૩૮૫૩૫ સ્કૂલોના આચાર્યોને શાળા 'નેતૃત્વ' માટેની તાલીમ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક તથા માધ્યમિક સ્કૂલોના આચાર્યોને આ તાલીમ આપવામાં આવશે. જેમાં પ્રથમ તબક્કામાં ૧થી ૩ જાન્યુઆરી દરમિયાન પ્રાથમિક સ્કૂલો માટે અને ૬થી ૮ જાન્યુઆરી દરમિયાન માધ્યમિક સ્કૂલોના આચાર્યો માટે તાલીમ યોજાશે. તાલીમમાં એનઈપીમાં આચાર્યની ભૂમિકા, સર્વેક્ષણમાં સારૂ પરિણામ મેળવવા માટેની તૈયારી, વર્ગખંડમાં ભણાવવાની નવતર પદ્ધતિ જેવા મુદ્દાઓનો સમાવેશ કરાયો છે. ૨૦૨૭માં આવનારા નેશનલ એચિવમેન્ટ સર્વેમાં રાજ્યનું પ્રદર્શન સુધરે તે માટે આ તાલીમનું આયોજન કરાયું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યના શિક્ષણ વિભાગના માર્ગદર્શન હેઠળ જીસીઈઆરટી દ્વારા 'નેતૃત્વ'ની તાલીમ અપાશે. બે તબક્કાની તાલીમ દરમિયાન શિક્ષણમંત્રી ડો. પ્રદ્યુમ્ન વાજા, રિવાબા જાડેજા દ્વારા બાયસેગના માધ્યમથી રાજ્યોના તમામ આચાર્યોને તાલીમના પ્રથમ દિવસે સંબોધિત કરવામાં આવશે. આચાર્યો માટે શાળા 'નેતૃત્વ' અંગેની તાલીમમાં સ્કૂલ લીડરશીપની લાક્ષણિકતા અને તે સંબંધિત અગત્યની બાબતો, નેશનલ એજ્યુકેશન પોલિસી-૨૦૨૦ અનુસંધાને આચાર્યોની ભૂમિકા, નેશનલ કરિક્યુલમ ફ્રેમવર્ક-૨૦૨૩ આધારિત અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા એટલે કે વર્ગખંડમાં ભણાવવાની પદ્ધતિમાં નવતર પેડાગોજીનો ઉપયોગ, નેશનલ એચિવમેન્ટ સર્વેના આગામી સર્વેક્ષણમાં ગુજરાત રાજ્ય ઉચ્ચ પરિણામ મેળવે તે માટેની તૈયારી, પરખ

(અનુ. આઠમા પાને)

### ગુજરાતમાં નકલીનો રાફડો

# નકલી વેન્ટિલેટર અને ડિગ્રી બાદ હવે, નકલી નોટોમાં પણ ગુજરાત નંબર-૧: ડો. મનીષ દોશી

### નકલી નોટોનો કારોબાર એ માત્ર આર્થિક ગુનો નથી, પરંતુ દેશની આર્થિક સુરક્ષા અને સ્થિરતા સામે ખતરારૂપ

**અબતક, રાજકોટ**

નકલી નોટોનો કારોબાર એ માત્ર આર્થિક ગુનો નથી, પરંતુ દેશની આર્થિક સુરક્ષા અને સ્થિરતા સામે મોટો ખતરો છે. કોંગ્રેસ દ્વારા રજૂ કરવામાં આવેલા તાજેતરના આંકડાઓ મુજબ, ગુજરાત આ ગેરકાયદે પ્રવૃત્તિનું મુખ્ય કેન્દ્ર બની રહ્યું હોય તેવું જણાય છે.ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનીષ દોશીએ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા જણાવ્યું છે કે, ભાજપ શાસનમાં ગુજરાત નકલી ચલણી નોટોનું હબ બની ગયું છે. કેન્દ્ર સરકારે ૨૦૧૬માં નોટબંધી વખતે કરેલા દાવાઓ કે નકલી નોટોનો કારોબાર બંધ થશે,છેલ્લા દાયકામાં ગુજરાતમાં નકલી નોટોનો ગેરકાયદે કારોબાર અનેકગણો વધ્યો છે. છેલ્લા ૧૦ વર્ષમાં ગુજરાતમાંથી ૧૭૬.૪૨ કરોડની ૩૨,૭૩,૧૪૧ જેટલી માતબર નકલી ચલણી નોટો ઝડપાઈ છે. વર્ષ ૨૦૨૨માં તો રેકોર્ડબ્રેક 30 લાખથી વધુ નકલી નોટો પકડાઈ હતી, જેનું મૂલ્ય ૧૫૦ કરોડ રૂપિયા હતું. દેશભરમાં પકડાતી નકલી નોટોમાં ગુજરાતનો હિસ્સો રાષ્ટ્રીય સ્તરે સૌથી વધુ રહ્યો છે છે. એક તરફ ગુજરાતમાં કરોડો રૂપિયાનું ડ્રગ્સ પકડાય છે, ઝેરી દારૂ વેચાય

(અનુ. આઠમા પાને)

# સાયબર ફ્રોડના કિસ્સામાં 'ગોલ્ડન અવર' અત્યંત મહત્વપૂર્ણ: ૫૦% કેસોમાં રિકવરી

### રાજ્યમાં છેલ્લા એક મહિનામાં નોંધાયેલ ૧૨૧ કરોડના ઓનલાઈન ફ્રોડમાં પોલીસને તાત્કાલિક જાણ કરાતા ૬૧ કરોડની રકમ પરત મેળવવામાં સફળતા

**અબતક, રાજકોટ**

ગુજરાતના સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સે ઓનલાઈન નાણાકીય છેતરપિંડી સામે લડવામાં નોંધપાત્ર સફળતા મેળવી છે. આંકડા સૂચવે છે કે, છેલ્લા મહિનામાં ૧૯૩૦ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન પર નોંધાયેલા કેસોમાં લગભગ ૫૦% રકમ રીકવર કરવામાં આવી છે. છેલ્લા માસમાં સાયબર ફ્રોડના કેસોમાં ૧૨૧ કરોડ રૂપિયાની ઉચાપત કરવામાં આવી હતી. જે પૈકી રૂ.૬૧ કરોડની રકમ મેળવવામાં સફળતા મળી હતી.



છેલ્લા બે દિવસના ડેટાએ સમયસર પ્રતિભાવની અસરકારકતા પર પ્રકાશ પાડ્યો હતો. રવિવારે, ૧૯૩૦ હેલ્પલાઈને ૧,૪૭૫ કોલ મળ્યા હતા. જેમાં ૬૮૫ નાણાકીય સાયબર છેતરપિંડી સંબંધિત હતા. તે દિવસે કુલ ૧.૫૭ કરોડ રૂપિયાની છેતરપિંડીની રકમ સફળતાપૂર્વક પરત મેળવવામાં આવી હતી.

સોમવારે, હેલ્પલાઈનને ૨,૩૭૪ કોલ મળ્યા હતા. જેમાં ૧,૧૧૫ નાણાકીય છેતરપિંડી સંબંધિત હતા. જેમાં રૂ.૧૦.૫૪ કરોડ રૂપિયાની છેતરપિંડીમાંથી અધિકારીઓની ત્વરીત કાર્યવાહી કરી આશરે રૂ. ૯.૦૪ કરોડ એટલે કે ૮૫% રકમ પરત મેળવવામાં આવી હતી.

૨૯ ડિસેમ્બરના રોજ નોંધાયેલા ડિજિટલ અરેસ્ટકેસમાં તાત્કાલિક પ્રતિભાવને કારણે અધિકારીઓએ ૭.૧૨ કરોડ રૂપિયામાંથી ૭.૧૧ કરોડ રૂપિયા પરતમેળવ્યા હતા. સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સે નાગરિકોને સાયબર છેતરપિંડી અંગે તાત્કાલિક ૧૯૩૦ હેલ્પલાઈનનો સંપર્ક કરવા વિનંતી કરી છે અને ભાર મૂક્યો છે કે 'ગોલ્ડન અવર' દરમિયાન ઝડપી રિપોર્ટિંગ ભંડોળ વસૂલાતની શક્યતાઓમાં નોંધપાત્ર વધારો કરે છે.

### ચાર બજ ગયે લેકિન પાર્ટી અભી બાકી હૈ

# આજે થર્ટી ફર્સ્ટનો જલવો, કાલથી અંગ્રેજીઓનું નવું વર્ષ

### રાતે બારના ટકોરે નાચગાન, કેક કટીંગ, ખાણી-પીણી ઉપરાંત પ્રવાસ પર્યટન કરીને પરંપરાગત રીતે નવા વર્ષની ધમાકેદાર ઉજવણી કરવામાં આવશે

**અબતક, રાજકોટ**

અંગ્રેજી કેલેન્ડરના અંતિમ માસ ડિસેમ્બરની અંતિમ તા.૩૧ ડિસેમ્બરની રાતે એટલે કે આજે સૌરાષ્ટ્ર સહિત દેશભરમાં ઠેર-ઠેર યુવાનો દ્વારા નાચગાન, કેક કટીંગ, ખાણી-પીણી ઉપરાંત પ્રવાસ પર્યટન કરીને પરંપરાગત રીતે ધમાકેદાર ઉજવણી કરવામાં આવશે. આ નિમીત્તે રાજકોટ શહેર ઉપરાંત સૌરાષ્ટ્રમાં આવેલ હોટલ, ગાર્ડન રેસ્ટોરન્ટ, ફાર્મ હાઉસ, કોમ્યુનિટિ હોલમાં પરિવારજનો અને સમવયસ્ક મિત્રવર્તુળ સાથે યુવાનો મોટી સંખ્યામાં જશ્ન મનાવવા માટે ઉત્સાહભેર ઉમટી પડશે.

રાજકોટ શહેર અને જિલ્લાના યુવાનો ૨૦૨૫ના વર્ષના અંતિમ દિવસ ૩૧ ડિસેમ્બરને વિદાયમાન આપવા માટે તેમજ ૨૦૨૬ ના વર્ષને હરખભેર આવકારવા માટે પ્રવર્તમાન કમ્મરતોડ મોંઘવારીને વિસરી જઈને પણ ભારે ઉત્સુક જણાઈ રહ્યા છે. એક બાજુ અંગ્રેજી માધ્યમની કેટલીક શૈક્ષણિક સંસ્થાઓમાં નાતાલના મહાપર્વને અનુલક્ષીને ગત તા.૨૫ ડિસેમ્બરથી પડેલા મિની વેકેશન અંતગર્ત અસંખ્ય પરિવારજનો, સ્વજનો તેમજ સમવયસ્ક મિત્ર વર્તુળ સાથે પ્રવાસ પર્યટને જવા નિકળી ગયા છે. નાતાલના મિની વેકેશનની મોજ માણવા માટે દ્વારકા, સોમનાથ, સ્ટેચ્યુ ઓફ યુનિટિ, ડાકોર, અંબાજી, મોઢેરા, બહુચરાજી, શિરડી, મહાકાલ(ઉજજૈન),શ્રીનાથદ્વારા સહિતના નામી અનામી ઐતિહાસિક અને ધાર્મિક સ્થળોએ સહેલાણીઓનો પ્રવાહ અવિરતપણે વધી રહ્યો છે. વર્ષ દરમિયાનના અનેક ખટ્ટમીઠા, યાદગાર અને અવિસ્મરણીય સંભારણાઓ ઉપરાંત અનેક સારા નરસા બોધપાઠ સાથે આજે રાત્રીના ૧૨ ના ટકોરે ૨૦૨૫ નું વર્ષ વિદાય લેશે. નૂતન વર્ષે અસંખ્ય નવીનતમ આશા, ઉમ્મીદો, અપેક્ષાઓ અને નવા ઉમંગ સાથે કાલે ૨૦૨૬ના વર્ષનો પ્રથમ સૂર્યોદય થશે. સાંજથી

(અનુ. આઠમા પાને)

## સૂર્ય નમસ્કારની ઊર્જા લઈ નવા વર્ષની શરૂઆત કરશે યુવા ધન

### જે નાગરિકો કાર્યક્રમમાં જોડાશે, તેમને પ્રોત્સાહન રૂપે ડિજિટલ પ્રમાણપત્ર આપવામાં આવશે

નવું વર્ષ માત્ર તારીખ બદલાવાનો ઉત્સવ નથી, પરંતુ જીવનશૈલી સુધારવાનો અવસર પણ છે. આજના દોડધામભર્યા જીવનમાં યુવાનો માનસિક અને શારીરિક રીતે સક્ષ્મ બને તે હેતુથી વર્ષ ૨૦૨૬ના પ્રથમ સૂર્યોદયને નવી ઉર્જા અને સ્વાસ્થ્ય સાથે આવકારવા માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ એક અનોખી પહેલ કરવા જઈ રહ્યું છે. લાખો ગુજરાતીઓ એકસાથે સૂર્ય નમસ્કાર કરી 'સ્વસ્થ ગુજરાત'ના સંકલ્પ સાથે નવા વર્ષના શ્રીગણેશ કરશે. ૧ જાન્યુઆરીએ સવારે

(અનુ. આઠમા પાને)


રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
www.rnsb.bank.in (મલ્ટી-સ્ટેટ શેડ્યુલ્ડ બેંક)



૭.૮૫% થી
કાર લોન
• પ્રિ-ક્લોઝર / પાર્ટ પેમેન્ટ ચાર્જ નહીં
• લોનનો સમયગાળો મહત્તમ ૭ વર્ષ
ફિક્સ વ્યાજદર
• ૧૦૦% સુધી ધિરાણ સુવિધા • EV કાર માટે વિશેષ ઓફર
• ડૉક્ટર, CA, CS, સરકારી કર્મચારીને વિશેષ લાભ
સંપર્ક : 95707 80707
નાના માણસની મોટી બેંક સહકારથી સમૃદ્ધિ